
# મૉલ ભરેલું ખેતર

(કવિ રાવજીનું જીવનચિત્ર)

મણિલાલ હ. પટેલ



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 12

શ્રીમતી હીરાલક્ષ્મી નવનીતભાઈ શાહ ધન્ય ગુર્જરી પ્રકાશનશ્રેણી : 5

# મોલ ભરેલું ખેતર

## (સ્વ. કવિ રાવજી પટેલનું જીવનચરિત્ર)

લેખક

**મણિલાલ હ. પટેલ**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક
https://gujarativishwakosh.org/ebooks

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
અમદાવાદ

**પટેલ, મણિલાલ હ.**
મોલ ભરેલું ખેતર / મણિલાલ હ. પટેલ
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન, 2018. પૃ. 6 + 114, સે.મી. 21 x 14.
(શ્રીમતી હીરાલક્ષ્મી નવનીતભાઈ શાહ ધન્ય ગુર્જરી પ્રકાશનશ્રેણી : 5)

ISBN : 978-93-83975-73-0
DDC : 928.91471
Mol Bharelun Khetar
(Life Sketch of Kavi Ravji Patel)
by Manilal H. Patel
Published by Gujarat Vishvakosh Trust
Ahmedabad - 380 013

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

મુખપૃષ્ઠ : કનુ પટેલ

**પ્રકાશક**
**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ,** રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-380 013. ફોન : 2755 1703
Email : vishvakoshad1@gmail.com * website : www.vishwakosh.org
કિંમત : * 110 * પહેલી આવૃત્તિ : 2018 * પૃષ્ઠસંખ્યા : 6 + 114
*
**મુદ્રક**
**અજય ઑફસેટ,** 12/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004
*
**મુખ્ય વિક્રેતા**
**ગૂર્જર સાહિત્ય ભવન,** રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001
*
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

## પ્રકાશકીય

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ગુજરાતી વિશ્વકોશ અને અન્ય કોશોની રચનાની સાથોસાથ જુદી જુદી શ્રેણીઓ દ્વારા ગ્રંથ પ્રકાશન કરે છે. સામાન્ય રીતે પ્રકાશકો જે પુસ્તકો પ્રગટ કરતા ન હોય તેવાં ભાષા, સાહિત્ય, સંશોધન અને જ્ઞાન--વિજ્ઞાનના વિષયોને અનુલક્ષીને આ પુસ્તકો પ્રગટ થાય છે. એમાં એ વિષયના તજ્જ્ઞો દ્વારા એ વિષયની સર્વગ્રાહી અને તલસ્પર્શી માહિતી આપવામાં આવે છે. શ્રી ચી. ના. પટેલ, ડૉ. ધીરુભાઈ ઠાકર, શ્રી પી. સી. પટેલ, શ્રી કનુભાઈ જાની, શ્રી જે. ડી. તલાટી જેવા જુદા જુદા વિષયોના નિષ્ણાતોએ આ પુસ્તકો લખ્યાં છે અને અત્યાર સુધીમાં ટ્રસ્ટ દ્વારા 90 જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. આ પુસ્તક ગુજરાત વિશ્વકોશભવનમાં છેલ્લાં 11 વર્ષથી કાર્યરત 'ધન્ય ગૂર્જરી કેન્દ્ર' દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. આ કેન્દ્રને માટે આશાપુરા ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રીઝના ચૅરમૅન શ્રી નવનીતભાઈ શાહનો સહયોગ સાંપડ્યો છે અને તેમનાં ધર્મપત્ની હીરાલક્ષ્મી શાહની પુણ્યસ્મૃતિમાં ગુજરાતના સંવર્ધન-સંરક્ષણના હેતુથી વિશ્વકોશ ભવનમાં 'ધન્ય ગૂર્જરી કેન્દ્ર' સ્થાપવામાં આવ્યું છે. અમે શ્રી નવનીતભાઈ શાહ અને શ્રીમતી હીરાલક્ષ્મી શાહની પુણ્યસ્મૃતિને વંદન કરીએ છીએ.

આ કેન્દ્ર દ્વારા ગુજરાતના વિવિધ વિષયો ઉપર તજ્જ્ઞો મારફતે ગુજરાતની ભૂગોળ, ઇતિહાસ, સંસ્કૃતિ, સ્થાપત્ય અને ઉદ્યોગો વિશે પ્રમાણભૂત માહિતી ધરાવતા ગ્રંથો તૈયાર કરવામાં આવે છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે આ કેન્દ્ર અંતર્ગત પ્રગટ કરેલો 'ગુજરાત' ગ્રંથ અભ્યાસીઓ, જિજ્ઞાસુઓ અને સહુ કોઈની ચાહના પામ્યો છે. આમાં કૃષિ, અર્થતંત્ર, રાજવહીવટ, વાહનવ્યવહાર,

શિક્ષણ, સાહિત્ય, કલા, સંસ્કૃતિ, વિજ્ઞાન વગેરે તમામ ક્ષેત્રોને લગતી માહિતીની ચકાસણી કરીને અદ્યતન ઓપ આપવા પ્રયત્ન કર્યો છે. એ પછી બિનગુજરાતીઓ માટે અંગ્રેજીમાં આ ગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો ત્યારબાદ આ કેન્દ્ર દ્વારા વર્તમાન વિશ્વના સહુથી મહત્વના વિષય પર્યાવરણ ઉપર ગ્રંથ પ્રગટ થયો. આમાં પર્યાવરણ વિશેની બને તેટલી સરળ પ્રમાણભૂત માહિતી એકત્ર કરવામાં આવી. એ પછી ગુજરાતમાં થયેલા ઔદ્યોગિક વિકાસને આલેખતું એના ઊંડા અભ્યાસી જિગીષ દેરાસરીનું પુસ્તક ‘ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ’ પ્રગટ થયું. એમાં એમણે જુદી જુદી સંસ્થાઓ અને સ્થળોએ જઈને માહિતીનું એકત્રીકરણ કર્યું છે.

ગુજરાતી ભાષાના ગુજરાતી સાહિત્યમાં કવિ અને વિવેચક તરીકે આગવું સ્થાન ધરાવતા શ્રી મણિલાલ હ. પટેલે ‘મોલ ભરેલું ખેતર’ (સ્વ. કવિ રાવજી પટેલનું જીવનચરિત્ર) પુસ્તકમાં કવિશ્રી મણિલાલ દેસાઈના જીવન અને એમની કવિતા વિશે ઘણું સંશોધન કરીને આ પુસ્તકની રચના કરી છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનોને હંમેશાં વિશેષ આવકાર મળ્યો છે. આ પુસ્તકને પણ એવો ઉષ્માભર્યો આવકાર મળશે એવી અમને શ્રદ્ધા છે.

10 જાન્યુઆરી, 2018 — કુમારપાળ દેસાઈ

# અનુક્રમ


| | | |
|---|---|---|
| 1. | સૌને વ્હાલો રાવજી | 8 |
| 2. | રાવજીનું ઘર–કુટુંબ | 13 |
| 3. | વલ્લવપુરા અને રાવજી | 19 |
| 4. | શિક્ષણ અને સંઘર્ષ | 24 |
| 5. | સરહદો ઓળંગી જતું દર્દ | 30 |
| 6. | પારદર્શક રાવજી | 37 |
| 7. | મોલ ભરેલું ખેતર | 43 |
| 8. | સર્જક રાવજી પટેલ | 48 |
| * | પરિશિષ્ટ | 70 |
| | 1. રાવજીની પ્રથમ નવલકથા ‘અશ્રુઘર’નું પ્રકરણ (6) | 70 |
| | 2. ‘ઝંઝા’નો અંશ | 82 |
| | 3. રાવજીની અધૂરી નવલકથા ‘વૃત્તિ’ : પ્રકરણ 3 | 92 |
| | 4. રાવજીની એક વાર્તા સૈનિકનાં બાળકો | 100 |
| | 5. રાવજીના પત્રો | 108 |
| | 2. કવિશ્રી ‘સ્નેહરશ્મિ’ પર બે પત્રો | 109 |

**આભાર**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ : ડૉ. કુમારપાળ દેસાઈ

શ્રી કે. બી. શાહ (ડાકોર) : રમણ પટેલ (વલ્લવપુરા)

કનુ પટેલ (વલ્લભવિદ્યાનગર) : સ્વ. મફત ઓઝા

સાહિત્ય-વર્તુળ (ડાકોર) : સુભાષ શાહ

# 1
# સૌને વ્હાલો રાવજી

## ॥ એક બપોરે ॥

મારા ખેતરને શેઢેથી
'લ્યા, ઊડી ગઈ સારસી !
મા,
ઢોચકીમાં છાશ પાછી રેડી દે.
રોટલાને બાંધી દે.
આ ચલમની તમાકુમાં કસ નથી,
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગની.
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય,
અલે એઈ
બળદને હળે હવે જોતરીશ નંઈ...
મારા ખેતરને શેઢેથી –

ખેડૂતની કન્યા (દીકરી) જેવી કુંવારી ભાષામાં રચાયેલી રાવજી પટેલની આ કાવ્યરચના દશ ચોપડી ભણેલું બધું લોક જાણે છે. ઘણાંને મોઢે છે આ કાવ્ય ! એની ભાષામાં બધા જ શબ્દો અસલ તળના છે; કૃષિસંસ્કૃતિના છે.

રાવજીનું ગીત – 'આભાસી મૃત્યુનું ગીત' – ખાસ્સું લોકપ્રિય છે. નવોદિતો ને વિદ્વાનો, સર્જકોને એકસરખું પ્રિય છે આ ગીત. ગુજરાતીનાં ઉત્તમ દશ જ ગીતો પસંદ કરવાનાં હોય તો પણ ઉક્ત ગીત તો અગ્રેસર જ હોવાનું. લગ્નગીતના લયમાં રચાયેલું, મૃત્યુને/કરુણને આલેખતું આ ગીત રાવજીના સર્જકકર્મનો

પર્યાય બની બેઠેલું છે -

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મારી વેલ્ય શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પ્હેરીને ઊભા શ્વાસ !
પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ !
મને રોકે પંછાયો એક ચોકમાં;
અડધા બોલે ઝાલ્યો, અડધો ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

આવી વિશિષ્ટ કવિતાનો રચનાર કવિ રાવજી પટેલ, ગુજરાતી કવિતાનો વિરલ અને નિજી મુદ્રાનો નોખો કવિ મરણનાં પચાસ વર્ષ (2018) પછી પણ એટલો જ પ્રસ્તુત અને લોકપ્રિય છે – મૂર્ધન્ય કવિઓ ઘડીક વિસારે પડ્યા હશે પણ રાવજી તો નહીં જ ! એના સમગ્ર જીવનચિત્રને આલેખતાં પહેલાં આરંભે એની એક જીવનછબિ થોડાક શબ્દોમાં મૂકી દેવાથી ભાવકનું કુતૂહલ વધુ ખીલશે...કે ઓહ ! આ તો વેદનાનો કવિ છે ને એણે તો કથાવાર્તાય લખ્યાં છે, અરે ! સિદ્ધ કર્યાં છે ને એ પોતે તો કૉલેજનુંય પૂરું ભણી શક્યો ન્હોતો, ને આજે એના સર્જનને બધાં ભણે-ભણાવે ને એ વિશે લખતાં રહે છે – તો વાત ખાસ્સી રસપ્રદ તથા મૂલ્યવાન હોવી જોઈએ.

કવિ રાવજી પટેલ (જન્મ – 1939, મૃત્યુ 1968) કાચી વયે ગુજરી ગયેલો ગુજરાતીનો વિલક્ષણ સર્જક. તીર્થધામ ડાકોર પાસેના વલ્લવપુરા ગામમાં જન્મ્યો, ઊછર્યો. ત્યાં જ પાદર સીમ ખેતરોમાં રમતાં-ભણતાં શૈશવ-કિશોરાવસ્થા વિતાવે છે. 5થી 8 ધોરણ ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલમાં ભણતો ત્યારથી જ કવિતાનો નેડો લાગેલો. આગળ (9 માથી મૅટ્રિક-નું) ભણવા અમદાવાદ ગયેલો કેમ કે ભણવા કરતાં – ગરીબ ઘર માટે, મોટા દીકરાની રુએ – કમાવાની વધુ જરૂર હતી. ગામસીમ છૂટ્યાં-ની તીવ્ર સંવેદના એને નગરમાં અજંપ કરે છે ને કવિતા કથાવાર્તા લખવા ફરજ પાડે છે. ક્ષયનું દર્દ, આર્થિક સંકડામણો, અસ્થાયી નોકરી વચ્ચે કૉલેજનું ભણતર

અડધેથી છૂટી ગયેલું. સેનેટોરિયમોમાં કવિતા - નવલકથા - વાર્તા લખતો રહ્યો – કેમ કે વેદનાનો એ જ એક ઉપચાર હતો. પોતાના દર્દની દવા માટેય એણે જ કમાવાનું રહેલું. ગોપજીવન - નગરજીવન, પૈસા-પ્રેમ-લાગણીના અભાવો, પ્રણયઝંખા અને મૃત્યુનો સાવ ઢૂકડો ને તીવ્ર અનુભવ : આ બધું એનાં સર્જનોમાં સુપેરે પ્રગટ્યું છે. આધુનિકોનેય પ્રભાવિત કરે એવું કવિતા-કથા જેવું જીવતર જીવ્યો છે રાવજી ! સૌને વ્હાલો રાવજી !

રાવજીની સર્જકતાને વિશેષ રૂપે ઓળખાવતી અને માત્ર કૃષિકાર કવિ કે ખેડૂતપુત્ર જ લખી શકે એવી એની ઘણી કવિતાઓમાંથી એક ‘શિરમોડ’ કવિતા વાંચીને પછી એના જીવનમાં ડોકિયું કરીશું –

## ॥ વરસાદી રાતે ॥

ઈશાની પવન
મારા છાપરાના નળિયાને ઊંચું-નીચું કર્યા કરે.
નળિયાંની નીચે મારી ઊંઘ પણ પીંછાં જેવી
આઘીપાછી થયા કરે.
નાનો ભાઈ બચ બચ ધાવે,
બચકારે બચકારે અંધારાનો મોલ હલે.
સ્હેજ વળી ફણગાની જેમ કૂણું કણસીને
બચ બચ પીધા કરે માયાળુ ખેતર.
મારી કીકીઓમાં કણસલાં હલ્યા કરે
એની પર પંખીઓનાં પીંછાં સ્હેજ ફરફરે.
આખો દહાડો ઢેફાઈ કૂટાઈ –
મા
પંજેઠીની જેમ લૂસ ખાટલામાં પડી રહી.
મારા બાવડામાં દિવસ, બળદ, હળ
બારે મેઘ પોઢ્યાં
અને
નળિયાંની નીચે મારી ઊંઘ

પીંછાં જેવી આઘીપાછી થયા કરે...

કૃષિકારનું સંવેદનવિશ્વ અને કૃષિકારની ભાષા અહીં નૂતન ભાવવિશ્વ રચે છે. કવિનો શબ્દવિન્યાસ અનેક સંકુલ સંદર્ભોને વ્યંજિત કરે છે.

રાવજીનું વતનગામ ડાકોર પાસેનું વલ્લવપુરા. સૂઈગામ, હેરંજ, થામણા, ઘોરા, પરવટા, અલીણા જેવાં આસપાસનાં ગામો તે જાણીતાં ગામો. થામણા તો બબલભાઈ મહેતાની કર્મભૂમિ લેખે પણ સુખ્યાત અને પૈસાદાર પાટીદારોનું ગામ. પણ ખોબા જેવડું વલ્લવપુરા તો એક નજરમાં જ સમાઈ જાય એવડું. ત્યારે તો બધાં જ ગાર-માટીનાં ને નળિયાંવાળાં ઘર. ગામ ગરીબ. આજે પણ બેચાર ઘર પાકાં જોવા મળે. ગામનું પાદર મોટા તળાવથી શોભીતું લાગે. સમ ખાવા એક દેરી કાળકા મા અને હનુમાનજીની; એ જ રક્ષા કરે ગામની. હવે દૂધની ડેરી પણ ત્યાં જ છે. આજેય ગામમાં સગવડ જેવું ખાસ કાંઈ ન મળે ! બે પાંચ વીઘાં જમીન ખેડી - વાવી ઘર ચલાવતા મહેનતુ લોકો. મૂંગી ને આછીઓછી અવરજવર. જાણે નીરવતાનો કાયમી મુકામ. ગામમાં પચરંગી વસતિ. પટેલનાં તો ત્રણ-ચાર ઘર, ને તેય રાવજીના કાકા તથા ભાઈનાં; બસ. ઠાકોર-રાજપૂત-સોઢા-પરમાર-ચૌહાણ-ડાભી-પ્રજાપતિનાં બબ્બે ત્રણ ત્રણ ઘર. વાળંદ-સુથાર-હરિજનનાં તો માંડ એકબે ઘર છે. એમને બીજે ગામથી બોલાવીને વસાવેલા. બધા જ લોકો ખેતી-મજૂરી-પશુપાલન પર નભે છે. નોકરી કરનારા બેપાંચ મળે ખરા.

વલ્લવપુરાથી ડાકોર દસેક કિલોમીટર થાય, એ મોટું તીર્થધામ ગણાય પણ તાલુકો તો ઠાસરા લાગે. રાવજીના વખતમાં (1939થી 1968નાં વર્ષોમાં) તો વલ્લવપુરામાં સડક પણ ન્હોતી ને વીજળી દીવાય ન્હોતા. વલ્લવપુરા બધા જ અર્થમાં ભલુંભોળું નિર્દોષ ગામ હતું. કાળવું બીકાળવું એકલપેટું ભૂખાળવું શહેર વલ્લવપુરાને ડસ્યું ન્હોતું. આજેય વલ્લવપુરા હજી ‘શહેરી’ – ‘લ્હેરી’ થયું નથી. હવે સડક ને વીજળી પ્રવેશ્યાં છે ખરાં પણ સરસ્વતી અને લક્ષ્મીની મહેર આ મલક માથે થઈ નથી. પૂર્વોત્તર ચરોતરનો આ કૈંક કઠણ અને ઉપેક્ષિત વિસ્તાર છે. મહીસાગરની વણાકબોરી નહેરનો લાભ મુખ્ય ચરોતરને મળ્યો છે; આ ભાગને તો શેઢી નદીનું થોડું પાણી મળે તો મળે.. બાકી આભ સામે તાકવાનું ને વરસાદ વિના થાકવાનું. અહીંની જમીન પણ તળ ચરોતર જેટલી ફળદ્રૂપ નહિ. આસપાસ મોટા ઉદ્યોગધંધાવાળાં નગરો પણ નથી. હા, હવે આણંદ આસપાસ ઉદ્યોગનગર વિકસવાથી અને વલ્લભવિદ્યાનગર-નડિયાદ-ચાંગા જેવાં સ્થળોમાં ઉચ્ચ અભ્યાસ માટેની અનેક સંસ્થાઓ વિકસી હોવાથી ચરોતર વિશ્વમાં જાણીતું બન્યું છે. એમાં અમૂલ ડેરીનોય મોટો હિસ્સો છે. છતાં કહેવું જોઈએ કે

આ કવિગામ વલ્લવપુરા હજી ગરીબડું જ છે ! જીવનનો અસ્સલ ઉલ્લાસ પણ આ પ્રજામાં પરખાતો નથી.

આવી અભાવોની ભૂમિમાં રાવજી ઊછર્યો અને આ ભોમકાને એણે કવિતા કથામાં જીવતી કરી મૂકી ! જે ગરીબાઈ અને અગવડ-અભાવો જીવતરમાં બાધારૂપ બન્યાં તે રાવજીની કવિતાકથાનાં ઘડતર પરિબળો રૂપે કામ આવ્યાં છે. દુઃખદર્દ, વેદના, પીડા – કશું માગવાશોધવા જવું પડ્યું નથી... એ હાથવગી ને હૈયાવગી અભાવસૃષ્ટિએ રાવજીની શબ્દસૃષ્ટિને અત્યંત સમૃદ્ધ કરી આપી છે...રાવજીની સહજ કવિ-પ્રતિભાએ અનુભવોને કલામાં રૂપાંતરિત કરી આપ્યા છે. ઘરગામ સીમ વગડાના રોજિંદા સહવાસે રાવજીની ભીતરભૂમિને અનુભ-વોથી ભરી ભરી કરી દીધી હતી. તૃણથી તારાઓ સુધીની સૃષ્ટિએ સંવેદનશીલ રાવજીને પ્રત્યાઘાત આપી આપીને બરાબર પળોટ્યો હતો. માટે તો રાવજી ગ્રામચેતનાની–કૃષિજીવનની–ગોપજીવનની નવતર કવિતા લઈ આવ્યો....ને પંડે પીડાઓ વેઠી એમાંથી કથાવાર્તાઓ રચી આપી આપણને ન્યાલ કરી દીધા છે. એક કવિતા વાંચીએ –

મારું દુઃખ ચકલીઓ મૂંગી છે તે છે/
આગલી કવિતામાં / મારા જીવનનાં /
દશ વર્ષ રહી ગયાં, અને /
હું આંસુમાં, ઓગળી ગયેલી ચકલીઓ જેવો /
ફરીવાર થઈ ગયો / મારા હાથ /
બોબડાની જીભ જેવા
ભીંત પર હલ્યા કરતા પડછાયા જેવો /
ઘરમાં વસું / એના કરતાં
મંદિરનો ઘંટ હોત તોય સારું, /
કેટલાય કાનને હું જગાડત...

ઝાઝું ભણ્યા વિના ને કાવ્યશાસ્ત્રોને અડ્યા વિના આ કવિએ જે કથા, કવિતા, વાર્તા સરજ્યાં તે સાચ્ચે જ ચમત્કાર લાગે છે. ઘડીક પન્નાલાલ પટેલ તથા એમનું સર્જન યાદ આવી જાય છે. આવા સર્જન માટે જે તે ઘર-ગામ--પાદર-સીમ-વગડોય છાનાંમાનાં મદદ કરતાં હશે એમ માનવાનું મન થાય છે.

ꕥ

# 2
# રાવજીનું ઘર–કુટુંબ

ઘણા લોકોને ગામડું એટલે શું ? એની અસલ ખબર જ હોતી નથી. ઘણાં ગામ મોટાં અને સગવડવાળાં હોય છે. આજે તો ખરેખરું ગામડું શોધવું પડે એવાં પરિવર્તનો ગામડે પણ આવી ગયાં છે. ત્યારે તો ગામડામાં દીવાસળી પણ સગવડ ગણાતી ને એ મારા ગામમાંય (1960 સુધી) ન્હોતી. દેવતા ચૂલામાં છાણામાં ભારવેલો રહેતો.

રાવજીનું વલ્લવપુરા આજેય – ભલે વીજળી, સડક આવ્યાં હોય તોય – અસલ ગામડું છે. એ બેઠા ઘાટનાં, જાણે બેવડ વળી ગયાં ન હોય – ગરીબીના ભારથી – એવાં ઘર...! આડાંઅવળાં, શેરી–ફળિયાં વગરનાં ઘર...સાંકડાં, ઊબડ-ખાબડ ભીંતો–પડસાળો–આંગણાંવાળાં ઘર ! સાચ્ચે જ વલ્લવપુરા હજી અસલના વખતનું તળ ગામડું છે. જોવું ગમે પણ અગવડોમાં જેને ફાવે તેને જ રહેવું ફાવે એવું છે એ ગામ. રાવજીનો નાનો ભાઈ રમણ ત્યાં મોજથી રહે છે.. આખું ગામ જાણે રમણમાં સચવાયેલું લાગે. સાદગી, ભલાઈ, અભાવોની અસર કપડે–ચહેરે–બોલવે–ચાલવે પણ વર્તાઈ આવે. પણ કોઈ ફરિયાદ નહિ, કશી ઝાઝી અપેક્ષા પણ નહીં ! રમણ, રાવજીની વાત કરે એ સાંભળતાં ભીંજાઈ જવાય...એની આંખો સજળ થઈ જાય, શબ્દો પણ ભીના ભીના લાગે! ‘રાવજીભાઈ – રાવજીભાઈ !’ – એમ માનથી બોલતો જાય ને ભાવ છલકાતો જાય. રમણ બહુ ઓછું બોલે પણ એનો ચહેરો બધું કહી દેતો સંભળાય. આ વખતે રમણ સાથે બે કલાક બેસીને રાવજી વિશે ને કુટુંબ–સમાજ વિશે ઘણું જાણ્યું !

રાવજીના ગામની રાવજીએ કવિતામાં ઝીલી બતાવેલી ઝલક જોઈએ તો ખબર પડે કે ગામમાં પ્રાકૃતિક સંપદા કેવીક હોય ! દરેક ઘરના પાછલા વાડાથી જ સીમ ખેતર શરૂ થઈ જાય છે. અહીં ઘર ખેતર જુદાં નથી – સાથે સાથે બેઠાં છે – એકમેકમાં હરફર કરે છે. આ બે કાવ્યોમાં જોઈએ –

## ॥ ખેતર વચ્ચે ॥

તગતગ્યાં
બે દૂધ ભર્યાં ડૂંડાં લચેલાં સાવ પાસે !
રોમ પર એકાંત સરકે સીમનું.
હું શું કરું ?
ચોપાસ એની છોડ થઈ ઊગી ઊઠું ?
સૂકાં પડેલાં તૃણમાં રસ થઈ સરું ?
પંખી બનીને
આ લીલુંછમ લ્હેરતું આકાશ
પાંખોમાં ભરી ઊડું ?
રે શું કરું ?
અહીંથી ભાગી જાઉં હું ક્યાંક,
પણ તે જાઉં ક્યાં ?
મારા ભણી વાલોળનો વેલો સરી આવે !
વેલો નહીં – એ તો
પવનતડકો અને માટી
બધું ભેગું થઈને વેગથી –

ખેતર– નારી – સીમ – ઘર – વાડો બધાં એકાકાર થઈને કાવ્યનાયકમાં અ-પૂર્વ ઉન્માદ જગવે છે.

બીજી રચના પણ વાંચીએ –

## ॥ રમ્ય શાંતિ ॥

એક પંખીની પાંખ હલે ખેતર પર મંથર
પવન પણ જો પાળ ઉપર ગોવાળ સરીખો સ્તબ્ધ
ઘાસ અવલોકે !
વૃક્ષછાંયમાં બળદ ભળી જઈ
લુપ્તકાય વાગોળે...

જાગે સૂર્ય એકલો.
નજર પહોંચે ત્યાં લગી વિચારો જંપ્યા.
તળાવનું પોયણ જલ સ્વપ્નવધૂના
પેટ સરીખું હાલે !
પણે ચરાના શાંત ઘાસમાં સારસ જોડું
એકમેક પર ડોક પાથરી સૂતું.
ઉદગાર કાઢી ન શકું
એટલી રમ્ય શાંતિ
ઘડીભર આવી'તી...

આ બંને કાવ્યો એક ગ્રામીણ પરિસરને એની સમગ્ર ચેતના સાથે આલેખે છે. રાવજી પૂર્વે કે પછી ગ્રામચેતનાને આલેખતાં આવાં કાવ્યો આપણે કદી જોયાં-જાણ્યાં નથી. આ કાવ્યો વલ્લવપુરાની દેણ છે...ને રાવજી આવા ગામમાં જન્મેલો–ઊછરેલો ને એના જ વિયોગે નગરમાં ઝૂરેલો ... ! રાવજીની કવિતાથી–ને 'અશ્રુઘર' જેવી ઊર્મિકથાથી રાવજીના ગામને બાહ્યાંતર ઓળખી શકાય તો કોઈકથી ઓળખી શકાય...ને એ ગામની ઓળખાણે રાવજીના સમગ્ર સર્જનને ઉકેલી શકાય !

રાવજીનો જન્મ તા. 15–11–1939ના રોજ મોસાળ ગામ ભાટપુરામાં (તા. ઠાસરા) થયો હતો. ત્યારે ઘણી જ્ઞાતિઓમાં વહુની પહેલી સુવાવડ પિયરમાં કરવાનો વણલખ્યો રિવાજ હતો. સાસરીમાં સીમંત પ્રસંગ કરીને, પિયરિયાં બહેન-દીકરીને, સાસરીમાંથી સાતમે મહિને તેડી જતાં. ઘણીવાર પિયરિયાં બીજી સુવાવડ પણ કરતાં – જેવી જેની સ્થિતિ. સરદાર વલ્લભભાઈ પણ મોસાળ નડિયાદમાં જન્મેલા. જોકે તળ ચરોતર– (આણંદ–બોરસદ–પેટલાદ–નડિયાદ)ની સમૃદ્ધિ ડાકોર, ઉમરેઠ, ઠાસરાનાં ઘણાં ગામોમાં ન્હોતી ! વલ્લવપુ-રા–ભાટપુરા પ્રમાણમાં ગરીબ હતાં.

રાવજીનાં બાનું નામ ચંચળબા. બેઠી દડીનાં, ભીનેવાન, મજબૂત બાંધાનાં, હસમુખાં ને હેતાળ હતાં. પિતાજી છોટાલાલ જીવાભાઈ રણછોડભાઈ પટેલ. ઊજળા, શરીર સૂકું, સ્વભાવે આકરા, જિદ્દી પણ મહેનતુ ને સદગૃહસ્થ ! અભાવોને આંતરવા ખેતી ઉપરાંત તમ્બાકુનો વેપાર પણ કરી લેતા. મૂળે થામણાથી જીવા રણછોડ તથા શના રણછોડ ને બાપુજી રણછોડ : ત્રણે ભાઈઓ જમીન મળતી હતી એટલે આ પટેલની વસતિ વગરના ગામમાં આવી વસેલા.

આજે પણ એમનાં કુટુંબ ઘર સિવાય વલ્લવપુરામાં પટેલો નથી વસેલા. જીવા રણ-છોડને એક જ દીકરો છોટાલાલ, જે રાવજીના પિતાજી હતા. બાપુજી રણછોડને પણ એક દીકરો જે ફુલાભાઈ બાપુજી ! પણ શના રણછોડને ચાર દીકરા હતા.

ચતુર શનાભાઈ પટેલ

વાઘજી શનાભાઈ પટેલ

ડાહ્યાભાઈ શનાભાઈ પટેલ

મણિભાઈ શનાભાઈ પટેલ

આ બધામાં ચતુરભાઈ – રાવજીના કાકા (બે પેઢી દૂરના) – અમદા-વાદ પોલીસ ખાતામાં હતા. શરૂમાં પોલીસમૅન હતા પણ ડી.આઈ.જી.ના હોદ્દે પહોંચીને નિવૃત્ત થયેલા. 'રાવજી કવિતા લખે છે – ને ભણવામાં હોશિયાર છે – એ સાથે છોટાલાલને કમાનારની જરૂર છે –' એવું બધું વિચારીને ચતુરકાકા રાવજીને ભણાવવા અને સાથે નોકરી કરાવવા વાસ્તે અમદાવાદ લઈ ગયેલા ને શરૂનાં વર્ષોમાં એમની સાથે રાવજીને રાખેલો...ને એકબે વર્ષ બાદ મિલમાં બદલીઓ ભરવા મોકલીને ચાર પૈસા કમાતો પણ કરેલો.

છોટાલાલ અને ચંચળબાનો પરિવાર આ પ્રમાણે હતો –

રાવજી (15–11–1939) પ્રથમ સંતાન.

રમણ (1–6–1942) આજે હયાત છે.

શાંતાબહેન (2013માં ગુજરી ગયાં)

મનુભાઈ (અકાળે પાંત્રીસની ઉંમરે ગુજરી ગયેલો)

અરવિંદ (અકાળે સાડત્રીસની ઉંમરે ગુજરી ગયેલો)

કૈલાશબહેન (હયાત છે : સાસરી મંજીપુરા)

ચીમન (ચાર વર્ષની વયે જ ગુજરી ગયેલો)

રાવજી અને રમણ બંને ભાઈઓ કંડારી (કરજણ) ગામે બે સગી બહેનોને પરણેલા. રાવજીનાં પત્નીનું નામ મહાલક્ષ્મી ને રમણનાં પત્ની તે મંજુલાબહેન ! જે એકલાં આજે હયાત છે. શાંતાબહેન અને કૈલાશબહેન બંને ઠાસરા તાબેના મંજીપુરા ગામે પરણાવેલાં. શાંતાબહેન 2013માં દેવલોક પામ્યાં હતાં. જ્યારે એ બનેવી હમણાં 20 સપ્ટેમ્બર, 2017ના રોજ દેવલોક પામ્યા. કૈલાશબહેનના પતિને ગુજરી ગયે દાયકો થયો હશે. મનુભાઈને વાઘોડિયા તાલુકાના કોઈ ગામે પરણાવેલો, જેના છૂટાછેડા થયા હતા. મનુએ ટૂંકી માંદગીમાં દેહ છોડેલો. અરવિંદને છેક વલસાડ જિલ્લાના ડુંગરી ગામે પરણાવેલો. કોળી પટેલે કન્યા

આપેલી. એ વહુ થોડો સમય વલ્લવપુરા રહી અને પછી એકલવાયા બાપની સેવા કરવા સારુ ડુંગરી ગયાં તે ગયાં... કદી પાછાં આવ્યાં જ નહિ.

પાંચ ભાઈઓ અને બે બહેનો – છોટાલાલનાં સાત સંતાનો ! એમાંથી આજે (2017 ડિસેમ્બરમાં) રમણભાઈ તથા કૈલાશબહેન બે જ હયાત છે. છોટાલાલ પાસે ખાસ્સી છ એકર જમીન હતી. પણ વરસાદે પાકે તેટલું જ મળતું. બંને દીકરીઓને પરણાવવાની થઈ ત્યારે છોટાલાલે અડધી જમીન લખાવટ કરીને ગીરો મૂકેલી. રાવજીનું એ સપનું હતું કે પોતે કમાશે અને ગીરો મૂકેલી જમીન છોડાવશે ! ખેડૂતના દીકરાને જમીન ગીરો મૂકવી પડે કે વેચવી પડે એ તો માથાવાઢ જ લાગે, પણ રાવજી એ જમીન છોડાવવા સારુ કમાય એ પહેલાં જ એ પારાવાર યાતનાઓ હસતે મોઢે વેઠીને દેવને વ્હાલો થઈ જાય છે. (10–8–1968). રમણ દુઃખતે અવાજે કહે છે કે : 'મણિભાઈ! બે વીઘાં જમીન મેં હમણાં વેચી...' રમણે દીકરાઓને થાળે પાડવા હજીય મથવું પડે છે. રમણને બે દીકરા છે : 1. શૈલેશ અને 2. નિમેષ. બંને ખેતી સાથે છૂટક નોકરી કરે છે. બંને પરણ્યા છે ને બંનેને ત્યાં દીકરો–દીકરીનો ઊજળો વસ્તાર છે. ત્રણે પેઢીનાં દુઃખસુખનો એકમાત્ર સાક્ષી રમણભાઈ રહ્યો છે. વખતે એને બહુ તાવ્યો-તપાવ્યો છે.

રમણ ભીના અવાજે કહે છે કે : 'હું હજી રાવજીને મારી ભીતર તથા સીમખેતરમાં, ઘરમાં પણ અનુભવું છું. અલબત્ત એ ઘર તો હવે પડી ગયું છે... પણ મારામાં તો એ ઘરમાં હરતોફરતો, લખતો-વાંચતો રાવજી – એ ઘર સમેત જીવંત જ છે.' મને આ ક્ષણે રાવજીનું એક વિલક્ષણ કાવ્ય ટાંકવાનું મન થાય છે :

**|| કાવ્ય ||**

સ્નાન કર્યા પછી /મેં લીલાછમ બીડની વાસથી/
અંગ લૂછ્યું./ સિસોટી મારી કે / બારીમાંથી/
ઠેકી આવી / ગાયો/ શિંગડીઓ પર સવારનો
કૂણો સૂર્ય લઈને/ ઠેકી આવી/ ભેંસો / ડિલ પર
માછલીની ગંધવાળું તળાવ ઓઢીને, /
ઠેકી આવી / બકરીઓ / ઢેફાળી સીમ, નિર્જન
રસ્તા, સૂના ચરા, એક મોરનું પીંછું, / આંખમાં
ભરી./ ઠેકી આવ્યો / હું / ઘરમાં ઘૂમરાતો વંટોળ.

ઘર–ગામ–સીમ રાવજીને કેવાં તો આત્મસાત હતાં એ આ કવિતા બરોબર ચીંધી બતાવે છે. સીમખેતર અને એ પશુપંખીનું જગત રાવજી માટે પ્રિયજનો – સ્વજનો હતાં. મજબૂરી વશ સ્વજનોએ એની ઉપેક્ષા કરી હશે  કરવી પડી હશે, પણ રાવજીએ તો કદી કોઈને કશો ઉપાલંભ નથી આપ્યો. એની કથા વાર્તાનાં પાત્રોમાં કેટલાક અભાવગત વ્યવહારોનો પડઘો સંભળાય છે ખરો; દા. ત., ‘અશ્રુઘર’ના સત્યમાં એ પીડા પડઘાઈ છે ખરી.  પરંતુ રાવજી તો સદા મળતો ભળતો રહ્યો હતો. ઘરમાં સાચ્ચે જ એ વંટોળની જેમ ધસી આવતો ને સૌને રમતિયાળ અડી લેતો.

# 3
# વલ્લવપુરા અને રાવજી

## || ભાઈ ||

બપોરી વેળાનું હરિતવરણું ખેતર ચડ્યું
વિચારે એવું કે લસલસ થતો  મોલ સઘળો;
અને આ કોસે તો બસ હદ કરી : આંખ મળતાં
ઉલેચ્યાં પાતાળો પુનરપિ, હવે તે ટપકતો
રહ્યો ભીંતે, બેઠું બિહગ જઈ ત્યાં સીમ નીરખી
કરે છે ગીતોનું સ્મરણ. કરું હું કાન સરવા.
ચડ્યો ઝોકે એવો બળદ પણ, બીજો મુજ સમો
રહ્યો આ વાગોળી. લચકઈ પડ્યાં લોચન મહીં
પછી તો ડૂંડાંઓ, હરખ નવ માયો હૃદયમાં.
ફરી આવું થોડું ચલ મન, જરી ખેતર વિશે.
જતાં રોડું વાગ્યું, ચરણ લથડ્યો, આંખ ફરકી,
અહીં આ ક્યારીમાં ખડખડ હસ્યો ભાઈ મુજનો !

ઉક્ત રચના 'ભાઈ' તથા 'વરસાદી રાતે' જેવી કૃતિઓમાં ઘરકુટુંબ અને સીમખેતર સાથેનો રાવજીનો ઘરોબો અભિવ્યક્તિ પામ્યો છે. ઘરમાં ભાઈઓ, બહેનો ને બા તથા સીમમાં ખેતર–મોલ–બળદ–પંખી વગેરેથી સતત ઘેરાયેલો રાવજી, ભાવ અને મસ્તીથી છલકાતો રહેતો. થોડાંક અટકચાળાં કરનારો ને વડીલોની મદદમાં તરત લાગી જનારો રાવજી ! એકથી ચાર ધોરણ વલ્લવપુ-રાની મકાન વગરની અને કોઈની પડસાળ કે ઓસરીમાં ચાલનારી નિશાળમાં

ભણેલો. રમણ એનાથી 3–31 વર્ષે નાનો, એને એ દિવસોની વાતો ખાસ યાદ નથી. પણ ઘર છોકરાંથી ભરેલું ને જીવતું લાગતું એવી સુરતા છે ખરી.

વલ્લભવિદ્યાનગરમાં 1987ના માર્ચમાં હું યુનિવર્સિટીના સ્નાતકોત્તર ગુજરાતી વિભાગમાં, અધ્યાપક તરીકે જોડાયો. ત્યારે પહેલું કામ મેં વલ્લવપુરા-રાવજીને ગામે જવાનું કરેલું. મારી સાથે મારા મિત્ર અને રાવજીના ફેન એવા અરવિંદ ગજ્જર હતા. મારા ગામ મોટાપાલ્લાથી અમે મકાઈના તીખા રોટલા નાસ્તા માટે લઈ આવેલા. ગામમાં પેસતાં પહેલાં લાંબું પથરાયેલું તળાવ આવે. એની પાળે થઈને રસ્તો વલ્લવપુરા લાટ (દરબારોનું પરુ) અને હેરંજ તથા ચુણેલ ગામ તરફ જાય છે. અમે એ પાળ ઉપર થોડું ચાલ્યા, રાવજી અહીં રોજ ચાલતો–ફરતો હશે એવા રોમાંચ સાથે ! બેત્રણ નિશાળિયા છોકરા પાળ પર રમતા હતા. અમે એમને પૂછ્યું, 'વલ્લવપુરામાં કોઈ કવિ થઈ ગયા છે – એમને જાણો છો ?' એક આઠમા ધોરણમાં ભણતો છોકરો આગળ ધસી આવતાં બોલ્યો : 'હા. કવિ રાવજી પટેલ. હું એમનું કાવ્ય – 'સીમનું મન' ભણું છું. મને મોઢે છે :' ને એ છોકરો આખું કાવ્ય સડસડાટ બોલી જાય છે : (મને મારા બી.એ./એમ.એ.ના વિદ્યાર્થીઓ યાદ આવતા હતા–જેમને ગુજરાતીની આખેઆખી એક પણ કવિતા યાદ નથી હોતી).

**॥ સીમનું મન ॥**

આવ્યે હજી પળ નથી થઈ એક, ત્યાં તો
આ સીમનું કલકલ્યું મન વિસ્તરેલું;
ભેગું થતું અવ કશે...મુજને થતું કે
મારી જ જેમ હમણાં કંઈ બોલશે એ !
મેં ડોલતાં કણસલાં પર કાન માંડ્યા
પંખી સમાં ત્યહીંય બેઉ રમે મજેથી !
લીલાશમાં સરકતી પકડી હવાને
ચૂમી લઈ, કલકલાટ બધોય ચાખ્યો !
ને હું હવે નગરને પથ સંચરું ત્યાં
આખીય સીમ મુજને વળગી રહી છે !

નિશાળિયો કવિતા સમજાવતાં અમને કહેતો હતો કે કવિને શહેરમાં જવું નથી. એમને તો આ સીમ બહુ ગમતી. આ સીમ કવિને નગરમાં જતાં રોકે છે – જાણે પગ પકડી લે છે. વલ્લવપુરામાં પેસતાંની સાથે જ કવિતાનું વાતાવરણ

રચાઈ ગયું હતું.

એક જ ઓરડાના મોટા ખુલ્લા ઘરમાં અમે બા સાથે બેઠા. અરવિંદ અને મનુનો પરિચય થયો ત્યાં ગામમાંથી રમણ સાથે બે-પાંચ વડીલો પણ આવી લાગ્યા. રમણે સાચવેલી રાવજીની સાહિત્યસામગ્રી અમે જોઈ રહ્યા. કૉલેજના પહેલા વર્ષની હથેળી જેવડી ડાયરીમાં થોડી નોંધો હતી. 'શબ્દ'નો અંક, સુંદર હસ્તાક્ષરમાં રાવજીએ લખેલાં કાવ્યો...ગામના એક-બે વડીલો રાવજીના અલ-ગારીપણાની તથા એની સમજણભરી વાતોને યાદ કરતા હતા. રાવજીના પિતા કદાચ ઠાસરા ગયેલા હતા. બા રાવજીની ટેવો વિશે અટકી અટકીને કહેતાં હતાં. ખેતરમાં જતો રહેતો. તળાવે બેસી રહેતો. અમદાવાદથી આવે એટલે ઘેરે ઘેરે ફરી વળતો, બધાંને મળીને પાછો સીમમાં ચાલ્યો જતો. ખાવાનીય બહુ ફિકર ન કરે એવો...એકલો એકલો બોલતો-બબડતો...ને કાગળો ચીતર્યા કરતો! એક વકીલ - રાવજીના કાકા હતા એ કદાચ ! કહેતા હતા : અરે ભૈ ! અમને કોઈને ખબર નંઈ પડી કે રાવજી આવડો મોટો માણસ હશે ?! અમે એને નંઈ ઓળખી શક્યાં...

રમણને લઈને અમે એના મહુડીવાળા ખેતરે ગયા. રમણ કહેતો હતો કે – આ જગ્યાએ મોટો મહુડો હતો, 'એક બપોરે' કાવ્યમાં – 'મને મહુડીની છાંય તળે પડી રહેવા દે' – વાળો મહુડો. પણ રાવજીની દીકરી અપેક્ષાને પરણાવ-વા, ખર્ચની જોગવાઈ કરવા સારુ કાપીને વેચી દેવો પડ્યો. પ્રકાશકે સમયસર રૉયલ્ટી ન આપી (એ પછી પણ નથી આપતા/આજે પણ !) અને એકબે વડીલ સાહિત્યકારોએ મદદનું કહેલું પણ સમયસર કાંઈ આવ્યું નહીં...ને ત્યાં માગવા જવાનું તો ફાવે જ નહિ ! 'રાવજી રાવજી' રટનારા તો આજેય છે. પણ રમણની વાતથી આપણી દંભી વાતો માટે ગ્લાનિ થતી હતી. અમે ખેતર શેઢે બેસીને રાવજીની કવિતા વાંચી, સાથે લાવેલા રોટલા ખાધા – રમણ સાથે ખાધા...જાણે રાવજીની હાજરીમાં ખાધાનો હરખ થતો હતો. મારા વતનના મારા ખેતરમાં પાકેલી મકાઈના રોટલા રાવજીના ખેતર શેઢે બેસીને ખાધાનો એ પ્રસંગ આજે પણ કોઈ અવિસ્મરણીય અવસર લાગે છે.

પછીનાં વર્ષોમાં ત્રણચાર વાર, એમ.એ.નાં વિદ્યાર્થી ભાઈ બહેનોને લઈને વલ્લવપુરા જવાનું બન્યું છે. રાવજીના ઘરમાં બેસીને એની કવિતા વાંચી છે તથા એની કથાવાર્તાની વાતો કરી છે – ત્યારે ગામના લોકો પણ ટોળે વળીને સાંભળતા રહ્યા છે. રાવજીના ગામમાં તો આજે ય જનારા મળે છે – આપણા માટે તો વલ્લવપુરા તીર્થ છે...પણ હવે કવિ-લેખકોનાં ગામ-ઘર શોધીને જનારી પેઢી ભૂતકાળ બનતી જાય છે. રાવજી વિશે ગર્વ લેનારા આજેય ડાકોર – વલ્લવપુરામાં છે ને ઉમળકો દાખવી આવકારેય છે. રાવજીમાં સત્ હતું,

હા ! શબ્દનું સત્ - સરસ્વતીનું સત્ !

એક વાર ઊતરતી શરદ એટલે કે આસો મહિનો હતો. એ તરફથી નીકળતાં ગાડી વલ્લવપુરા તરફ લેવડાવી. સાંજ પડતાં, પાછા વળતાં, તળાવની આથમણી પાળે એક સુંદર દૃશ્ય જોયું ને ઊતરી પડ્યો. આથમતો સૂરજ રતુંબડો થતો જતો હતો...ને તળાવમાં રાતાં પોયણાં ખીલી ઊઠ્યાં હતાં, સાંજ ખીલી ઊઠી...સીમમાં ડાંગર ક્યારી પણ ગુલાલવરણી થઈ રહેલી દેખતો હતો... દૃશ્ય અલૌકિક હતું...દૂરથી અચાનક સારસ બેલડીનો ગગન ભરી દેતો ટહુકો સંભળાયો ને હું રોમાંચિત થઈ ઊઠ્યો...રાવજીની કવિતાના સાક્ષાત્કારની આ પળ ! હું બડભાગી...તે આ પળોને માણતો ઊભો હતો. પોયણાં પણ વધુ ને વધુ રતુંબડાં થતાં જતાં હતાં – ને આથમતો સૂરજ હવે તો કંકુનો જ બની ગયો હતો જાણે ! ને ઊતરતે અંધારે સૂરજના આથમવા સાથે પેલાં પોયણે પોયણે પણ સૂરજ આથમતો હતો. એક સાથે ઘણા બધા, કંકુના સૂર્યોને હું આથમતા જોઈ રહ્યો હતો ને 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં !' નો નૂતન અર્થ મારી ભીતર વ્યંજિત થતો અનુભવી રહ્યો હતો !

રાવજીના સાહિત્ય સાથેનો મારો પ્રથમ પરિચય, અજાણ્યા અને માની ન શકાય એવા સંજોગોમાં, સાવ આકસ્મિક રીતે થયેલો. એ અંગત વાત પણ અહીં પ્રસ્તુત હોવાથી લખું છું. 1968ના જૂનથી હું મોડાસાની આર્ટ્સ કૉલેજમાં F.Y.B.A.માં (લુણાવાડાની કૉલેજ છોડીને) દાખલ થયો હતો. મને તારીખ અને એ વરસાદી તડકા-છાંયડાની રમતવાળો દિવસ પણ યાદ છે. 9મી ઑગસ્ટ, 1968નો એ દિવસ. વર્ગો ભર્યા પછી હું રોજ 3 વાગ્યે ગ્રંથાલયમાં જાઉં. તે દિવસે નવલકથાના કબાટમાંથી મને 'અશ્રુઘર' નામે નાનકડી કૃતિ હાથે ચઢી. રાવજી પટેલનું નામ આ પહેલાં મેં કદી વાંચ્યું કે સાંભળ્યું ન્હોતું. 'અશ્રુઘર'નાં આગળનાં બે પાનાં ખોલતાં જ એમાં લખેલી કાવ્યપંક્તિઓ મને ચોંટી ગઈ.

'ગયા ભવના ખીલા
કળે છે છાતીમાં....!'

મનમાં ઈશુ ખ્રિસ્તનો સન્દર્ભ સળવળી ગયો...ને ત્યાં જ બીજે પાને બીજી બે પંક્તિઓએ મને બરાબર પકડી લીધો :

'અમે અજાણ્યા ક્યાં લગ રહેશું
કહો તમારા ઘરમાં
કહો તમારા ઘરમાંથી વળી

પંડ ઊઠીને તબોતમ્બાકુ ક્યારે લેશું ?...'

હૉસ્ટેલમાં જઈને 'અશ્રુઘર' વાંચવા માંડેલી...10મી ઑગસ્ટે સવારેસાંજે મેં ફરી ફરીને 'અશ્રુઘર' વાંચી હતી...ત્યારે મને ખબર ન્હોતી કે આ 'અશ્રુ-ઘર'નો લેખક (જે મને પ્રથમ કૃતિના પ્રથમ વાચને જ મારો પોતીકો લાગ્યો હતો – મેં મારામાં એને અનુભવ્યો હતો.) – તે આજે અમદાવાદની વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો, અરે અરે !

બીજે દિવસે 11–8–1968ની સવારે 'અશ્રુઘર' નવલકથા જમા કરાવવા લાઇબ્રેરીમાં ગયો હતો. જમા કરાવીને ઘોડી પર ગોઠવેલું 'સંદેશ' છાપું વાંચતાં વાંચતાં મારી નજરે પડ્યો – 'રાવજી પટેલ'ના અવસાન અને સર્જન વિશેનો લાભશંકર ઠાકરનો લેખ ! લેખ બે વાર વાંચી ગયો...ને રાવજીનું એક કાવ્ય પણ ત્યાં છાપેલું હતું –

'ઓમ સાંજનું આકાશ અને હું – '

મેં આ પ્રકારનું કાવ્ય પણ કદી વાંચ્યું ન્હોતું ને મારે માટે લાભશંકર ઠાકરનું નામ પણ નવું હતું... કવિએ ઓમને ઈશ્વરને પ્રશ્ન કર્યો હતો કે તેં આ બધો તાયફો ન રચ્યો હોત તો તારું શું થાત ?!

જમા કરાવેલી 'અશ્રુઘર' (1966 પ્ર. આ.) નવલકથા પાછી લઈ આવ્યો... ગ્રંથપાલ નાગર મારી સામે જોઈ રહ્યા હતા મેં એમને 'સંદેશ'માં સમાચાર બતાવ્યા. એ સાહિત્યરસિક ગ્રંથપાલ હતા એ તો મેં પછીથી જાણેલું...એમણે મને મહિનામાં 'ઝંઝા' (1967 પ્ર. આ.) રાવજીની બીજી નવલકથા મેળવી આપી. સામયિકોમાં રાવજીનાં કાવ્યો એકદમ દેખાવા લાગેલાં. હું એને ડાયરીમાં લખી લેતો. હું એસ.વાય.બી.એ.માં આવ્યો અને મને ટી.બી.નું દર્દ હોવાનું નિદાન થયું. ડૉ. ધીરુભાઈ ઠાકર તથા સહુ અધ્યાપક સાહેબો મારે માટે દવા તથા સારું ખાવાની વ્યવસ્થા કરતા હતા – હું કવિતા લખતો હતો માટે ! ને હું મારામાં રાવજીને મુગ્ધભાવે અનુભવતો...ને એવું જ કૈં લખવા લાગી ગયેલો! 1971માં રાવજીનો મરણોત્તર કાવ્યસંચય 'અંગત' રઘુવીર ચૌધરીએ બહાર પાડ્યો... પછી 'વૃત્તિ અને વાર્તા' પ્રગટ થયું. બધાં પુસ્તકો વસાવેલાં, ખરીદીને બીજાંનેય આપેલાં. છેક 2004માં રાષ્ટ્રીય અકાદમી દિલ્હી માટે 'સર્જક રાવજી' ગ્રંથ હિન્દી–ગુજરાતીમાં મેં તૈયાર કર્યો...રાવજી કાયમ સાથે–પાસે ને મનમાં રહ્યો છે – આજે પણ એ જ અનુભવું છું.

ꙮ

# 4

# શિક્ષણ અને સંઘર્ષ

**|| એક વાર્તા ||**

ઊડી ગયાં કૈં અહીંથી છોગાં
છલકાતો પિત્તળને બેડે સૂર્ય, ગયો...
ગયું એક મોલ ભરેલું ગાડું.
પલટણ ગિલ્લી પાછળ
વંકટ રેંટ મૂઠ કરતી કરતી
જતી રહી.
ઓ દૂર દૂરના લીમડા મહેકે,
કોક ઘટા લીલુંછમ ટહુકે.
ખીજડે પ્હેર્યો ખૂંપ...
લાગલ્યો
પરવોટાની ડોશીને ભૂતકાળ સાંભર્યો.
પિત્તળના બેડા પર
પાછો કૂણો કૂણો સૂર્ય ઊતર્યો...

1થી 4 ધોરણ, વલ્લવપુરાની કાળા પાટિયા વગરની નિશાળમાં રાવજી ભણ્યો હતો. સ્લેટ પેનથી સાહેબ સો એકડા અને કક્કો બારાખડી શીખવતા. છોકરાં લખવાની (સ્લેટ) પેન થોડી થોડી ચાવી ખાતાં... પથ્થરિયા કોલસામાંથી બનેલી સ્લેટના ટૂકડા ખાઈ જનારાંય હતાં. સ્લેટમાં પેનથી લખેલું થૂંકથી ભૂંસવાની ટેવ આખા ગુજરાતમાં હતી...શિક્ષકો ભીનો કાપડ-ટુકડો રખાવતા.

દેશી હિસાબ એ જ સૌથી અગત્યની ચોપડી ગણાતી. લખતાં-વાંચતાં આવડે પછી ઘડિયા ગોખવાનું શરૂ થતું.

5થી 8 ધોરણ ભણવા રાવજી ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલમાં જતો હતો. પાંચમું ધોરણ રાવજી સૂઈગામમમાં ભણ્યાનું મફત ઓઝાએ નોંધ્યું છે પણ – વલ્લવપુરા કે સૂઈગામમમાં 1થી 4 ધારણની જ શાળા હતી. ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલમાં તો રાવજી 8મું ધોરણ ભણ્યો હતો. 5-6-7 ધોરણ રાવજી મુખ્ય પ્રાથમિક કુમારશાળામાં ભણતો હતો...જ્યાં આજે તાલુકાકક્ષાની કોર્ટ બેસે છે. વલ્લવપુરાથી ચાલતા ડાકોર જવાનું ને સાંજે ચાલતા જ આવવાનું. જતાં–વળતાં 16 કિલોમીટર થાય. સીમ ખેતરો વચ્ચે થઈને નેળિયું ને પગવાટ જતાં હોય. આમ, રાવજીને પ્રકૃતિનો અને દરેક ઋતુનો પ્રગાઢ પરિચય થયેલો. સીમ, ખેતર અને માણસોની માયા લાગેલી.

વલ્લવપુરાથી ઘણી વાર વહેલો નીકળી જાય. ગામમાં કોઈને ત્યાં ઘડિયાળ નહીં એટલે આશરે તડકોછાંયો જોઈને નીકળી જવાનું. શનિવારે તો વળી રાવજી અંધારે અંધારે જ નીકળી જતો. એને તો બધું જ પરિચિત. રસ્તો જ નહિ, રસ્તાની ધૂળ સાથે પણ દોસ્તી. બીક જેવું કંઈ જ ન લાગે. રસ્તામાં સૂઈગામ આવે. એના પાદરે એક છોકરી રાવજીની વાટ જોતી હોય, ત્યાંથી બંને સાથે ભણવા જાય. છોકરીની જાત એટલે લાગણી તો અમથી ય હોય જ. તે રાવજી સારુ ઋતુ ઋતુનાં ફળ તથા રોટલો વગેરે ખાવાનું લાવે...ને બંને જોડે ખાતાં ને વાતો કરતાં જાય-આવે. આમ તો નિર્દોષ નાતો...ને સ્નેહભાવની ગાંઠ બંધાઈ ગયેલી...તે રાવજી અમદાવાદ ભણવા ગયો ત્યારે બેઉ ઠીકઠીક પીડા પામ્યાં હશે. રાવજીની કવિતા કથામાં એ સ્નેહતંતુ અનેક નવા રૂપેરંગે નિરૂપાતો રહ્યાનું આપણને સમજાય–અનુભવાય છે. કિશોરવયની લાગણીઓ બહુ મજબૂત હોય છે ને એ કદી વિસરાતી નથી.

રાવજી ડાકોર ભણવા જતો ત્યારે વળતી વાટે – રામપુરાની તળાવ પાળે – ડાકોરથી વલ્લવપુરાના રસ્તે –એક ડોશીમા પોતાનું નાનું પોટલું લઈને બેઠાં હોય...રાવજી એમનું એ પોટલું ઉપાડી લ્યે, ને ડોશીમા આગ્રહ કરીને એનું દફતર ઊંચકી લે...

ગામને રસ્તે બંને છૂટાં પડે...ને બીજે દિવસે પાછાં બેઉનો સંગાથ થાય ! ‘એક વાર્તા’ કાવ્ય (જે આ પ્રકરણને આરંભે મૂક્યું છે.)માં જે ‘પરવોટાની ડોશીને ભૂતકાળ સાંભર્યો’ – તે આ ડોશીમા જ હોય ને ! પરવોટા ગામ તો જરા દૂર – પાસે. પણ કિશોર રાવજી સાથે એ દાદીમા જે વાતો કરતાં હશે...એમાં એમની ‘પિત્તળને બેડે પાણી ભરતી વહુવારુની જિન્દગી’ પણ વણાઈ આવતી

હોય જ. વર્ષો કેવી રીતે પસાર થઈ જાય છે – ખબર જ પડતી નથી... ને કોઈ એવી નાજુક પળે પાછાં વીતેલાં વર્ષો ઘડીક સામે આવી જાય છે...ને ખીજડો ખૂંપ પ્હેરીને મ્હાલતો દેખાય છે, ને ડોશીમા નવી વહુ થઈને પિત્તળને બેડે પાછી પાણી ભરતી થઈ જાય !

રાવજી તો પ્રતિભાસમ્પન્ન છોકરો...તે સંસ્થાન હાઈસ્કૂલમાં ભણતો ને કવિતા જેવું લખતો. અમદાવાદની નવચેતન સ્કૂલમાં એને શબ્દ સાથે આમ સ્નેહ કરતો જોઈને અમુભાઈ પંડ્યાસાહેબ પ્રભાવિત થયેલા. રાવજીએ 'અશ્રુ-ઘર'ના નિવેદનમાં લખ્યું છે તેમ – 'પછી તો અમુભાઈસાહેબ, તમાકુના છોડની ખેડૂત કાળજી લ્યે એમ મારી કાળજી લેવા માંડેલા.' રાવજી પોતે એમ કહેતો કે છોડનેય છોકરાંની જેમ ઉછેરવા પડે...એમાંય જીવન છે..! કવિતા લખવાની વાતે રાવજી સહજ હોવા સાથે ગંભીર પણ હતો. કવિતા લખવી એટલે 'સંભોગ' કરવો – એવું પણ એણે કહ્યું જ છે. રામચન્દ્ર પટેલ પરના પત્રમાં એ લખેલું ય મળે છે. 'અશ્રુઘર'નો નાયક સત્ય (એ રાવજીની પ્રતિકૃતિ જેવો જ આલેખાયો છે.) આણંદ સેનેટોરિયમમાંથી રજા મળતાં વતનગામ આવે છે એ આખું વર્ણન પ્રકરણ–6માં – (જે આ જીવનચિત્રને અંતે પરિશિષ્ટમાં મૂક્યું છે.) જોવા મળે છે. એ વાંચતાં રાવજીનું શૈશવ, ભણતરનાં વર્ષો અને એનો એ તત્કાલીન વર્તમાન (એ અમદાવાદથી ઘરે આવતો એ દિવસો) બધું જ પ્રત્યક્ષ થઈ આવે છે. એ વર્ણનનો એક અંશ વાંચીએ –

> ''ગાડું ખખડતું ખખડતું જતું હતું. આખે રસ્તે
> પોતાનું શૈશવ અને કૌમાર્ય છૂટુંછવાયું
> વેરાયું હતું, એનું સ્મરણ થતાં સત્ય ફરીથી
> નાનો બની ગયો. ઉનાળાના, ઊડતું પંખી
> તમ્મર ખાઈને નીચે પડે એવા તાપમાં એ
> પાછો દાઝવા લાગ્યો.
> પોતે જ્યૂબિલી હાઈસ્કૂલમાં ભણતો હતો તે
> વખતે મા વહેલી ઊઠીને ઢેબરું બનાવી, કાગળમાં
> વીંટાળી દફ્તરમાં મૂકી આપતી. માંડ ભાગોળ
> લગીય પોતે ના પહોંચ્યો હોય ને કળશો
> લઈને ઝાડે ન જવું હોય તોય રસ્તાની એકલ
> વેરાનગી જોવા પાછળ આવી પહોંચતી અને

– 'સતી બેટા, હજી તો હરણિયોય નથી આથમી.
પાછો આય.'  કહી બૂમ પાડતી. શીકામાંથી નાની
ડુંગળી પડી જાય એમ આંખમાં આવી આવીને
બચપણ પાછું પડી ગયું...'' (પૃ 41: 'અશ્રુઘર')

આ આખી વાત રાવજીની પોતાની તથા એના ગામની જ છે. 'અશ્રુઘર' – નો નાયક સત્ય તે ઘણી બધી રીતે-ભાતે રાવજીનો જ કથાવતાર છે – એ સમજાય એટલું સરળ છે.

રાવજીની કવિતામાં વલ્લવપુરા ગામની એક શાંત બપોરનું નકશી કરેલું – શિલ્પ જેવું – આલેખન મળે છે

**|| ઘરમાં બેઠાં બેઠાં ||**

બપોરી વેળની શાંતિ બેસતી આ અહીંતહીં
ગુંજતી ગુંજતી પેલાં નેનમાં ગૈ કપોતનાં.
બારીએ ચૂપ હાલે ના પીંછું એક જરીય તે
પડોશી બાળકો ખેલે; ચલ્લીઓ શી ચવ્યા કરે !
પડે ટીપાં અવાજોનાં શ્રવણે મન ભાવતાં,
બારણે લીમડો ડોલે કૂંપળો તો લચી જતી !
અને ત્યાં ડોલતો હુંયે કેમ તે જાણતો નહીં.
સૂપડે અન્નને સોતી ગૃહલક્ષ્મી પુરાવતી
હસ્તની થાપની સાથે તાલ કંકણના ઝીણા.
દાણોદાણો જ્યહીં ગાતો ઘૂમરી લે હવા પછી
પડ્યો ત્યાં ભંગ નિદ્રામાં કપોતની; તે યે ઊડ્યું
ડાળીઓ ઝૂમવા મંડી પાંદડાં ગીત ઝીલતાં
એમ આ લાગતું જાણે રાસલીલા અખંડિતા ચગી.

આવું લોહીમાં લય બનીને ઊતરી ગયેલું ગામ છોડીને બારતેર વર્ષનો રાવજી ભણવા વાસ્તે કાકા હાર્યે અમદાવાદ જાય છે. 1952–53નું વર્ષ હશે.

પાલડી-એલિસબ્રિજની નવચેતન હાઈસ્કૂલમાં રાવજી 9મા ધોરણમાં દાખલ થાય છે. ખાવાપીવાની, પહેરવાઓઢવાની ઘણી અગવડો વચ્ચે રાવજી

ભણે છે. છંદો શીખવામાં ને એનું રટણ કરવામાં – એવાં એવાં કાવ્યો વાંચવામાં રાવજીને આનંદ આવે છે. ઘરે તો બા વેળાસર રોટલો ઘડી દેતી ને દફ્તરમાંય ભરી દેતી. ઘરની ભેંસનું છાંટો ઘી-દૂધ ખાવા મળતું. જ્યારે અહીં તો કાકીનું મોઢું તાકવાનું ને જે મળી જાય તે ફાકવાનું. પણ રાવજીને આવું કશું નડતું નથી. અનુભવ લેખે એ આખું શહેર બધી રીતેભાતે જુએ છે, સૂંઘે છે, ચાખે છે, સાંભળે છે; માણસ માણસ વચ્ચેના સંબંધોનો જુદો જ સ્વાદ એને ચકિત કરી દે છે...ને એ કવિતામાં પુનઃ જીવ પરોવે છે. વલ્લવપુરાથી અનાજ-પાણી લઈને બાપા કદીક આવી ચઢે છે – બાએ આપેલી ઘીની બરણીનું ઘી, એની સુગંધ રાવજીને ગામની સીમ માટે ઝુરાવે છે. રાવજી મૅટ્રિક થાય છે...ને ગુજરાતી ભાષા તથા સાહિત્ય વિશે કેટલુંક સમજતો થાય છે. પાઠ્યપુસ્તકમાંથી મળતા, કવિ-તા-વાર્તા-નવલકથા-નાટક-નિબંધના સંકેતો, રાવજી આપસૂઝથી અને અંદરના કશાક આવેગથી વધારે ને વધારે સમજતો થાય છે. શિક્ષકો, મિત્રો પાસેથી સાંભળવું ને સામયિકો પુસ્તકોમાંથી વાંચતા રહેવાનું ગમતું હોવાથી લખવાનું મન એને ઉપરતળે કરતું રહે છે.

રાવજી હવે મિલમાં નોકરી કરવા સાથે સીટી આર્ટ્સ કૉલેજમાં પ્રિ. આર્ટ્સમાં દાખલ થાય છે. નોટમાં નાની ડાયરીમાં–સાહેબનું વ્યાખ્યાન નોંધે છે. 'નર્મદ–દલપતનો ઝઘડો' – ની રાવજીની નોંધ સટીક છે. કવિતા અને નવલકથા વિશે પણ ભણવામાં આવે છે પણ રાવજી તો એમાં એ પૂર્વે પ્રવેશી ચૂક્યો છે. એફ.વાય.બી.એ. માં પણ સીટી આર્ટ્સમાં વર્ગો ભરે છે. કદીક એચ.કે.આર્ટ્સ કૉલેજમાં વર્ગો ભરવા પહોંચી જાય છે. હજી પગમાં ચંપલ પહેરવા જેટલી બચત થતી નથી ને અસ્થાયી તથા બદલાતી નોકરીમાંથી જે પગાર જેવું થોડું ઘણું મળે તો ઘરે બાપાને પણ મોકલવાનું ભૂલતો નથી. પગમાં ચંપલ ન હોય તો કોઈ પૂછે કે જુવે તો ઠીક ન લાગે. આ તો શહેર છે; ગામ થોડું છે ! એટલે રાવજી પગે પાટો બાંધી રાખે છે ને કહે છે કે યાર ! પગે ખીલી વાગેલી છે.

એફ.વાય.બી.એ. પાસ કરી એસ.વાય.માં સેન્ટ ઝેવિયર્સમાં એ પ્રવેશે લે છે પણ હવે કૉલેજ જવાનું પાલવે એમ નથી. તાવ આવે છે, સૂકલકડી શરીર વધુ સુકાતું જાય છે પણ એને માટે સમય ક્યાં છે ? કાયમી નોકરી નથી. મિલ છૂટી તો કારકુની લીધી. રાવજી કાકાથી જુદો બીજા કાકા પાસે ને મામા પાસે પણ રહેવા જાય છે. છેવટે રાવજી પાલડી નૂતન સોસાયટીમાં – (નં. 25) જુદી રૂમ રાખે છે. જાતે મગ ખીચડી રાંધી ખાય છે. ગામથી ભાઈ રમણ અનાજ ઘી વગેરે આપવા આવી જાય છે. પગે ચાલીને કૉલેજ જતો એમ રાવજી પગે ચાલીને જ નોકરીએ જાય છે – સંદેશ, જનસત્તા, કુમાર – માં જે મળે તે કામ

કરે છે. મનમાં ન બેસે તો નોકરી છોડી દે છે. નર્મદની જેમ એય બીજા ટંકના ખાવાની ચિંતા કરતો નથી. સહાધ્યાયી મિત્ર ગોરધન બ્રહ્મભટ્ટ એની કાળજી રાખે છે. હવે રાવજીની કવિતા સામયિકોમાં દેખાવા લાગે છે. ગોરધન રાવજીને પાલડીમાં જ રહેતા કવિ ચિનુ મોદી પાસે લઈ જાય છે ને પરિચય કરાવે છે. પાડોશમાં રહેતા પ્રો. ચિમનલાલ ત્રિવેદી (સેંટ ઝેવિયર્સ) પણ રાવજીને સંકોરે છે. એમનાં પત્ની રાવજીની ખાસી કાળજી રાખે છે. રાવજીમાં કોઈક દર્દ છાનુંછપનું મોટું થાય છે; રાવજી એ વિશે કોઈને કશું કહેતો નથી. 1962માં તો એ પટાવાળો લેંઘો પહેરીને કવિસંમેલનમાં દેખા દે છે...કવિમિત્રો, કવિતાસર્જન, દર્દ – બધાં હવે રાવજીને વધુ ને વધુ ચાહવા માંડે છે...!

# 5
# સરહદો ઓળંગી જતું દર્દ

રાવજી એના ચોવીસમા જન્મદિવસે એક કવિતા લખે છે – એ કવિતા એની વેદના–સંવેદના વિશે, સાંપ્રત અને સમાજના ચહેરા વિશે ઘણું કહી દે છે. આ કવિતા રાવજીનું અંતરંગ વિશ્વ અને બહિરંગ સૃષ્ટિને–નગરને તથા નગરના ચહેરાને બરાબર રજૂ કરે છે. આ માટે રાવજીએ પરંપરિત હરિગીત છંદ પ્રયોજ્યો છે અને નિકટ પરિવેશમાંથી કલ્પનો રચીને કાવ્ય સિદ્ધ કર્યું છે :

**|| તા. 15–11–1963 ||**

‘દેહમાં પુરાયેલું અસ્તિત્વ આ / ગમતું નથી.
મને કોઈ રાવજીથી ઓળખે/એય હવે ગમતું નથી.
સ્વપ્નપરીઓના સુવાસિત દેશને/ પરીઓ બધી
ઊંચકી ગઈ ! / ને જાતને સમજાવતો હું થઈ ગયો.
રે શું થયું ? / હું કશી દીવાલમાં અટવાઉં છું.
ઇસ્ત્રી કરેલા શબ્દને હું ગોઠવું છું / કોઈ કાનોમાં.
કોઈ કાનોમાં ધખ ધક થતું સીસું / તો કોઈમાં
એવું પ્રવાહી રેડવું મારે પડે /કે/ જીભ પર પાણી વળે.
ને આંખ એની મુજને તાક્યા કરે. / આમ હું તો
મધ સમો મીઠો બનું / ને યુદ્ધના વિચાર શો
ધિક્કારવા લાયક બનું / લાચાર છું.

આ શહેરમાં–હોટેલમાં–સરિયામ રસ્તે –
કોઈ સાથે ટ્રેનમાં–પરગામમાં / આ સભ્યતાની

કુંવરી (!) ને સાચવ્યા કરવી. / હું મુરબ્બી !
કોઈ પેઢીના હિસાબી ચોપડા જેવો નર્યો જુઠ્ઠો !
સહુ સામે મને–સાચા મને–બતલાવવાનો તો
વખત મને મળતો નથી, / હું મને જડતો નથી.

મારે કૂદવું છે વાછડાની જેમ/ કોઈને ખટકું નહીં.
એવો / પવનની લ્હેરખી જેવો / ફરું, / હું ચગું
વંટોળિયાની જેમ / કે/ મારા પતનને કોઈ જાણે ના.
સ્કૂલમાંથી ઘર તરફ વળતા મનસ્વી બાળ જેવું -
અજાણ્યા માનવીને જોઈ હસતું; / પોલીસનો ડંડો
જરી ખેંચી પછી / ચડ્ડી ચડાવી ભાગતું,
સિગરેટનાં ઠૂંઠાં, નકામા બાટલીના બૂચ વીણી
ટ્રાફિકને સમજ્યા વગર જોતું / હવામાં જેમ ફુગ્ગો
જાય એવું જાય ઘરમાં – / વર્તવું છે.

પરંતુ આજ હું બાળક બની શકતો નથી.
હું મિત્ર કેરા હાથને દાબી નથી શકતો;
પછી તો – / દેહમાં પુરાયલા અસ્તિત્વના આ સર્પને
હું ભેળવી શકતો નથી સહુમાં;
ફૂલની ફોરમ સમો એ તે બને ?!
ચોવીસમી આ પારદર્શક કાંચળી ઉતારતાં
એને હવે પકડું / નહીં તો ...'

કવિતાના શબ્દને 'નવરાત્રિનો ગરબો' કહીને ઊંડી સમજણ દાખવતો રાવજી પામી જાય છે કે એણે હવે ઓછું જીવવાનું છે – ને એટલે એ બને એટલું બધું શબ્દોમાં જીવી લેવા ચાહતો હોય એમ કવિતા કથા – વાર્તા લખતો જાય છે. એનું સર્જન મૃત્યુની ગોદમાં બેસીને ચાલે છે. પ્રેમ અને રતિની ઝંખા તીવ્ર બને છે, રાવજી હોવાપણા સાથે સંઘર્ષ કરતો જાય છે ને લખે છે. એના રોમૅન્ટિક ઉદ્રેકોમાં પણ વેદનાની મોહિની છે.

એક તરફ ફેફસાનો ટીબી (ક્ષયરોગ) હોવાનું નિદાન થાય છે ને બીજી તરફ પિતા છોટાલાલ રાવજીના લગ્ન માટે સક્રિય થાય છે. રાવજીનેય ઠપકા સાથે ચેતવતા હોય એમ કહે છે : 'પાછો બધે કહેતો ના ફરતો કે મને ટીબી છે નહિ તો કોઈ કન્યા નહિ આપે !' રાવજી છાનોમાનો સાંભળી લે છે. પોતાને દુઃખે બીજાં શા માટે દુઃખી થાય ? બધું જોખમ જાણવા છતાં રાવજી મહાલક્ષ્મી (ગામ કંડારી તા. કરજણ જિ. વડોદરા) – સાથે પરણી જાય છે. ભાઈ રમણ પણ એની સાથે જ – 1963–64ના વર્ષમાં – મહાલક્ષ્મીની સગી નાની બહેન મંજુલા સાથે પરણે છે. બે ભાઈઓ બે બહેનોને પરણે છે. ક્ષયના દર્દી માટે રતિસુખ વિઘાતક હોય છે. ડૉક્ટર એથી બચવાની સલાહ આપે છે. આ તો જાણવા છતાં સામે ચાલીને દુઃખ–આપત્તિ વ્હોરવાની વાત છે – આવ પાણા પગ પર પડ ! સંસારનું ચક્ર ને સમાજની જીદ તથા માણસની વૃત્તિ ! આ બધું ઝટ રોકાતું નથી...માણસ તો બિચારો બની જાય એવી આ લાચારી !

હવે રાવજી મહાલક્ષ્મી સાથે અમદાવાદ રહે છે. મહાલક્ષ્મી સાથે રાવજી જેવા વિલક્ષણ કવિ-વ્યક્તિત્વનો મેળ બેસી જાય એવું તો શક્ય નહોતું. પણ રાવજીને એના અભાવોએ ખાસ્સી સમજણ આપેલી. વેદનાએ એને ઘડેલો...! મહાલક્ષ્મી સાસરી–પિયર અને અમદાવાદ કરતી રહે છે. રાવજીની અસ્થાયી નોકરી, પૈસાની સખત ખેંચ અને રાવજીનું કવિઓ સાથે ઊઠવાબેસવા-ફરવાનું કાયમી. મહાલક્ષ્મી અકળાય પણ છે. પણ બધું ચાલ્યા કરે છે. રાવજીમાં દર્દ ઘર કરે છે....ને છેવટે રાવજીને સેનેટોરિયમમાં દાખલ થવું પડે છે.

ચારપાંચ વર્ષના ગાળામાં (1963થી 1968) રાવજી ત્રણેક જગ્યાએ સઘન સારવાર લે છે.

1. આણંદ : ક્ષય નિવારણ કેન્દ્ર : દરબાર ગોપાળદાસ ક્ષય નિવારણ હૉસ્પિટલ સાથે જોડાયેલું આણંદ–ભાલેજ રોડ પરનું સેનેટોરિયમ બહુ ઓછા ચાર્જમાં દવાઓ તથા રોકાણ સાથેની સારવાર આપતું હતું. આજે તો એ બંધ પડ્યું છે. પણ ત્યારે આ ક્ષય નિવારણ કેન્દ્ર ઘણા લોકો માટે આશ્વાસન અને આધાર હતું.

આ કેન્દ્રના ડૉક્ટર પટેલ તથા સ્ટાફ 'રાવજી કવિ છે' – એ જાણતા હતા અને એને સાચવતા હતા. રાવજી પણ બધા દર્દીઓ તથા સ્ટાફ જોડે પ્રેમ સૌહાર્દથી વર્તતો. હળવી મજાક અને ગમ્મતથી વાતાવરણ હળવું રાખતો, દર્દીઓને સાંત્વના આપવા સાથે પોતાના ભાગમાં આવેલાં ફળ-દૂધ બીજાંને વધુ જરૂર છે કહીને પરાણે આપીને જ જંપતો. દર્દીઓને સારુ આંટાફેરા કરતો, વાતો માંડતો

અને પોતાને ઘરેથી એની ખબર જોવા કોઈ જ આવતું નથી એ વાત મનમાં મનમાં ગોખતો ને થોડોક દુઃખી થતો. પોતાના આ દર્દીલા વર્તમાન જીવનને રાવજીએ અહીં બેસીને 'અશ્રુઘર' નામની લઘુનવલમાં આલેખ્યું છે. 'અશ્રુ-ઘર'નો સત્ય – આપણે જો રાવજીના જીવનને જાણતા હોઈએ તો – રાવજી જ લાગે. હા, 'અશ્રુઘર' આત્મકથનાત્મકતાની નજીક સરી જતી કૃતિ છે. એની 'સગી' વાર્તા પણ સેનેટોરીય–નિવાસ વેળાએ જ લખાઈ હતી – પણ એ ખાસ તો અમરગઢ (ઝીંથરી)નો અનુભવ છે. અહીંથી એણે મિત્રોને ઘણા પત્રો લખેલા.

2. રાવજીને એના ચાહકોમિત્રો વધુ સારી સારવાર માટે મુંબઈ લઈ જાય છે. મુંબઈમાં શ્રી જેઠાભાઈ પટેલ એની કાળજી લે છે ને 'અશ્રુઘર' તથા 'ઝંઝા'ના પ્રકાશક આર. આર. શેઠની કંપનીવાળા પણ ત્યાં મદદરૂપ થાય છે. ગુલાબદાસ બ્રોકર વગેરેને પણ ખ્યાલ આવતાં ઘણા મદદે આવે છે. રે મઠ – અમદાવાદના કવિમિત્રોમાં જાણીતો રાવજી મુંબઈના કવિમિત્રોમાં પણ જાણીતો બને છે. મણિલાલ દેસાઈની એ વધુ નજીક આવે છે – કેમ કે મણિલાલ અમદાવાદ પણ ભાઈઓને ત્યાં રજાઓ ગાળવા ને મિત્રોમાં મ્હાલવા ખાસ આવતો. હરીન્દ્ર દવે, સુરેશ દલાલ વગેરેને રાવજીની કવિતા-કથા-વાર્તામાં રસ પડે છે. હવે રાવજી સર્જકોમાં પ્રિય બનતો જાય છે. એની કવિતા વડીલ કવિઓ સુધી પહોંચે છે. એની કવિતામાં હવે પ્રણયઝંખા, રતિવિરહ, મૃત્યુનો આભાસ આપતું દર્દ અને એની પીડા તીવ્રતાથી અભિવ્યક્તિ પામે છે. મહાનગરમાં મૂંઝાતા જીવને હજી પેલી ગ્રામીણ સૃષ્ટિ સાદ પાડ્યા કરે છે. રાવજી પાસે નિજી અનુભવનું બળ છે એને ભાષા તથા પ્રતિભાથી સહજ રીતે સંયોજીને નૂતન અભિવ્યક્તિતરેહો પ્રગટાવે છે. આ ગાળામાં રાવજી 'ઝંઝા' નવલકથા લખતો હતો. એની કવિતા તો અનેક વિલક્ષણ રૂપો પ્રગટાવતી ચાલે છે. ગયા ભવના ખીલા એની છાતીમાં કળતા એ અનુભવે છે.

3. ક્ષય હવે આખા એક ફેફસામાં પ્રસરી ચૂક્યો છે. 'ઝંઝા' નવલકથા લખાઈને પ્રગટ થઈ ચૂકી છે. રૉયલ્ટીના નવસો રૂપિયાનો પ્રકાશકે મોકલેલો (R. R. Shethની કંપનીએ) ચેક રઘુવીર ચૌધરીએ રાવજીના ખાતામાં જમા કરાવ્યો છે. રાવજી ઘેર રમણને લખે છે કે મારી દવા માટે એટલા પૂરતા છે. પિતાજી હવે ચિંતા ન કરે વગેરે.

રાવજીને મિત્રો અમરગઢ–ઝીંથરીના ક્ષયનિવારણ કેન્દ્રમાં દાખલ કરે છે. જ્યાં એક વાર પન્નાલાલ પટેલને પણ દાખલ કરેલા ને એમની ખબર જોવા આવેલા ઉમાશંકર  જોશી આંબલાની વાટે-દર્શકને મળવા જતાં-દર્શક સામે જ ઘોડે બેસીને આવતાં મળેલા – બંને પ્રથમ વાર મળતા હતા.

હવે અમરગઢમાં રાવજી છે ને એને મળવા સારુ ચિનુ મોદી, લાભશંકર ઠાકર, સુભાષ શાહ વગેરે આવતા-જતા રહે છે. મિત્રો પૈસા મોકલે છે ને રાવજીને બૂટ તથા ટીશર્ટ પહેરવાનું મન થાય છે. મિત્રો એ ય ઇચ્છા પૂરી કરે છે. મુકુન્દ પરીખ ને સ્નેહરશ્મિ પણ પૈસા મોકલે છે ને પત્રો લખે છે. રાવજીએ દરેક વેળાએ સૌ મિત્રોને પત્રો લખ્યા છે...ને પત્રોમાંય રાવજીનું સર્જક વ્યક્તિત્વ ચમકી ઊઠેલું પમાય છે. આ ગાળામાં રાવજી ‘કાપુરુષ’ નવલકથા પૂરી કર્યાનું નોંધે છે પત્રોમાં, પણ એ મળતી નથી. આણંદ સેનેટોરિયમમાં ‘અશ્રુઘર’ પછી એણે 141 પાનાંની ડાયરી–આત્મકથા લખીને ફાડી નાખેલી એનો એ વસવસો વ્યક્ત કરે છે ને મળવા આવેલા ગુલાબદાસ બ્રોકરને કહે છે : બ્રોકરસાહેબ, મારે જીવવું છે–ટચલી આંગળીના નખ સુધી ! બ્રોકરની આંખ ભીની થાય છે. હવે ક્ષય ઉપરાંત ડાયાબિટીશ અને કિડનીનું દર્દ પણ ઉમેરાય છે. રાવજી ધૂને ચઢી જાય છે. દીકરીનો જન્મ થાય છે ને રાવજીએ મનમાં નક્કી કરી રાખેલું નામ અપેક્ષા – રાખે છે. રાવજીને મહાલક્ષ્મી, સૂઈ ગામની પેલી છોકરી તથા અમદાવાદમાં છાનામાના જેને ખૂબ ચાહી હતી એ નજીક રહેતી છોકરી બધાં બહુ યાદ આવે છે : રાવજી કવિતા લખે છે :

**|| અસંખ્ય રાત્રિઓને અંતે ||**

શિયાળની લાળીમાં સરકે સીમ,
રાત્રિઓ પીપળની ડાળી પર થથરે;
લબડે શુષ્ક ચંદ્રનું પાંદ.
અરે, મારે ક્યાં જોવું તારું ઘાસલ પગલું
ફરફરતું...?/ વંટોળ થઈને ચરણ ચડ્યા ચકરાવે,
પથના લીરા ચકરવકર કંઈ ચડતા એની સાથે.
ક્યાં છે ભમ્મરિયાળા કેશ તમારા ?/ દોડું–શોધું...
ઘાસ તણી નસમાં સૂતેલો સૂર્ય / ક્યાં ક્યાં હડફેટાયો,
બળદ તણી તસતસતી મેઘલ ખાંધ સરીખો
પ્હાડ દબાયો,
વીંછણના અંકોડા જેવાં બિલ્ડિંગોથી
હરચક ભરચક શ્હેર દબાયાં,

જૂવા જેવું ગામ નદીને તટ ચોંટેલું, એ ચગદાયું.
હગડગ હગડગ ગર્ભ વિશ્વનો કંપે.
મારી આંગળિયોમાં સ્વાદ હજી સિસોટા મારે !
ક્યાં છે સ્પર્શ ફણાળો
હજી સ્તનોના ચરુ સાચવી બેઠેલો
કેવડિયો ક્યાં છે ?
લાખ કરોડો વર્ષોથી
ચ્હેરો પથ્થરના ઘૂંઘટની પાછળ છૂપવી બેઠાં
માનવતી, ઓ ક્યાં છો ?
ક્યાં છો ?
નવા ચન્દ્રની કૂંપળ જેવી નજર કરો.

*

ઉત્તમ કવિતાના માનદંડો આવી કવિતા વડે નવેસર રચી શકાય એવી આ કવિતા છે. એમાં તાજપ અને નવતા છે. આ કવિતાની કલ્પના સૃષ્ટિ રાવજીની સર્વોત્તમ કવિમુદ્રા છે. 'અંગત'ની પ્રસ્તાવનામાં આરંભે જ રઘુવીર ચૌધરી કહે છે :

'રાવજીની કવિતા એના મુખે સાંભળતાં લાગતી હતી એટલી જ તાજી આજે દોઢેક દાયકા પછી પણ લાગે છે. (હું ઉમેરું છું કે આજે 2017માં પાંચ દાયકા પછી પણ રાવજીની કવિતા તરોતાજા છે. આમીન !) એમ લાગે છે કે હજી એ ઉત્તરોત્તર વધુ સ્વીકાર પામશે. કશુંક વિરલ છે એની કવિતામાં, મૂંગા વિવેચકોને પણ બોલવા વિવશ કરે એવું.

સાહિત્યના ઇતિહાસમાં આ એક એવી ઘટના છે જેની સરખામણી શોધવા છેક કલાપીના કાળ સુધી જવું પડે, કલાપી છવ્વીસ વર્ષ ને પાંચ માસ જીવ્યા, રાવજી અઠ્ઠાવીસ વર્ષ ને નવ માસ. કલાપીનો મુખ્ય અનુભવ પ્રેમનો છે, પ્રેમના સ્વીકારમાં રહેલા જોખમનો છે. રાવજીનો મુખ્ય અનુભવ વિખૂટા પડવાનો છે, ખેતર અને સ્વજનોથી વિખૂટા પડવાની વેદનાનો છે. એક રાજા અને બીજો રંક; પણ કવિતાના દરબારમાં બંનેનાં આસન અડોઅડ...કેટલું બધું આપી ગયો, અજાણતાં જ. કેવો મોટો દાતા નીવડ્યો એ શબ્દનો બંદો !' (18–9 –1982)

'25 વર્ષનો એક યુવાન, બની બેઠેલા આગેવાનો તથા રાજનેતાઓની નાડ પરખે છે ને એમની વિડંબનાની કવિતા કરે છે. સ્વ. હુંશીલાલની યાદમાં' તથા 'એન.સી.સી.પરેડ' – માં એના આકરા વ્યંગ કવિતા પણ બની રહે છે.

‘લોકશાહી’ – ને આપણાં લોકોએ મજાક બનાવી દીધી છે. ‘ઘેટાંશાહી’ ‘ઘેટીઓ જણવાનું બંધ કરો’ ‘બહુ ચાલ્યો પપેટ શૉ’ ‘હેડન્યૂઝના ફેંટા બાંધી વ્યંઢળ બેઠા તીરે જોને !’ આવી ઉક્તિઓ દ્વારા રાવજી જુઠ્ઠી/ખોખલી રાજરમતોને ચીંધી દે છે. ‘સમ્બન્ધ’ (ક્ષયમાં આત્મદર્શન) – જેવા દીર્ઘકાવ્યને આપણા વિવેચને હજી બરોબર તપાસ્યું નથી. એમાં પ્રલાપો ભલે લાગે – થોડા હોય પણ ખરા – પરંતુ આ કાવ્યને સરરિયલની તથા ફિનોમિનોલૉજીની ભૂમિકાએ તપાસતાં વધુ અર્થ-પૂર્ણ તરેહો ઊઘડતી દેખાય છે. આવી રચનાઓ રાવજીને મોટો ને સાચો કવિ ઠેરવે છે. બીજા કવિઓ સાથે રાવજીની કવિતાને સરખાવી શકાય એવી ભૂમિકા નથી...રાવજીની કવિ – પ્રતિભા આજે પણ આપણને પ્રસન્ન કરે છે.

# 6
# પારદર્શક રાવજી

ઉસ્માન પઠાણ આણંદ સેનેટોરિયમમાં રાવજીની સાથે ટીબી પેશન્ટ તરીકે સારવાર લેતા હતા...ને ગઝલો લખતા હતા. રાવજી અમરગઢથી પણ ઉસ્માનને પત્રો લખતો ને ગઝલ માટે વિશદ માર્ગદર્શન આપતો. એના પત્રોમાં એ વાંચવા મળે છે. પણ એક વાર રાવજી ઉસ્માન પઠાણને પત્રમાં પોતાના બાહ્ય દેખાવ અને આંતરિક સત્ત્વ (પ્રતિભા) વિશે સ્પષ્ટ લખે છે. વાંચીએ :

'ઉસ્માનભાઈ, મારી શારીરિક ખોડખાંપણો જોઈને લોકો મને અને મારામાં સમાયેલા સત્ત્વને સાચી રીતે ઓળખી શકશે નહિ; જુઓ આ રહી મારા શરીરની ખોડખાંપણો : મારી એક આંખમાં ફૂલ છે. મારા બંને હાથનાં આંગળાં ઉપરના નખ ટૂંકા અને બુઠ્ઠા છે, ચહેરા પર ડાઘ છે, ગરદન સ્હેજ નમેલી છે. ફેફસામાં અને મૂત્રાશયમાં કમજોરી છે, જેને લીધે પેશાબમાં આલબ્યૂમીન જાય છે. આવી શારીરિક ક્ષતિઓ મારા સર્જનને ઓછી કંઈ ક્ષતિયુક્ત બનાવી શકવાની ?? મારા સર્જન ઉપર એની કાંઈ જ અસર પડી નથી.'

[ગગન : સં. પુરુરાજ જોષી, અંક 5–6, 1973 પૃ. – 27]

આજના આપણા કેટલાક બહુ મોટા કહેવાતા સાહિત્યકારોનાં બેવડાં ધોરણો, દંભ અને પક્ષપાતી – ક્ષુદ્ર વલણોની સામે રાવજી અને મણિલાલ દેસાઈ જેવા કવિઓની નિરક્ષેપ નિખાલસતા તો બેજોડ છે. રાવજીએ તો પત્રોમાં રેમઠના મિત્રો સાથે પણ ઉભયની સચ્ચાઈઓ અને મૂર્ખામીઓ ખુલ્લા મને લખી વર્ણવી છે...ને એમ એ રાજી પણ થયો છે, ટચૂકડું જીવન લઈને આવેલો આ સંવેદનશીલ જીવ લખે છે : 'જીવનમાંથી પ્રગટેલો શબ્દ જ છેવટે આપણો અવાજ લઈને જીવે છે. વિચ્છેદ અને જુદાઈ; લાગણીઓનો અભાવ, જીવવાની સંકડામણો વચ્ચે પ્રકૃતિ માટેનો ભરપૂર ભાવ, દર્દ અને મૃત્યુની સોડમાં જીવવાનો અનુભવ : રાવજીના આ પોતીકા અનુભવોમાંથી એનો શબ્દ સર્જાયો છે ને એટલે

એ એનો આગવો અવાજ બની રહ્યો છે.

કિશોર રાવજી ડાકોરની શાળામાં પ્રાર્થના ગાતો અને હાર્મોનિયમ વગાડતો. ડાકોરથી વલ્લવપુરા જતાં ઘણી વાર મોડું થાય, સાંજ ઉપર રાત પથરાવા લાગે, ને ચિંતાતુર બાપા રાવજીની શોધમાં પાદરે આવી ઊભા રહે, વાટ જુએ. રાવજી દેખાય. મોડા પડવાનું કારણ પૂછે. ‘સંગીત શીખવા રોકાઉં છું. મારી ચિંતા નહિ કરવાની. મને કશું નહિ થાય...! રાવજી જવાબ વાળે. આઠમું પાસ થયાના ઉનાળામાં, ચતુરકાકા–વિમળાકાકી દીકરો પરણાવવા આવ્યાં છે. લગ્ન પતાવીને જાય છે ત્યારે રાવજી પ્હેર્યે કપડે કાકા–કાકી જોડે ટ્રેનમાં બેસી જાય છે, અમદાવાદ જવા ! ઘરે કહ્યું પણ નથી. બાપા ફરી શોધવા નીકળે છે ને એનો ભાઈબંધ છોટાલાલને કહે છે : કાકા ! રાવજી તો અમદાવાદ ગયો. કાકા-કાકી બાજી સંભાળે છે. રાવજી નવચેતન સ્કૂલ પાલડીમાં 9મું ભણે છે. એને કવિતા કરતો જોઈ અમુભાઈ પંડ્યા એને બોલાવે છે. સ્ટાફરૂમમાં પંડ્યા સરની ખુરશી પાસે ઊભો ઊભો રાવજી છંદો શીખે છે. દૂબળોપાતળો રાવજી, ગમે તેવાં કપડાંથી ચલાવી લે છે. શરમાળ છે, ભૂખ લાગે તોય કહેતો નથી. નાસ્તો કરી લે, રાતે વીજળીના થાંભલે બેસીને રાતભર વાંચતો રહે છે, મૅટ્રિક થયો ને કાકાએ રાજનગર સ્પીનિંગ મિલમાં સ્ટોરકીપર તરીકે રખાવેલો. જોડે જોડે કૉલેજનું ભણે છે. લખતો રહે છે. નોકરીઓ બદલતો રહે છે. ‘સ્ત્રીજીવન’, ‘કુમાર’, ‘નવ-જીવન’, ‘સંદેશ’, ‘ગુજરાત સમાચાર’માં નોકરી ઉત્સાહથી કરે છે. ‘સંદેશ’ના માલિક ચીમનભાઈ પટેલ પોતાને ત્યાં કામ કરતા રાવજીને ઓળખતા નથી. ‘રાવજી ? કોણ ?’ ને રાવજીનું સ્વમાન ઘવાય છે. તરત નોકરી છોડી દે છે. બીજે નોકરી કરે છે ત્યાં વળી કોઈ જરૂરતમંદ યુવાન નોકરી શોધવા આવે છે. શેઠ કહે છે ‘ભાઈ! જગ્યા ખાલી નથી.’ રાવજીને નોકરીની સખત જરૂર છે છતાં એ પેલા યુવાનને નોકરી મળે એ માટે જગ્યા ખાલી કરી આપે છે. રાવજી આવો, નફકરો છે, મનમોજી છે. એને ગણતરી આવડતી કે ફાવતી નથી !

કૌટુંબિક કારણોસર ચતુરકાકાનું ઘર છોડે છે. ગુજરાત કૉલેજ કમ્પાઉન્ડ-માં કોઈ ગુણવંત જોડે રાત રહે છે. ત્યાં વળી રેલવેમાં શિક્ષક તરીકે કામ કરતા જેઠાલાલ પટેલનો પરિચય થાય છે. થોડું ત્યાં રહે છે – આ જેઠાલાલે જ એને મુંબઈ દવા કરાવવા સારુ લાવવા-લઈ જવાની ને ખર્ચની જવાબદારી લીધેલી. રાવજી ત્યાંથી બીજા કાકા મણિભાઈને ત્યાં રહે છે – રાયપુર ચકલા. ત્યાંથી સી.ટી.આર્ટ્સમાં F.Y. ભણે છે. ગામ બીલ (તા. પાદરા)ના રાવજીના દૂરના મામા રમણ અંબાલાલ એને અહીં મળે છે. મામો–ભાણેજ ગુંદાના ઝાડ નીચે વાતો કરે છે...ને વાર્તાકવિતા વાંચે છે. રાવજી પરણે છે. વહુ અમદાવાદ આવતાં 25–

નૂતન સોસાયટી પાલડીમાં રૂમ લે છે. 'અશ્રુઘર' પ્રગટ થાય છે. 'ઝંઝા' લખાય છે. ક્ષય ઊથલો મારે છે...ને રાવજી અમરગઢ સેનેટોરિયમમાં દાખલ થયો છે.

વચ્ચે વચ્ચે રાવજી વલ્લવપુરા જતો-વળતો રહે છે. ઘરમાં બધાંને ભણાવવાની જીદ કરે છે. મનુ નાપાસ થાય છે તો ઠપકો લખે છે ને અફસોસ પણ વ્યક્ત કરે છે. બધાંને કહે છે કે તમે નહિ ભણો કે નહિ વાંચો તો સાંજે હું નહિ જમું ને તમને જમવા પણ નહિ દઉં ! મનમાં ઘણાં અરમાન છે. ખેતરમાં કૂવો કરવો છે. ગીરો મૂકેલી જમીન છોડાવવી છે. નવું ઘર કરવું છે. મોટી નવલકથા હજાર પાનાં('વૃત્તિ' –નાં) – ની લખીને નોબેલ મેળવવું છે સાજા થવું છે ને મોજથી જીવવું છે. શબ્દના ચાહકો મળે એટલે રાવજી રાજી રાજી! મુકુન્દ પરીખ સાથે 'શબ્દ' સામયિકના એક બે અંકો કાઢે છે. 'રાખ પણ બોલે છે-' એવું નાટક લખે–છપાવે–ભજવાવે છે. ઘડી વાર પણ જપતો નથી.

ગામ આવે એટલે ખેતરે જાય. ચોળીની શીંગો ખાય. ગવારશીંગ વીણી લાવી બા પાસે શાક કરાવે. બાજરીનો રોટલો એની સાથે ખાય. ખીચડી મળે એટલે ખુશ ખુશ થઈ જાય. ચણાના ખેતરે ઓળો પાડે– છોકરાં ભેગાં કરે, ગીતો ગવરાવે. છાપરીમાં માળે બેસી વાંચે, લખે. ઘડામાંથી પાણી પીવે. શકરાને વાડે વાડે મોકલી ડોડીનાં કૂણાં પાન તોડાવી મંગાવે...એનો રસ કાઢે. પીવે. એક ગલૂડિયું પાળેલું એની જોડે રમે. પોપટનું બચ્ચું પાળેલું, એની જોડે વાતો કરે – આ બધું 'ઝંઝા'નો નાયક પૃથિવી પણ કરતો દેખાડ્યો છે. રાવજીના સર્જનમાં રાવજી પોતે પણ છે.

સાંજે ગામમાં ભજન ના હોય તો રખાવે. કહે : કાલે તો હું અમદાવાદ જવાનો. શંકર, ભજન ગોઠવો. ભજન મંડળીમાં પણ ગાય. તબલા પર હાથ અજમાવે. ચા-ભજિયાંની મહેફિલ પણ ફાળો કરીને ગોઠવે. કોઈનો લોટ, કોઈનું તેલ, કોઈ મસાલા લાવે...ને મંડળી જામી પડે. વલ્લવપુરામાં એના વડીલ મિત્રો વધારે હતા.

અમરસિંહ ખાંટ : 'ભગત' નામે ઓળખાતા.

શંકરલાલ પ્રજાપતિ : કબીરમાંથી ભગત : રાવજીએ 'શંકર પ્રજાપતિને મળ્યા પછી' સરસ કાવ્ય લખ્યું છે.

શકરાભાઈ બલુભાઈ ચૌહાણ : સરખી વયનો દોસ્ત.

લાલાભાઈ ઝાલાભાઈ સોઢા પરમાર : 'અશ્રુઘર'ના લાલાકાકા. 'ભેંસને પાડો આયો'–ની વાત માંડનારા, ને તમાકુની જેમ જિન્દગી ખંડાવાની ફિલસૂફી રજૂ કરનારા.

અહેમદને મળવા સૂઈ ગામ પણ જાય છે.

આ ઉપરાંત વડીલ કાકીઓ–ભાભીઓ જોડે પણ વાતો જમાવતો રાવજી ગામને જીવતું–જાગતું રાખતો હતો. એ અમદાવાદ જાય એટલે ગામ સૂનું સૂનું ને સીમવગડોય ખાલી લાગતાં. ગામમાં કોઈ કુટુંબી વડીલ ગુજરી જતાં સ્ત્રીઓ રાજિયો તથા મરશિયાં ગાય છે. રાવજી પહેલેથી આવું બધું એકધ્યાને સાંભળતો. આ વેળા બા પાસે કાગળ-પેન મંગાવે છે ને તરત મનમાં સંચિત થયેલું લાંબું મરશિયું – 'સ્વ. હુંશીલાલની યાદ – માં લખે છે. વિડંબનાનું આ કાવ્ય એક સીમાચિહ્ન રૂપ રચના છે.

રોગમાં ચિડિયાપણું વધી જતાં એક વાર એ પત્ની લક્ષ્મી પર હાથ ઉપાડે છે....પછી લક્ષ્મીની દયા યાચતી આંખો જોઈને પોતાની જાત પર ગુસ્સો કરે છે. લક્ષ્મી પર ઉપાડેલો પોતાનો હાથ ખાટલાની ઈસ પર પછાડીને ફ્રેક્ચર કરે છે. ને પોતાના કવિમિત્રોને પત્રમાં લખે છે :

'હું મારી પત્ની સમક્ષ ક્ષમા યાચી નથી શકતો
એટલો નીચ છું. હું ઊકલ્યો છું તમારી વચ્ચે
પણ અધૂરો...મને કોઈ ન બચાવે તો જ હું બચ્યો
ગણાઈશ. હું લક્ષ્મીની ક્ષમા નથી માગી શકતો એ
સ્થિતિ જ ક્ષમારૂપ બની ગઈ હોય.' (કૃતિ : 27 : 1968)

રાવજીનો અપરાધભાવ એની પાસે એક સરસ છાંદસ કાવ્ય લખાવે છે :

'એક મધ્યરાતે'

(શિખરિણી)

અરે, આ ઓચિંતું, થઈ જ ગયું શું સ્હેજ પરસે !
પથારી ખીલી ગૈ, કુસુમ ટહુક્યાં કૈં રુધિરમાં !
ઝમે અંગુલિનાં શિખર લયમાં ને નયનમાં
હજારો પૂર્ણિમા પ્રગટ થઈ ગૈ શી પલકમાં !
અને આ હૈયાની ઉષર ધરતીમાં પરિમલ્યા
નર્યા દુર્વાંકુરો ફરફર થતા. સ્હેજ ચમક્યું
સૂતેલી પત્નીનું શરીર; ઝબક્યો હુંય; પરખી.
જરા મેં પંપાળી પ્રથમ. ઉર મારુંય છલક્યું.
વીતેલાં વર્ષોમાં કદીય પણ ચાહી નવ તને.

સ્તનોનાં પુષ્પોમાં શરમ છૂપવીને રડી પડ્યો !

અંતિમ બે પંક્તિઓ ભાવાલેખન અને સહજતા સંદર્ભે ગુજરાતી કવિતામાં વિરલ છે.

એક સાંજે જમીને પતિપત્ની (રાવજી-લક્ષ્મી) બંને અપેક્ષા(ચાર છ માસની દીકરી)ને રમાડતાં સૂવાની તૈયારી કરતાં હતાં...ત્યાં રાવજી મનોમન જેને ખૂબ ચાહતો હતો એ યુવાન પાડોશી છોકરી (જે 'ઝંઝા'માં ક્ષમા રૂપે પ્રગટે છે.) અચાનક–સહજભાવે–આવી ચડી. બાળકીને રમાડીને પાછી જતી રહી. આ પ્રસંગ રાવજી માટે અવસર બની જાય છે ને વળી એક કવિતા લખી દેવાઈ છે :

'શયનવેળાએ પ્રેયસી'

(શિખરિણી)

ચડ્યાં'તાં વાતોએ શયનગૃહમાં દ્વાર ખખડ્યાં.
કવેળાએ આવી ! કશુંય સમજી કો' નવ શક્યાં.
કશા કૈં સંકોચે ઘડીક અટકી ને મરકતી
હળુ ઊભી; પાસે ગૃહિણી મુજ આ સુંદર બની !
જરા ત્રાંસું ભાળી મુજ તરફ; ને બાળક ભણી
વળી ગૈ. ઓચિંતાં શત શત સર્યાં ચુંબન અને
ભરાયું આખુંયે શયનગૃહ થોડીક પળમાં.

થઈ આડીતેડી કસ વગરની વાત ઘરની.
પછીથી પુત્રીની શિરીષ ફૂલ શી કેડ ફરતો
લઈ બાંધ્યો દોરો, હૃદય મુજ ગાંઠ્યું; ઘડીકમાં.
ગૃહિણીને ગાલે સહજ ટપલી દૈ; વળી વળી
ફરીથી પુત્રીને ઘન ગરજતાં ચુંબન કરી
પથારીમાં છોડી અવશ મુજને, ને વહી ગઈ.

તેર પંક્તિનું ઉત્તમ કાવ્ય. રાવજીએ ચૌદમી પંક્તિ નહીં લખીને સૉનેટ બનાવવાનો મોહ જતો કર્યો છે...પણ તેરમી પંક્તિ ભાવકના ચિત્તમાં પુનઃ વ્યંજિત થતી પડઘાતી રહે છે ને નૂતન અર્થ આપીને ન્યાલ કરી દે છે. 'બીટવીન

ધ લાઇન્સ –' કહેવું એટલે શું ? – એનો આ કાવ્ય ઉત્તમ નમૂનો છે. આ પ્રેયસીને રાવજીએ 'અશ્રુઘર' ભેટ આપી એ પછી એ પણ ઘણુંબધું સમજી ગઈ હશે ?!... ને 'ઝંઝા'માં તો એ પૃથ્વીની પ્રેયસી રૂપે પૂર્ણ રૂપે ઊઘડે છે. સર્જક, આરતીમાંથી આપણે આશકા લઈએ એમ; જીવનના ભોજનથાળમાંથી – અન્નકૂટમાંથી – એક કણ પ્રસાદ રૂપે  લે છે ને પછી એમાંથી છપ્પન ભોગ સરજીને જીવનને ચરણે સમર્પિત કરે છે.

વર્ગમાં સાહેબ (સીટી આટ્ર્સમાં) ભણાવતા હોય ત્યારે પાછલી પાટલી પર રાવજી મિત્રને તાજી લખેલી કવિતા વંચાવતો–સંભળાવતો હોય...સૂઈ ગામના મિત્ર એહમદને પણ કવિતા લખવા પ્રેરતો હોય...મિત્રોએ દવા માટે મોકલેલા પૈસામાંથી બૂટ, ટીશર્ટ વગેરે ખરીદીને પહેરતો હોય. આવો સહજ સરળ રાવજી; ચિનુ મોદીને ઘરે જઈને ઓશીકું ચાદર-ચોરસો (ચિનુ મોદીને જે ગમતાં હતાં એ જ..) લઈ આવતો. એક વખત મધરાતે પ્રો. કવિ ચન્દ્રશંકર ભટ્ટને ત્યાં નવી કવિતા વંચાવવા પહોંચી જાય છે. ભટ્ટસાહેબ સ્કૂટર પર એને મૂકવા જાય ત્યારે વળી બત્તીને થાંભલે રોકાઈને વધુ એક કવિતા સંભળાવતો. 'ઝંઝા' લખાઈ ત્યારે રાતે ચિનુ મોદીને ઘરે જઈને કહે છે : નવલકથા પૂરી થઈ ગઈ છે તે લઈ આવ્યો છું...! ચિનુ મોદી કહે છે : મૂકીને જા, કાલે વાંચી લઈશ. રાવજી કહેઃ નહિ અત્યારે જ વાંચવી છે...! ને સવાર સુધી આખી નવલકથા – 'ઝંઝા' – વાંચી સંભળાવે છે. રાવજીને પણ એની કથાવાર્તાનાં પાત્રો સ્વાનુભવ-માંથી જીવતાંજાગતાં મળ્યાં છે. સૂઈ ગામમાં એક સોમાભાઈ જીવાભાઈ સોલંકી હતા. ખુલ્લેઆમ બહારવટિયા જેવું વર્તીને ગામને ત્રાસ આપતા. પણ રાવજીને કેરીઓની થેલી ભરી આપતા. 'વૃત્તિ'  અધૂરી નવલકથામાં રાવજીએ આ સો-માભાઈનું રૂપાંતર મનોર સોલંકીના પાત્ર રૂપે કર્યાનું સમજાય છે. પશુપંખીને પણ પાળતો–વ્હાલ કરતો રાવજી કોઈ માણસ વૃક્ષની ડાળ પણ કાપે તો તરત એને ઠપકો આપતો હતો. કાકાનો દીકરો નારણ આંબાની ડાળ કાપતો હતો. રાવજી એને જોઈને તપી જાય છે; તરત રોકે છે ને કહે છે : 'તું નવી ડાળ ફુટાડી આપવાનો છે ?...સાલા ચક્કર...!' આ પ્રસંગ રાવજીએ 'અશ્રુઘર' નવલકથામાં સત્યના મુખમાં મૂકેલો છે. રાવજી જીવતરના મર્માર્થોને આવી અનેક ઘટનાઓ વર્ણવીને ઉજાગર કરે છે. રાવજીની હાજરી માત્રથી એ પ્રસંગો–ક્ષણો–સ્થળો જાગતાં–જીવતાં બની જતાં !...સેનેટોરિયમમાંય એ ડૉક્ટરો અને દર્દીઓનો વ્હાલો બની રહેલો ! રાવજી નર્યો પારદર્શક હતો !

ꙮ

# 7
# મોલ ભરેલું ખેતર

તમે રે તિલક રાજા રામના
અમે વગડાનાં ચંદન કાષ્ઠ રે;
તમારી મશે ના અમે સોહિયાં –
કેવાં કેવાં દઃખ સાજણ તમે રે સહ્યાં ?
કહોને સાજણ દઃખ કેવાં સહ્યાં.

તમે રે ઊંચેરા ઘરના ટોલડા !
અમે લજવાતી પાછલી રવેશ રે; તમારી મશે
તમે રે અખશર  થઈને ઊકલ્યા !
અમે પડતલ મૂંઝારા ઝીણી છીપના;
તમારી મશે ના અમે સોહિયાં –

રાવજી જાણે છે હોવાપણાનું દુઃખ ! તન છે ત્યાં સુધી તરસ છે અને શ્વાસ છે ત્યાં લગી સોસ ! ગામડાનાં કોઠાસૂઝવાળાં માણસોનું આવું ‘જ્ઞાન’ રાવજી પણ હૈયાદાબડીમાં સાચવીને જીવ્યો છે. દુઃખ કે અભાવો માટે એણે કદી ‘આહ’ નથી કાઢી. પીડાને પ્રેમ ને વેદનાને વ્હાલથી સ્વીકારીને મસ્તીથી, સ્વમાનથી જીવનારો રાવજી એના શબ્દોમાં ઝિલાયેલો છે.

અમરગઢ ચિકિત્સાલયમાં એનું દર્દ વધતું જાય છે. એક ફેફસું ખવાઈ ગયું છે. ઑપરેશન માટે ડૉક્ટર વિચારે છે એ વાત રાવજી પત્રોથી માબાપ અને મિત્રોને જણાવે છે. વધતો ડાયાબિટીશ અને કિડનીમાં વધેલું યુરિયા

ઑપરેશનમાં અવરોધ બને છે. હવે દર્દ છેલ્લા સ્ટેજમાં પ્રવેશ્યું છે. યુરેમિયા વધતું જાય છે – કિડની ખવાતી જાય છે. કોઈ જ ઉપાય નથી.

હવે રાવજી માનસિક સંતુલન ગુમાવતો જાય છે. 'ઝંઝા'ના પ્રકાશક આર. આર. શેઠની કંપની(સોનગઢ)નો માણસ રાવજીને અમરગઢથી અમદાવાદ લઈ આવે છે. મિત્રો એને વી.એસ.હૉસ્પિટલમાં દાખલ કરે છે. અહીં પણ માનસિક હાલત સુધરતી નથી. કદીક રાવજી વૉર્ડમાં નિર્વસ્ત્ર દોડતો દેખાય છે. વધુ દવાઓથી થોડું સારું થાય છે. રઘુવીર ચૌધરી વગેરે મિત્રો – ડૉક્ટરની સલાહ પ્રમાણે – (હવે રાવજી બહુ નહીં જીવે એવા તારણ સાથે) એને વલ્લવપુરા મૂકવા આવે છે. રાવજીને આવેલો જાણીને આખું ગામ જોવા ઊમટે છે. સૂઈગામ-હેરંજ-લાટથી પણ મિત્રો-પરિચિતો દોડી આવે છે. બંને બહેનો આવી છે. લક્ષ્મી પણ નાનકડી અપેક્ષાને ખોળામાં લઈને આંસુ સારે છે...બા-બાપા તથા ભાઈઓ દવા--ઉપચારોની આશાએ હરફર કરે છે. રાવજીએ થોડા વખત પહેલાં લખેલું ગીત, પુનઃ યાદ કરીને, રમણને લખાવે છે : રાવજી આછી હાંફ વચ્ચેય લગ્નગીતના લયમાં ગાતો – ગાવા મથતો –લખાવે છે : (ગુજરાતી કવિતાનું બેનમૂન ગીત) :

**|| આભાસી મૃત્યુનું ગીત ||**

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મારી વેલ્ય શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પ્હેરીને ઊભા શ્વાસ !
મારી આંખે...
પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મને રોકે પંછાયો એક ચોકમાં;
અડધા બોલે ઝાલ્યો; અડધો ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

રમણની આંખોમાં અશ્રુધારા હતી...ચોપાડો ને પડસાળો હીબકે ચઢી હતી. ગામ સ્તબ્ધ હતું. પાદર સૂનમૂન પડેલું.

કોઈએ કશીક માનતા રાખેલી. પંચાયતની ચૂંટણી પણ હતી. બેચાર દિવસમાં એ અંગે હોમહવન હતાં...લાડુનું જમણ હતું...ને રાવજી સૌને કહેતો હતો...'હું જીવવાનો છું...તમે લાડુ ખાવ...ને મને પણ આપો...હાસ્તો !' હઠ કરીને રાવજીએ લાડુ ખાધા. બે દિવસ બાદ ઊથલો આવ્યો...રાવજી ભાન ગુમાવતો જતો હતો. ગાડે ઘાલી એને સ્ટેશને અને ત્યાંથી ટ્રેનમાં અમદાવાદ લઈ ગયા. સીધો વી.એસ.માં દાખલ કર્યો...અમદાવાદના બધા કવિમિત્રો દોડી આવેલા. ચારપાંચ દિવસ સતત બેભાન રહ્યા પછી રાવજીએ તા. 10–8–1968ની સવારે દેહ છોડ્યો. રમણ–લક્ષ્મી અને બા-બાપા ત્યાં હાજર હતાં. વી.એસ. પાછળના સ્મશાનમાં એને અગ્નિદાહ દેવાયો ત્યારે ઉમાશંકર જોશી, ચિનુ મોદી, પ્રિય-કાંત મણિયાર, લાભશંકર ઠાકર, મુકુન્દ પરીખ, ચન્દ્રશંકર ભટ્ટ, સુભાષ શાહ, ગોરધન બ્રહ્મભટ્ટ, રઘુવીર ચૌધરી, ચિમનલાલ ત્રિવેદી વગેરે સાહિત્યકારો ઉપ-સ્થિત રહ્યા હતા. બીજે દિવસે આ મિત્રોએ, 'સંદેશ' સમેત બધાં છાપાંઓમાં અંજલિ-લેખો ને કાવ્યો પ્રકાશિત કર્યાં હતાં. એક મોલ ભરેલું ખેતર પૂર્ણપણે પાકે એ પહેલાં વઢાઈ ગયું હતું...વલ્લવપુરાનો ખોળો ખાલી થઈ ગયો હતો ને શબ્દની ઓસરી સૂની, સાવ સૂની થઈ ગઈ હતી.

રાવજીને મદદરૂપ થવા (રાવજીના છેલ્લા દિવસોમાં અને સ્વાભાવિક જ એની જાણ બહાર) કવિશ્રી પ્રિયકાન્ત મણિયાર અને પ્રો. ચન્દ્રશંકર ભટ્ટે એક અપીલ બહાર પાડેલી. એમાં છેક વિદેશથી પણ સહાય આવેલી, એ સાથે ચારેક આંકડાની રકમ થઈ હતી. પછીનાં વર્ષોમાં રઘુવીર ચૌધરીએ 1970–71માં રાવજીએ તૈયાર કરેલી 'અંગત' શીર્ષક વાળી, કવિતાની હસ્તપ્રત, પુસ્તક રૂપે પ્રકાશિત કરાવી હતી. એમાં રઘુવીર ચૌધરીની બહુમૂલ્ય અને રાવજીની કવિતાનું ઉચિત મૂલ્યાંકન કરતી પ્રસ્તાવના યાદગાર રહી છે. રાવજીના પરિ-વારને રૉયલ્ટી મળતી રહે એ માટે પણ રઘુવીર ચૌધરી તથા ચિનુ મોદી ધ્યાન રાખતા હતા. રઘુવીર ચૌધરી તો એ ઉપરાંત પણ આર્થિક મદદ પહોંચાડવા એક બે વાર જાતે આવી ગયેલા. 'ઝંઝા'ની નવી આવૃત્તિમાં ચિનુ મોદીએ પ્રસ્તાવનાલેખ લખેલો.

રાવજીની કવિતાકથાવાર્તા એની ગુણવત્તાના બળે અભ્યાસનો વિષય બને છે. એ કૃતિઓને એના સત્ત્વ સંદર્ભે અચૂક મળવો જોઈતો મરણોત્તર પારિતો-ષિકોનો લાભ (જે બીજાને નબળી કૃતિ માટે અપાયો હતો) સમકાલીનો કેમ ન આપી શક્યા ? ન સમજાય એવી આ વાત હજી અનુત્તર છે. રાવજીની કવિતા–નવલકથા શાળાઓથી લઈને અનુસ્નાતક કક્ષા સુધી છેલ્લાં પચાસ વર્ષોથી કોઈ ને કોઈ લેવલે ભણાવાય છે...આજે પણ રાવજી વંચાય છે, વખણાય છે. વળી

એના સર્જન વિશે એમ.ફિલ. તથા પીએચ.ડી.ની પદવી માટે સંશોધનાત્મક અભ્યાસો થતા રહ્યા છે....રાવજીનું સમગ્ર સર્જન આજે પણ એટલું જ પ્રસ્તુત અને તરોતાજા અનુભવાય છે. મોટા સર્જકો ઘડીક વિસરાયા છે પણ રાવજીને નવી પેઢીએ પણ વિસારે નથી પડવા દીધો.

રાવજીના અવસાન પછી એની પત્ની લક્ષ્મી બહુધા પિયર રહેતાં. ટૂંકી માંદગીમાં બેત્રણ વર્ષમાં એ પણ મૃત્યુ પામેલાં. એટલે દીકરી અપેક્ષા વલ્લવપુ-રામાં જ દાદા–દાદી તથા રમણભાઈ–મંજુલાબહેન (જે અપેક્ષાનાં કાકા-કાકી હોવા સાથે માસા-માસી પણ ખરાં) પાસે મોટી થાય છે. હાઈસ્કૂલમાં અપેક્ષા પણ સ્વ. પિતાની કાવ્યકૃતિ  કંકુના સૂરજ આથમ્યા – ભણે છે. દાદા-દાદી તથા સહુએ અપેક્ષાને માબાપની ખોટ ન સાલે એ રીતે પ્રેમથી ઉછેરી અને સોજિત્રા ગામે પરણાવી. 1989ના મે માસ (તા. 23મીએ)માં અપેક્ષા મહેન્દ્ર રાવજી પટેલને પરણે છે. ઘર ખાધેપીધે સુખી છે. અપેક્ષામહેન્દ્રને 3 સંતાનો છે : બે દીકરીઓ. 1. અર્પિતા, 2. રીંકલ. એક દીકરો નેહલ. રાવજીનાં આ સીધાં વારસદાર ગણાય. આ ત્રણે ભાણેજાંને પોતાના નાનાજી કવિલેખક હતા એનું ગૌરવ છે. એય નાનાજીની કવિતા ભણ્યાં છે. અર્પિતાને 2014માં ચિંતન જોડે પરણાવી છે. રીંકલ કૉલેજમાં ને નેહલ હાઈસ્કૂલમાં ભણે છે. રમણના બંને દીકરા – શૈલેશ તથા નિમેષ પણ ‘રાવજી દાદા’ માટે ગૌરવ અનુભવે છે. અપે-ક્ષાનાં લગ્ન કરાવ્યા બાદ દાદા છોટાલાલ બેએક વર્ષમાં ગુજરી ગયા હતા. અને દાદી ચંચળબા પાંચેક વર્ષ પછી દેહમુક્ત થયેલાં. આજે વલ્લવપુરામાં ભાઈ રમણનો પરિવાર, સોજિત્રામાં અપેક્ષાનો પરિવાર અને મંજીપુરામાં બે બહેનોનો પરિવાર સુખી જીવન જીવી રહ્યાં છે. 2017ના આ છેલ્લા–દિવાળીના દિવસો ચાલે છે. કાળની બધી ચેષ્ટાઓનો સામનો કરતું પ્રત્યેક જીવન એની ગતિમાં ચાલી રહ્યું છે....ને ચાલતું જ રહેવાનું છે.

રાવજીના અવસાનને ખાસ્સાં ત્રીસેક વર્ષો વીતી ગયાં હશે...ને ડાકોર તથા આસપાસની શાળા–કૉલેજના શિક્ષકો –અધ્યાપકો–આચાર્યો તથા રાવજીના ખરા ચાહકો મળે છે અને શ્રી કે. બી. શાહ તથા મધુકર જોશી- (ડાકોર) ની આગેવાનીમાં ‘સાહિત્ય વર્તુળ’ ડાકોરની સ્થાપના કરવામાં આવે છે. આ સૌ મિત્રો પ્રતિવર્ષ, રમણને સાથે રાખીને, અપેક્ષાને પણ બોલાવીને, રાવજીના સાહિત્ય વિશે, અકાદમી તથા અન્યોની સહાયથી, સાહિત્યિક કાર્યક્રમો યોજે છે. આમ, એ મલકમાં આજે રાવજીનું નામકામ પ્રસરતું ને પમરતું રહ્યું છે. આણંદના નિવૃત્ત પ્રોફેસર ડૉ. ફકીરભાઈ પટેલ (હિન્દી) આ વર્તુળમાં જોડાય છે; પ્રમુખ બને છે અને ડાકોરને પાદરે – પશ્ચિમે વલ્લવપુરા જતી સડકને ત્રિભેટે

નગરપાલિકા જગ્યા ફાળવે છે. મિત્રો ફાળો આપે છે; સંસ્થાઓ મદદ કરે છે. ફકીરભાઈ પોતે 1 લાખ રૂપિયાનું દાન કરે છે. ને આમ 2017ના આરંભે, રાવજીની અર્ધપ્રતિમા મુકાય છે. સાહિત્ય વર્તુળ–ડાકોર એક ટ્રસ્ટ રૂપે આવું ઉમદા કાર્ય સમ્પન્ન કરે છે. રાવજીની અર્ધપ્રતિમાનું અનાવરણ કરવા ગુજરાતના નામાંકિત કવિઓ – ચિનુ મોદી, માધવ રામાનુજ, હરીશ મીનાશ્રુ, મણિલાલ હ. પટેલ, ભાગ્યેશ જહા, ચિત્રકાર કનુ પટેલ, નવોદિત કવિ શૈલેશ પંડ્યા ભીનાશ, રાવજીનો અમદાવાદનો સહાધ્યાયી મિત્ર ગોરધન બ્રહ્મભટ્ટ – સહુ ઉપસ્થિત છે. ઢોલવાજાં વાગે છે ડાકોરના નગરજનો તથા રાવજીના ચાહકો ભાવપૂર્વક હાજર થયાં છે. કવિમિત્રો મન મૂકીને રાવજીની સ્મૃતિવંદનામાં નાચે પણ છે. ગોમતીના પશ્ચિમ ઘાટે જલારામ મંદિરના પ્રાંગણમાં – જતાં વળતાં રાવજી બેસી રહેતો ત્યાં – કવિ સંમેલન યોજાય છે – ને રાવજીની રચનાઓનો પાઠ કરવામાં આવે છે. પોતાના વ્હાલા સર્જક રાવજીને યાદ કરીને લોકો ધન્યતા અનુભવે છે.

(વાક્બારશ–2017 : સોળમી ઑક્ટોબર)

# 8

# સર્જક રાવજી પટેલ

ગુજરાતની મધ્યમાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરની પશ્ચિમે સાતઆઠ કિલોમીટરને અંતરે આવેલા સૂઈ ગામની બગલમાં એક ગામ છે – આજેય ગરીબડું લાગે એવું – નામે વલ્લવપુરા. એક નજરમાં જોઈ લેવાય એવડું, ખોબા જેવડું ગામ. કૃષિકારો અને ખેતમજૂરોની વસતિ. આ ગામમાં ઈ. સ. 1939ના નવેમ્બરની 15મી તારીખે કવિ–નવલકથાકાર રાવજી પટેલનો જન્મ, ખેડૂત પિતા છોટાલાલને ત્યાં. માટી થાપ્યા ગાર લીંપ્યા નળિયેરી ઘરમાં, માતા ચંચળ-બાની કૂખે થયો હતો. ઘર ગરીબ પણ પાટીદારોનો સંસ્કારી સમાજ. માતાપિતા બંને મહેનતુ અને શ્રદ્ધાળુ તથા પૂરાં સામાજિક. થોડીક જમીન અને આકાશી ખેતી એટલે વર્ષે એક વાર ફસલ પાકે. એમાંથી માંડ ઘર ચાલે. પિતા છોટાલાલ તમાકુનો કામચલાઉ વેપાર કરી લેતા. રાવજી ઉપરાંત પણ ચાર દીકરા બીજા, બે બહેનો. આમ, રાવજીનો ઉછેર અભાવો અને અપૂરતા પોષણ વચાળે થયેલો.

વલ્લવપુરા ચરોતરનો પૂર્વોત્તર (ઈશાનિયો) ઇલાકો. ત્યારે તો ત્યાં સડક કે વીજળી કશુંય નહોતું આવ્યું. પાણી માટે નહેરોય ન્હોતી. એટલે સ્વાભાવિક જ માબાપો ચાહે તોય સંતાનોને ખાસ સગવડો ન્હોતાં આપી શકતાં. રાવજી પટેલ આવા વિષમ જીવનસંજોગોમાં ઊછરે છે. પ્રાથમિક શિક્ષણ વતનમાં સૂઈ ગામમાં, માધ્યમિક શિક્ષણ યાત્રાધામ ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલમાં. આ હાઈ-સ્કૂલ ભણતરનાં વર્ષોમાં રાવજીને કવિતા કરવાની લેહ લાગેલી. પણ, કૉલેજનું ભણતર આરંભે એ પહેલાં તો કમાવું પડે એવી નોબત આવી પડી. નોકરી અને ભણવાનું બંને સાથે થઈ શકે એમ માનીને બાપાએ પોલીસમાં કામ કરતા રાવજીના કાકાને ત્યાં રાવજીને અમદાવાદ મોકલી આપેલો. નગરજીવનમાં રાવજીનો જીવનસંઘર્ષ વધારે કપરો બનેલો.

શૈશવ અને તરુણાવસ્થા ગામમાં પ્રકૃતિ અને સીમ-વગડા વચ્ચે વીત્યાં.

ઘરમાં અભાવો વચ્ચે બા-બાપુજી જીવનસંઘર્ષ કરતાં તે રાવજીએ જોયું-જાણ્યું--અનુભવ્યું. લાડકોડ કે મોજશોખની તો વાત જ નહોતી. રાવજી આવી કઠોરતાઓ વચ્ચે પ્રકૃતિને ચાહતો થઈ ગયેલો. ગામ, પાદર, વડ-લીમડાનાં ઝાડવાં, તળાવપાળ અને તળાવમાં ખીલતાં રાતાં પોયણાં, સીમ, ખેતરો, શેઢા, ઘાસ, વૃક્ષો પર આવતી ઋતુઓ, વરસાદ અને તડકાઓ, મોલ ભરેલાં ખેતરો ને વઢાઈ જતી સીમ, પંખીઓનું ભલું જગત, હળ, બળદ, ગાડાં, વાડવેલા, ખેડ, માટી, મોસમોની કૃષિસૃષ્ટિ, વહેતા વહેળા ને સુકાતી નદી, અજવાળી રાતો, ગામ-સીમને ઘેરી વળતો ઋતુ ઋતુનો અંધકાર, સૂરજ, ચંદ્ર, તારાઓવાળું ખુલ્લું આભ, શિશુ અને તરુણ રાવજી આવી ગ્રામસમૃદ્ધિ વચ્ચે ઊછરતાં જીવતાં સંવેદના બાબતે વધારે કોમળ, સુંવાળો બને છે. પ્રકૃતિ વચ્ચે જીવતાં એનાં ગ્રામજનો - સ્વજનો, લોહીસંબંધો અને નિઃસહાય મજબૂરીઓને રાવજી બરોબર ઓળખી જાય છે. આમ સહજપ્રાપ્ત સંવેદના અને મતિસભાનતા રાવજીની ભીતરમાં પડેલી જન્મજાત પ્રતિભાને અજાણતાં જ ઘડે છે. થોડી વાંચવાની ટેવ અને વધારે નીરખવાની, પ્રકૃતિની ગતિવિધિને પરખવાની સૂઝ રાવજીમાંના સર્જકને તરુણાવસ્થાથી જ સાબદો કરે છે.

ભર્યા ભર્યા પ્રાકૃતિક જીવનથી વિચ્છેદાઈને અમદાવાદ જેવા શહેરના કઠોર તથા કૃત્રિમ જીવનમાં રાવજી માટે ન ચાહીનેય જવાનું થાય છે. આ જ ગાળાથી સુકલકડી શરીરની માંદગી પરખાય છે. કૉલેજનું પહેલું વર્ષ અને ‘કુમાર’ તથા અન્ય છાપાની નોકરી. વહેલું લગ્ન. પત્ની લક્ષ્મી ને દીકરી અપેક્ષા. જીવવા પૂરતું કમાવાનું મળે નહીં, પરિણામે પત્ની સાથેય ક્લેશકંકાસ ચાલે. કોઈની પાસે માગવાની તો આઘી વાત, કોઈને કંઈ કહે પણ નહીં એવો સ્વમાની આ સર્જક જોતજોતામાં કવિતા–નવલકથાથી આધુનિકોમાં જુદો પડીને નિજી મુદ્રાએ ઓળખાવા માંડે છે. ત્યાં જ ટી.બી.નો વ્યાધિ જીવલેણ રીતે વકર્યો.

ક્ષયના ઇલાજ માટે આણંદના દરબાર ગોપાળદાસ સેનેટોરિયમમાં દાખલ થાય છે. ત્યાં લખાય છે એની પ્રથમ નવલકથા ‘અશ્રુઘર’. વળી પાછું અમદાવાદ, કૉલેજનું પ્રથમ વર્ષ પૂરું થાય છે પણ બીજું તો છોડવું જ પડે છે. કમાવા માટેનો રઝળપાટ અને કવિતાનો જાદુ. વળી ટી.બી.નો ઊથલો. ભાવનગર પાસેના સોનગઢ-ઝીંથરીના અમરગઢ ક્ષય-ચિકિત્સાલયમાં દાખલ થાય છે. જિજીવિષા તીવ્ર બને છે. દેહની ભીતર શેકાતો આ કવિ સર્જનમાં શાતા શોધે છે. મૃત્યુ નજીક ને નજીક આવતું જાય છે. એને ગામમાં લાવવામાં આવે છે ને આખું ગામ એને જોવા–મળવા ઊમટે છે. એક ફેફસું ખવાઈ ચૂક્યું છે. રાવજી જેવો સર્જક ને સ્વસ્થ માણસ મૃત્યુના આ ઓથારોમાં સાનભાન ખોઈ બેસે છે.

પણ દરેક સમયના સ્વસ્થ તબક્કામાં એણે શબ્દોમાં જીવ પરોવી રાખેલો. એ મૂલ્યવાન અક્ષરદેહને મૂકીને માત્ર ઓગણત્રીસ વર્ષની કૂણીકાચી વયે 1968ના ઑગસ્ટની 10મી તારીખે સવારે મહાચેતનામાં વિલીન થઈ ગયો. એ પછી રાવજીની કૃતિઓ વધુ ને વધુ વંચાતી – વિવેચાતી, આસ્વાદાતી અને સ્વીકારાતી રહી છે. જેણે પૂરું કૉલેજશિક્ષણ પણ નથી મેળવ્યું એ કવિ – નવલકથાકારની રચાનાઓ વિશ્વવિદ્યાલયોમાં અભ્યાસનો અને સંશોધનનો વિષય બને છે. આ ઘટના સાચ્ચે જ વિરલ છે.

સર્જક રાવજી સૌ સર્જકોનો માનીતો સર્જક બની રહે છે. જીવનસંવેદ-ના અને મૂલ્યલક્ષી દર્શન વિના કળાને અધૂરી લેખતા ઉમાશંકર જોશી પણ રાવજીની કવિતાના પ્રશંસક બને છે તો કવિતા કે નવલકથા (બધાંય સાહિત્ય રૂપોમાં) અનુભવ–સંવેદન કરતાંય અભિવ્યક્તિ-સંયોજના અને રૂપનો નિખાર ચાહતા આધુનિકોના અગ્રણી સુરેશ જોષી પણ રાવજી પટેલની કવિતા માટે પક્ષપાત દાખવે છે. ઓછું જીવીનેય પાંચ દાયકા થવા આવ્યા ને તોય એની રચનાઓ આજેય એટલી જ તાજી અને આસ્વાદ્ય લાગે છે. સર્જક પ્રતિભા વિના આવું મૂલ્યવાન સર્જન શક્ય નથી.

રાવજીએ 1960ની આસપાસ લેખન-સર્જન પ્રારંભેલું. 1968માં તો એ એના અક્ષરદેહને મૂકીને અનંતની યાત્રાએ ચાલ્યો ગયો. એણે માંડ એક દસકો સાહિત્યસર્જન કર્યું. પણ જેટલું લખ્યું તેટલું ઘણી રીતે મૂલ્યવાન છે. એની કૃતિઓ આ પ્રમાણે છે.

1. ‘અશ્રુઘર’ (લઘુનવલ ) : 1965
2. ‘ઝંઝા’ (નવલકથા) : 1966
3. ‘અંગત’ (કાવ્યગ્રંથ) : 1971 : મરણોત્તર પ્રકાશન
4. ‘વૃત્તિ અને વાર્તા’ : 1977 : મરણોત્તર પ્રકાશન.

વૃત્તિ રાવજીની અધૂરી રહી ગયેલી નવલકથા છે એની સાથે એની ટૂંકી વાર્તાઓ મૂકીને પ્રકાશન થયું છે.

રાવજીએ એકાદબે એકાંકી-નાટક લખવાનો અધકચરો પ્રયાસ કરેલો. મુકુન્દ પરીખ સાથે મળીને ‘શબ્દ’ નામે સામયિકના થોડા એકબે અંક કાઢેલા. સર્જક મિત્રો સાથેનો એનો પત્રાચાર મજાનો છે. રાવજીએ લખેલા એ પત્રોમાં એનો સર્જકસ્વભાવ, જીવન અને સાહિત્ય વિશેના નિજી ખ્યાલો પણ પરખાય છે.

રાવજી નખશિખ કવિ છે. એણે કથાસાહિત્યમાં પણ સારી સિદ્ધિ હાંસલ કરી છે, પણ ત્યાંય એની ઓળખ તો કવિની જ રહે છે. રાવજીની નવલ-

કથાઓ–વાર્તાઓમાંય એનું કવિત્વ આલેખન અને ભાષારીતિમાં દેખાય છે. ઊર્મિ–પ્રણય સંવેદનકથાઓ, આધુનિક સાહિત્યની દેણગી હોય તો પણ, ગુજ-રાતીમાં તો રાવજી જેટલું મૂલ્યવાન કાર્ય ભાગ્યે જ અન્ય લેખકોએ કર્યું છે. એ કવિ રાવજીની નવલો–વાર્તાઓ તરીકે ઓળખાય છે અને એમાં ઔચિત્ય છે. સહજ અને પૂરા જીવનાવેગથી સર્જાયેલી એ કથાકૃતિઓ નિરાડંબર–નિખાલસ કવિહૃદયની સરજત છે. આપણે પ્રથમ રાવજીની કવિતાની; કવિ રાવજીની વાત માંડીશું.

રાવજી માટે તો જીવનમાં જે વેદનારૂપ હતું તે સર્જનમાં વરદાન રૂપે કામ લાગે છે.  જીવનની પાઠશાળામાં અને ગ્રામપ્રકૃતિના પ્રાંગણમાં એ જે શીખ્યો તે બીજે કશેથી મળવાનું નહોતું. ક્ષયનું દર્દ અને સરહદો ઓળંગી જતી સંબંધ--પીડાઓ સાથે એણે રુગ્ણાલયોમાં જે વેઠ્યું છે એ હૃદયવિદારક હોવા છતાં કહેવું જોઈએ એ જ એની મૂડી બની રહે છે. ‘રુગ્ણાલયો જ એનાં વિશ્વવિદ્યાલયો બની રહ્યાં’ – એમ કહેવામાં ઔચિત્ય છે. પણ જન્મજાત પ્રતિભા જેને કહીએ છીએ એ તો રાવજીની શબ્દ પ્રયોજન શક્તિમાં પમાય છે. એણે રોમેરોમ જીવન અને મૃત્યું અનુભવ્યાં છે અને એની વ્યથાકથાને સહજ વેગથી તથા સૂઝપૂર્વકની શબ્દરચનાથી આલેખ્યાં છે. સર્જક તરીકે આ એની વિશિષ્ટતા છે અને માણસ તરીકેની મોટાઈ તો વરતાય છે એનાં વાસ્તવલક્ષી આલેખનોમાં.

કૃષિકારનું જીવન તે રાવજીના રોજિંદા અનુભવનું જીવન છે. એય કૃષિકવિ કહેવાયો કેમ કે એની કવિતાનું વિશ્વ ગ્રામજીવન–કૃષિજીવન અને સીમવગડાથી ભર્યુંભર્યું છે. રાવજી આ અર્થમાં ગોપકવિ છે. ગોપજીવનને આલેખતી રાવજીની પ્રારંભિક રચનાઓ અનુગાંધીયુગના કવિઓની રીતિ (ખાસ તો છંદોલયની અને રચનાની દૃષ્ટિએ) દાખવે છે. કોમલ મધુર ગ્રામજીવનના વિચ્છેદ સાથે નગરજીવનની કઠોર-કૃતક રીતિઓ જુદો જ અનુભવ કરાવે છે... એ રચનાઓમાં રાવજીની અભિવ્યક્તિરીતિ પણ બદલાય છે. બે વસ્તુ તારવી શકાશે :

* ગોપજીવનથી નગરજીવન તરફની ગતિ (સંવેદના સંદર્ભે)

* પરંપરાગતતામાંથી આધુનિક વલણો તરફની ગતિ (અભિવ્યક્તિ બાબતે).

જોકે આઠ-દશ વર્ષના ટૂંકા ગાળામાં ચાલેલું રાવજીનું સર્જન આવા ચોખ્ખા વિભાગો દાખવતું નથી. એવાં વલણો વર્તાય છે...એ ખરું, બાકી તો નગરજીવન-ના આલેખન વેળાએ પણ ગ્રામપ્રકૃતિનું ભાવાક્રમણ રહે જ છે – ને એનાથી સ્તો ! રાવજીની કવિતા જુદાં જ પરિણામો ઉપસાવી આપે છે.

કવિતામાં ગ્રામજીવન અને સીમપ્રકૃતિને આટલી પ્ર–બળતાથી અને તાજ-પભરી કાવ્યાત્મકતાથી નિરૂપનારો રાવજી પ્રથમ ગુજરાતી કવિ છે એમ કહ્યા પછી પણ ઉમેરી શકાશે કે નગરજીવનના અનુભવે પેલા ગ્રામપ્રકૃતિવિચ્છેદના સંવેદનને વધારે મર્મગામી બનાવ્યું છે. આધુનિક જીવનની એકાધિક બાજુઓ રાવજીને હાથવગી થઈ છે તે એ કાવ્યાલેખનમાં જ નહીં, ગદ્યસર્જનમાંય મદદે આવી છે.

રાવજી પટેલની કવિતાના વિષયો મુખ્યત્વે આ પ્રમાણે રહ્યા છે :

* પ્રકૃતિ : ખાસ કરીને ગ્રામીણ જીવન અને કૃષિ પરિસર.
* પ્રેમ : પ્રેમ સાથે મળતી વેદના, પ્રેમ માટેની તડપ અને અતૃપ્તિ.
* વિરહનો સમગ્ર રીતે કહીએ તો વિચ્છેદનો અનુભવ.
* રતિરાગ, આદિમઆવેગ શી વૃત્તિઓનાં સંવેદનો.
* વતનવિચ્છેદ-પ્રકૃતિવિચ્છેદ અને નગરજીવનની સંકડામણ, બનાવટ, કઠોરતા અને અન્ય વિભીષિકાઓ.
* વિ–રતિ, હતાશા, નર્થ–તા ઇત્યાદિની સંવેદના.
* મૃત્યું સાક્ષાત્કારનાં અનેકવિધ ભાવસંવેદનો.
* માણસ જાતની જડતા, દાંભિકતા, અવળચંડાઈ વગેરે.

ઉક્ત ભાવવિશ્વને રાવજીએ બહુધા ઊર્મિકવિતામાં ઝીલ્યું છે. છાંદસ, પરંપરિત લય અને માત્રામેળી રચનાઓ, અછાંદસ, ગીત, ગઝલ, મુક્ત દીર્ઘ કાવ્યો, નર્મમર્મયુક્ત રચનાઓ, લઘુકાવ્યો, સૉનેટ – આદિ પ્રકારવૈવિધ્ય વડે રાવજીએ પોતાની ભાવસૃષ્ટિને પ્રકટ કરી છે. શબ્દનો એણે બરાબર મહિમા કર્યો છે. શબ્દને માત્ર અર્થ નથી પણ એને નાદ અને લય પણ છે. એ પ્રમાણીને રાવજીએ કોઠાસૂઝથી શબ્દોને સંયોજ્યા છે....ને એનાં કેટલાંક સારાં પરિણામો આવ્યાં છે. પ્રકૃતિજન્ય મનોભાવોને તથા પ્રકૃતિનાં આંતરબાહ્ય રૂપોને આલેખતી રચનાઓનો સદૃષ્ટાંત અભ્યાસ કરીએ :

'બાર કવિતાઓ' નામના ગુચ્છમાં કવિએ પ્રકૃતિ અને માનવજીવનને સાથલગાં મૂકીને પ્રકૃતિજન્ય સંવેદનાને વાચા આપી છે. અહીં કવિએ સીમખેતર કે ગામઘરના પરિસરમાંથી સહજ રીતે કલ્પનો રચી આપ્યાં છે. 'ગયાં ભવમાં હું કયું વૃક્ષ હતો ?' એમ પૂછતો કવિ વર્તમાનની વિષમતાને આ રીતે મૂકે છે :

'...કૂંપળના કાન પાસે બેસીને<br>
સૂકા તળાવની તિરાડો જેવું<br>
ટટળે છે ક્યારની ટીંટોડી...

*

ચારેકોર વ્યાપી ગઈ છે
ખેડેલી જમીનની ઊની ઊની વરાળ,
હવે તો
મારી કવિતાના શબ્દોમાંથી પણ
દઝાય એવું લાગે છે !'

રાવજી સમગ્ર પ્રકૃતિ સાથે પોતાના અસ્તિત્વને ભેળવી દે છે. સહજ રીતે જ એમ બને છે. રોજિંદો જીવન-અનુભવ, વેદના અને કોઈ પણ ચિત્તસંચલન, કવિ પ્રકૃતિનાં સાદૃશ્યોથી અભિવ્યક્ત કરે છે. પ્રકૃતિ એના અસ્તિત્વનો અપરિહાર્ય અંશ છે. એટલે એ નિજી ભાવોને નિરાયાસપણે પોતીકી પ્રકૃતિથી આલેખે છે. આવી સિદ્ધિ ઓછા ગુજરાતી કવિઓને મળી છે. પોતાના લોહીના લય જેવી પ્રકૃતિને એ જીવનલય રૂપે ગાય છે ત્યારે 'વરસાદી રાતે' અને 'હજીય તે' જેવી રચનાઓ મળે છે. જોઈએ :

ઈશાની પવન મારા છાપરાના નળિયાને ઊંચું-નીચું કર્યા કરે.
નળિયાંની નીચે મારી ઊંઘ પણ પીછાં જેવી
આઘીપાછી થયા કરે.
નાનો ભાઈ બચબચ ધાવે,
બચકારે બચકારે અંધારાનો મોલ હલે.
સ્હેજ વળી ફણગાની જેમ કૂણું કણસીને
બચ બચ પીધા કરે માયાળુ ખેતર.
મારી કીકીઓમાં કણસલાં હળુ હળુ હલ્યા કરે.
એની પર પંખીઓનાં પીંછાં સ્હેજ ફરફરે.
આખો દહાડો ઢેફાઈ કુટાઈ –
મા
પંજેઠીની જેમ લૂસ ખાટલામાં પડી રહી.
મારા બાવડામાં દિવસ, બળદ, હળ, બારે મેઘ પોઢ્યાં
અને
નળિયાની નીચે મારી ઊંઘ
પીંછા જેવી આઘીપાછી થયા કરે.....(પૃ. 32)

ખેતરને લગાડેલું ‘માયાળુ’ વિશેષણ આખી સીમસૃષ્ટિમાં જીવ પૂરે છે. શેઢો, સીમ, ખેતર, હળ, બળદ, ઘાસ, મેઘ, ઝાડ, વેલા, ડૂંડાં, પવન, તડકો, ભાત, ચલમ, દેવતા, તમાકુ, વ્હેળો, પંખી, પીંછાં, અંધકાર, સૂરજ, ચન્દ્ર, તળાવ, માટી, ધૂળ, ગાય-ભેંસ-બકરી, આંબો, મહુડો, પાંદ-કૂંપળ, ડાળી, ટેકરીઓ, પગલાં, વંટોળ, છાશ-રોટલો, ગ્રામજીવનનો, ખાસ તો કૃષિકારના જીવનનો આવો સંપૂર્ણ અસબાબ કોઈ એક જ ગુજરાતી (અને ભારતીય ભાષાઓના પણ) કવિની કવિતામાં આટલી નિસબત, તાજપ અને ભાવાર્થની સંકુલતા સાથે નથી પ્રગટ થયો. રાવજીમાં આ બધું છે માટે એ ઉત્તમ કૃષિકવિ છે.

વરસાદી રાતનું બંધ આંખે જોવાતું અને અન્ય ઇન્દ્રિયોથી ઝિલાતું ચિત્ર ભાવસંયોજનાની રીતે પણ અ-પૂર્વ છે.

‘વ્હેતી કોયલ’, ‘હરતો ફરતો આંબો’, ‘ટહુકતી માટી’, ‘બળદની ખરીઓમાં સંભળાતો અંધકાર’, ‘ઘાસનું લીલું પૂર’, ‘ઘીની ધાર જેવું જોતી હતી નાર’, ‘માટીની સુગંધ મારી હથેલીને અડે’, ‘સૂસવતો અંધકાર’, ‘શ્યામ કૌમુદી’, ‘ચોકમાં કૂણેરું ઘાસ’, ‘હલમલે તાજપનું તેજ’, ‘કલશોર ભરેલું વૃક્ષ કાનમાં ઝૂલે’, ‘કોઈક ઘટા લીલુંછમ ટહુકે’, ‘બારણે આવી હો મોગરાની ગાયો’, ‘આ અંધકાર મહુડાની જેમ મસ ફાલ્યો’, ‘ઘન ગરજતાં ચુંબન’, ‘ખુરશીમાં ઝૂલતી ડાળીઓ’, ‘સમયને ખોદી શકાતો નથી’, ‘આ અંધકાર ઊંચકું હું કેમ ?’, ‘બંગડી જેવું ગામ’, ‘કૂવામાં બેઠેલી તરસી સીમ’, ‘મઘમઘ મેંશ જોઈ મેં રાતી’, ‘આંખ ભૂલી ગઈ આંખપણું ને આંગળીઓથી દીઠી’, ‘મને વાગે સજીવી હળવાશ’, ‘રે હણહણતી મેં સાંભળી સુવાસ’ – આવાં અનેક કલ્પનો તથા શબ્દગુચ્છો રાવજીની કવિતાને વધારે સાહિત્યિક બનાવે છે. આવાં કલ્પનો(અને પ્રતીકો)થી કાવ્યાર્થ-ભાવાર્થ સંદર્ભે કાવ્યની મૂલ્યવત્તા વધે છે, આસ્વાદ્યતા પણ વધે છે.....ક્યારેક આવાં કલ્પનો મૂર્તને અમૂર્ત અને અમૂર્તને મૂર્ત કરી દઈને સદ્યોગમ્યતા સાધવામાં મદદરૂપ થાય છે. તો સામાન્ય ભાવક માટે અર્થવિલંબન પણ રચે છે. રાવજીનાં કલ્પનોમાં સંદિગ્ધતા પણ દેખાશે. એ વિદગ્ધોને પહોંચે એટલું મુગ્ધોને પજવેય છે.

આસપાસના પરિવેશમાં અને પ્રકૃતિમાંથી રચાતાં આવાં કલ્પનો કવિતાને વધુ ને વધુ ઇન્દ્રિય-ભોગ્ય બનાવે છે. રાવજીની કવિતામાં સ્વાદેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, શ્રવણેન્દ્રિય, દશ્યેન્દ્રિય તથા સ્પર્શેન્દ્રિયને લગતાં કલ્પનો મળે છે – એમાં આસ્વાદ્ય ઇન્દ્રિયવ્યત્યયો પણ છે. રવાનુકારી ક્રિયાપદો/શબ્દો પ્રયોજીને પણ રાવજી કવિતાને વધારે સજીવ તથા ગતિશીલ બનાવે છે. અવકાશ, વિસ્તાર, ઉષ્ણતા-શીતળતા, ગતિશીલતા, દેહજ્ઞાન – આદિને સૂચવતાં કલ્પનો પણ રાવજીની વિશેષતા છે.

## આભાસી મૃત્યુનું ગીત

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ !
મારી આંખે કંકુના સૂરજ અથમ્યા...
પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મને રોકે પંછાયો એક ચોકમાં;
અડધા બોલે ઝાલ્યો; અડધો ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

ઉમાશંકર જોશીએ, મૃત્યુના સંદર્ભે, ઉક્ત ગીતને રાવજીનું હંસગીત કહ્યું છે. લગ્નગીતના લયમાં લખાયેલું મૃત્યુનું ગીત – પોતે જ વિપર્યાસ છે. શ્વાસ અજવાળાં પહેરીને અનંતની સફરે ઊપડી જવાના છે. એવી આ વેળામાં પણ હજી કામનાના હણહણતા અશ્વોની હેષાઓ સંભળાય છે....સજીવી હળવાશ સ્પર્શે છે – વાગે છે. લીલપને ગળી જતી પીપળનું આક્રમણ છે ને એ જ ઘડીએ કોકનાં વેણ, કોકનાં ઝાંઝર રોકી રહ્યાં છે. જીવનમૃત્યુનો આ સંઘર્ષ અત્યંત નજાકતસભર તથા પ્રતીકાત્મક અભિવ્યક્તિ પામ્યો છે. 'કંકુના સૂરજ' તે જિંદગીના, સૌભાગ્યના દિવસોને સૂચવે છે...પણ હવે એવા દિવસો આથમી જશે !

ગુજરાતીનું આ ઉત્તમોત્તમ ગીત નાદ-લય તથા ભાવ-ભાષાની સંયોજનાથી પણ ઉત્કૃષ્ઠ ઠરેલું છે. મૃત્યુને સહજભાવે ગાતી આવી રચના દુર્લભ છે. હળવાશમાં કરુણતા સંભરી દેવાની કળા કોઈક જન્મજાત પ્રતિભાવંત કવિને જ હસ્તગત હોય છે. રાવજી એવા ઓછા કવિઓમાંનો એક છે.

'સંબંધ' નામના દીર્ઘકાવ્યમાં રાવજીએ જીવનની સામે પડેલા મૃત્યુને વણી લીધું છે. એમાં જીવનની આંટીઘૂંટીઓ, સમયના વારાફેરા, સંબંધોની પોકળતા, સ્નેહઝંખાની સામે અભાવો ઇત્યાદિ મૂકીને માનવ-નિયતિનું સંકુલ ચિત્રણ કરવામાં આવેલું છે. આધુનિક સમયમાં થયેલો અસ્તિત્વબોધ રાવજી અહીં મૂકી આપે છે. અહીં એક ઉદાહરણ પૂરતું થશે :

અરે આ કોણે અમને ઝીંક્યા ?
અમને મરી ગયેલા મારે
અમને પોતાના પડકારે
ઘરમાં લોટ દોહીને ઉછેર્યા તે રણે ચડ્યા.

*

મારી સપનાળી ઊંઘોને ઊઠ્યા ફરફોલા
વત્સો, મારી નરમ નરમ મોટાશ - ગાલની ટશર
ઉપર શઢ છૂટ્યા.
લંગર લફરક દઈને તૂટ્યાં
ભઈ
હું મડદાની આંખોમાં તરવા લાગ્યો.

‘ઠાગાઠૈયા’ અને ‘સ્વ. હુંશીલાલની યાદમાં’ : રાવજીની આ બે વિશિષ્ટ રચનાઓ અત્યંત મહત્ત્વની છે. આધુનિકતાથી પ્રભાવિત થયા વિના અને પરંપરાને વણસમજ્યે છોડી દેવાની ઉતાવળ કર્યા વિના રાવજીએ કવિતા કરી અને આધુનિકોમાંય માગ મુકાવે એવી ‘સવાઈ આધુનિકતાવાળી અભિવ્યક્તિ’ ‘ઠાગાઠૈયા’ રચનામાં સિદ્ધ કરી છે. ને છતાં રાવજીમાં પરંપરા સાથેનો નર્યો વિચ્છેદ નથી. અસલને ઓળખતો રાવજી ગ્રામજીવન સંદર્ભે તળના માણસને અને પ્રકૃતિની કહો કે ચેતનાની સત્તાને જાણે છે ને નિજી ચેતનાને – (પછી એ માણસમાં, વૃક્ષ-વેલી-ઘાસ-પંખીમાં રહેલી ચેતના કેમ ના હોય !) એ ‘મહાન ચેતના’ના, ‘વ્યાપક સત્તાના અંશ’ તરીકે પ્રમાણે છે. એટલે ખેતરશેઢેથી સારસી ઊડી જાય છે ત્યારે એ ચેતનાને પુનઃ પામવા વ્યાકુળ થઈ ઊઠે છે. ‘સંબંધ’ આદિ દીર્ઘકાવ્યોમાં પણ કવિ જડ સંસ્કૃતિની એવી ખોખલી કે સંવેદનભક્ષી પરંપરાઓને છોડીને નિજત્વને સાચવવા કહે છે. ‘ઠાગાઠૈયા’માંય આવી સંઘર્ષભૂમિકા છે પણ હંમેશાં વિધેયાત્મક (નકાર કર્યા પછીય શ્રદ્ધા નહીં ગુમાવતો) રહેતો રાવજીનો કવિસ્વર ‘ઠાગાઠૈયા’માં નિષેધાત્મકતાને ઘૂંટતો પમાય છે. અલબત્ત, રઘુવીર ચૌધરીએ નોંધ્યું છે તેમ ‘કવિતાને ખપે બસ મોગરાની વાસ’/ ‘નજીક બેસાડી તારા ઘરને હું કવિતાની જેમ/કશો અર્થ દઉં’, ‘કેવળ વેરાઈ જાઉં પ્રણયની જેમ’ / ‘હું તો માત્ર/ભૂખથી રિબાતું મારું વલ્લવપુરા ગામ –’ આ ચારેય પંક્તિઓ વિધેયાત્મક સ્વર દાખવે છે.

રઘુવીર ચૌધરીએ રાવજી બાબતે નોંધ્યું છે :

'રાવજીએ સાહિત્યિક પરંપરાને કે પોતાના વર્તમાન સમાજને સમૂળગો નકાર્યો નથી...શૈશવની સૃષ્ટિનો એક અર્થ એને માટે છેક સુધી ટક્યો છે. સ્વપ્ન પણ એના માટે પૂરતું આશ્વાસન હતું. તેથી જીવનનાં છેલ્લાં વર્ષોમાં પણ એ નેતિવાચક થયો નથી... ('ઠાગાઠૈયા' – જેવાં કાવ્યોમાં) રાવજી પરંપરાના નજીકના સગા તરીકે એની સામો થાય છે. રાવજીનો પરંપરા સાથેનો ઝઘડો એક પ્રેમીનો છે. તર્કશાસ્ત્રીનો નથી.' ('અંગત' પૃ. 122–23)

'સ્વ. હુંશીલાલની યાદમાં (પૃ. 74) વિડંબન અને વ્યંગ, તથા વિવિધ લયસંયોજનાથી જુદું પડી આવતું રાવજીનું જ નહીં ગુજરાતી કવિતાનું પણ અપૂર્વ તથા વિરલ કાવ્ય છે. માણસના મરણ પછી એનાં ગુણગાન ગાતાં મરશિયાં-રાજિયા ગુજરાતી લોકકવિતામાં છે. માણસના મરણ પછી લોકાચાર વેળાએ સ્ત્રીઓ આવાં મરશિયાં ગાય છે. એમાં રોવા-કૂટવાના વિવિધ લય સાથે મરનારનાં અતિશયોક્તિભર્યાં વખાણ કરવામાં આવે છે. રાવજીએ હુંશીલાલ નામનો દંભી, જુઠ્ઠો, લબાડ ગામ આગેવાન લીધો છે. જે અનેક નેતાઓનો પણ પ્રતિનિધિ છે. એનો મરશિયો રચતાં કવિએ વ્યંગ, કટાક્ષ કર્યા છે અને ભારોભાર વિડંબના પણ રચના દ્વારા ઉપસાવી છે. આપણે ત્યાં સામાજિક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્રે આવા દંભીઓ છે. રાવજીએ 'હુંશીલાલ'ના ચરિત્ર દ્વારા તીખા, ખારીલા કટાક્ષો કર્યા છે. આવા 'નકામાઓ'ની સત્તા તથા લોલુપતાની મજાક કરવામાં રાવજીની કવિત્વશક્તિનો જુદો જ પરિચય મળે છે.

*

કવિતાની જેમ રાવજીનું કથાસર્જન પણ વિશેષતાવાળું અને આસ્વાદ્ય છે. સાહિત્યકળાની ભૂમિકાઓ પણ - ભાષા કે કલાદૃષ્ટિએ પણ રાવજીની નવલો ગુજરાતી નવલકથામાં મહત્વનાં ઉમેરણ સમી છે. ઊર્મિસંવેદન, વસ્તુસંકલન તથા ભાષા-આલેખનની – દૃષ્ટિએ 'અશ્રુઘર' મૂલ્યવાન નવલ તરીકે સાઠોત્તરી ગુજરાતી નવલકથાઓમાં ખાસ સ્થાન ધરાવે છે અને 'ઝંઝા' પણ સંવેદન અને ડાયરીશૈલીના નિરૂપણને લીધે ધ્યાનપાત્ર બનેલી નવલકથા છે.

રાવજીની કથાઓ ઊર્મિપ્રધાન છે 'અશ્રુઘર'ને તો યોગ્ય રીતે જ Lyrical Novel (ઊર્મિકથા) ગણાવાઈ છે. 'ઝંઝા'માં સંવેદનવ્યાપાર સાથે જીવનવિચાર વણાયેલો છે. પણ બંનેનું કાઠું તો 'સંવેદનકથા'નું છે. બંનેની ભાષા, એ કારણે સ્તો, કાવ્યાત્મકતા ધારે છે. કલ્પન આદિનો વિનિયોગ કથાના આંતર-બંધારણને સૂક્ષ્મ અને પ્રભાવક બનાવે છે. અહીં કથાવસ્તુ ખાસ નવું નથી, બલ્કે પરંપરાગત લાગે એવું – 'ચવાઈ ગયેલું' લાગે કદાચ! પણ માવજત, રજૂઆત, નિરૂપણમાં

નાવીન્ય છે અને ભાષાઅભિવ્યક્તિ તાજગીસભર છે.

'અશ્રુઘર' આણંદ પાસેના ક્ષય-નિવારણ કેન્દ્ર સેનેટોરિયમમાં રાવજી પોતાના ક્ષયના ઇલાજ માટે રહ્યો હતો, એ ગાળામાં સર્જાઈ હતી. આ ઉલ્લેખ એટલા માટે જરૂરી છે કે 'અશ્રુઘર'નો નાયક સત્ય પણ ક્ષયનો દર્દી છે અને આણંદ પાસેના સેનેટોરિયમમાં ઇલાજ અર્થે રહેલો છે. કથાનું સ્થળ છે આણંદનું ક્ષય સેનેટોરિયમ. આગળ નોંધ્યું તેમ આ કૃતિ નિરૂપણની નવતા અને ભાષા-લેખનની તાજપને કારણે ભાવકોને આકર્ષે છે, એ જ રીતે ભાવકોને એની કથામાં–દર્દભરી કરુણ સંવેદનકથામાં – રસ પડે છે, કેમ કે ભાવકો 'અશ્રુ-ઘર'ના નાયક સત્યમાં સર્જક રાવજીને જુએ છે. સત્યની રુગ્ણાવસ્થા અને અભાવોભરી દુનિયા તથા પ્રબળ જિજીવિષા ખરેખર તો રાવજીની જ જીવનસૃ-ષ્ટિ છે. સર્જક-હૃદયના અનુભવોનું પ્રામાણિક અને હૃદ્ય આલેખન 'અશ્રુઘર'ને વિશિષ્ટ સ્તરની કૃતિ ઠેરવે છે. એનો વિગતે આસ્વાદ કરતાં પહેલાં એની કથાનો સારાંશ નોંધીએ.

'અશ્રુઘર'નો નાયક છે સત્ય. સત્ય કવિ છે – લેખક છે. અતિ સંવેદનશીલ છે. સત્ય ટીબી પેશન્ટ છે અને સારવાર અર્થે આણંદના સેનેટોરિયમમાં દાખલ થયેલો છે. એક દિવસ પોતાના ક્ષયગ્રસ્ત પતિને લઈને લલિતા નામની શિક્ષિકા અહીં આવે છે. સત્યની બાજુનો જ પલંગ લલિતાના પતિને મળે છે. પરગજુ અને લાગણીશીલ સત્ય લલિતાનેય ગમે છે. બંને વચ્ચે પ્રેમ જાગે છે. લાગણી ઊંડે સુધી વહે છે. પણ સત્ય સાજો થતાં સેનેટોરિયમ છોડીને ઘેર-ગામડે જાય છે. અલબત્ત, લલિતાની યાદો લઈને ! સત્યને ટીબી છે એવી વાત ફેલાઈ જાય એ પહેલાં સત્યનાં માબાપ એને ભાભીની બહેન સૂર્યા સાથે પરણાવી દેવાની યોજના ઘડે છે. સૂર્યા બહુપુરુષભૂખી છે. સત્ય એના તરફ આકર્ષાય છે પણ સૂર્યાના ફરેબોની વાત એને મોડેથી – અહેમદ દ્વારા – સમજાય છે. દરમિયાન ક્ષયમાં પતિ ગુમાવી બેઠેલી લલિતા સત્યના ગામમાં જ બદલી થઈને આવે છે. સત્ય એને મળીને હળવો થાય છે પ્રેમ પાછો વેગ પકડે છે. પણ સંજોગો લલિતાને મજબૂર કરે છે. એ સત્યને જાકારો આપે છે અને સત્ય સૂર્યા સાથે પરણીને એની ચારિત્ર્યહીનતા – પેટમાં બીજાનું સંતાન છે તે – જાણીને દુઃખી થાય છે. આમાં એનો ક્ષય ઊથલો મારે છે. સૂર્યા ફરેબ કરે છે. સત્યને ફરીથી દવાખાને લઈ જવામાં આવે છે. એના બચવાની આશા નથી. લલિતા બધું છોડીને સત્યની બની રહેવા દોડી જાય છે પણ સત્ય પુનઃ એને અશ્રુઘરમાં એકલી છોડીને મૃત્યુ પામે છે. કથા સાવ નવી નથી પણ રસપ્રદ છે.

આણંદના ક્ષય ચિકિત્સાલયમાં આ કથાનું પ્રથમ એકમ રચાય છે. ત્યાં

સત્ય અને લલિતા એકબીજાને મળે છે ને સંબંધાય છે. સર્વદમન એમની વાત-ચીતનો આધાર અને એકલતાનો વિભાવ બને છે. ક્ષયગ્રસ્ત દર્દીઓની ઘરગથ્થુ વાતો, નલિની અને જન્નુની પાગલ દુનિયા, ડૉક્ટરો, નર્સો, તડકો અને આંબો, આવતાં-જતાં સ્વજનો કે પત્રોની વાતો – આ સર્વ મળીને એક વાતાવરણ રચાય છે. સત્યને આવે સમયે લલિતાની તાજગી આકર્ષે છે. ઘરનાંની લાગણી માટે એ લાલાયિત થઈ ઊઠે છે. અભાવ એની ભીતરમાં નાગફેણ શો બેઠો થાય છે, ને લલિતામાં એ આધાર ઝંખ્યા કરે છે. આ બધું ઉપસાવવામાં રાવજીએ કાળજી લીધી છે. નિરૂપણમાં ચોકસાઈ, ઝીણવટ અને સહજતા છે. ભાવકની સાક્ષીએ બધું ઘટી રહ્યું હોય એવું લાગે છે. કૃતિમાં Being કરતાં Becomingની પ્રોસેસનું મૂલ્ય વધુ હોય છે. અહીં એ પ્રોસેસનો અનુભવ થાય છે.

કૃતિનું બીજું એકમ, સત્ય રજા મળતાં ચિતિત્સાલયેથી ઘેર જાય છે, ત્યાંથી આરંભાય છે. અહીં સત્ય – સૂર્યા એકબીજાની નજીક આવે છે. દિવાળીબા, પિતાજી, ભાઈ, ભાભી, અહેમદ, રતિલાલ જેવાં પાત્રોની વચ્ચે સત્ય જીવે છે. ગ્રામીણ પરિવેશ, ખેતી, તમાકુનો વેપાર, બાધા – ઉજાણી, સૂર્યાની પુરુષભૂખ બધું વર્ણવાય છે. સત્યનું લગ્ન નક્કી થાય છે. વળી દ્વિધા જન્મે છે. વિધવા થઈને લલિતા સત્યના ગામમાં શિક્ષિકા તરીકે આવે છે. સત્યની લાગણીઓ તીવ્ર બને છે, પોતે લલિતા સાથે હક્કપૂર્વક વર્તે છે. પણ લલિતાને પોતાનું ઘર નથી આપી શકતો. સૂર્યા સાથેનું લગ્ન પણ અટકાવી શકતો નથી. સત્ય વધુ વ્યગ્ર બને છે. ને પોતાની એકલતાનો કે આનંદનો આધાર એવી રમતીને (બકરીને) એ મુક્કાથી મરણશરણ કરી દે છે. એની તબિયત માનસિક ઉત્તાપોથી કથળી ઊઠે છે. લગ્ન પછી એનો ક્ષય ઊથલો મારે છે. કૃતિનો આ મધ્યભાગ ઘણો વિસ્તાર રોકે છે. લેખકે મોકળાશથી વર્ણન કર્યું છે, સત્ય અને એની સંદર્ભિત સૃષ્ટિનું. સત્યનાં માનસિક સંચલનો ઉપસાવવા ઘણી વિગતો આવે છે, બહુધા કલ્પન રૂપે. સત્યના આંતરબાહ્ય વ્યક્તિત્વનો એની વેદના સહિત અહીં સઘન પરિચય થાય છે.

કૃતિનું ત્રીજું અને અંતિમ એકમ ટૂંકું પણ એટલું જ અગત્યનું છે. સત્યને ફરીથી સેનેટોરિયમમાં લાવવામાં આવે છે. સૂર્યાની અવળચંડાઈ એને પીડ્યા કરે છે. એમાંથી એ વિકૃત આનંદ લેવા સુધી જાય છે. લલિતાનો જાકારો એને હજી કઠે છે. બચવાની કોઈ આશા નથી ત્યારે એ શ્રદ્ધાવાદી બને છે, ચિંતક બને છે. સૂર્યા શાંત છે. અહેમદ અહીં સત્યની સાથે રહીને સક્રિય પાત્ર રૂપે ઊપસે છે. બીજા એકમમાં આ અહેમદે સૂર્યાનાં ચારિત્ર્યને જાણી લીધું હતું. એની નૈતિકતાને એણે બચાવી હતી, પણ મિત્રને એ સૂર્યાથી બચાવી શક્યો

નહીં ! લલિતા અચાનક આવી ચઢે છે. બધું છોડીને – કાયમ માટે. પણ બધું બદલાઈ ગયું છે. સત્ય પહેલી વખત લલિતાને અહીં મૂકીને એને ગામ જતો રહેલો. આ વખતે સત્ય કાયમ માટે ચાલ્યો જાય છે. લલિતા, ફરીથી એકલી પડી જાય છે. (બીજી વારનું વૈધવ્ય એને ઘેરી વળતું હશે ને ?) સત્યની વેદના સાથે લલિતાની કરુણતા આપણને ભીંજવે છે, સત્યના ભુલાઈ જવાયેલા શર્ટને પેટીમાં આધારરૂપ રાખીને જીવેલી લલિતા પાસે અંતે કશું બચતું નથી. ખાલીખમ અશ્રુ-ઘરમાં સત્ય વિનાની લલિતા ફસડાઈ પડતી સંભળાય છે. આમ, જોઈ શકાશે કે ત્રણે એકમોમાં કૃતિનું વસ્તુવિધાન ચુસ્ત છે. એનું નિરૂપણ સઘન છે. કૃતિની રચનારીતિમાં લઘુનવલમાં અપેક્ષિત 'સિંગલ સિચ્યુએશન' સાંકેતિક વર્ણન, વ્યંજનાગર્ભ ભાષાનો પ્રયોગ સફળ રીતે થયાનું પમાય છે. વસ્તુસંકલનમાં સુ-ગ્રથિતતા છે.

કૃતિમાં વર્ણવાતા વાસ્તવજગતને રાવજીએ બળવાન ઈમેજરી(કલ્પનાવ-લિઓ)થી તિરોભૂત કરી દીધું છે. કલ્પનોનાં એકમો એકબીજા સાથે સંદર્ભાય છે ને પરિસ્થિતિ કે વેદનાને વધારે સ્પષ્ટ કરી આપે છે. સૂક્ષ્મને સંકેતવામાંય કલ્પ-નોનો ઉપયોગ થયો છે. આમ, અહીં કાવ્યસ્પર્શ કે કવિતામય ભાષા વાયવ્ય કે હવાઈ ન બનતાં નિરૂપણરીતિનો અકાટ્ય ભાગ બને છે, નહીં કે એ માત્ર વિશેષ બની રહે ! સત્યના જીવનની નકરી વેદનાનું રૂપાંતર આવી ભાષારીતિ વિના અશક્ય બની રહેત. એક પછી એક આવતાં કલ્પનો કૃતિમાં એકમો રચે છે. આગળ આપણે એવાં એકમોની નમૂના દાખલ ચર્ચા કરવાના છીએ. 'અશ્રુઘર'ને સર્જકઉન્મેષનાં એ મોજાં વારંવાર કળાત્મકતાની 'ઓરબીટ'માં લઈ જાય છે.

રાવજીની સર્જકતાનાં દૃષ્ટાંતો જુઓ :

1. 'સત્યની આંખો એની ઘઉંવર્ણી તંદુરસ્તીને સૂંઘવા લાગી હતી...સત્યનું મન લલિતાની સળવળતી આંગળીઓને ઘઉંની ઊંબીઓની ઉપમા આપતું હતું.' (પૃ. 15)

'ખાટલાઓમાં પડેલા સમયના ટુકડાઓ પાસાં બદલતાં હતાં, છતાંય દિવસે કેમે કર્યો રોગના જંતુ જેવો ખસતો નહોતો, નહીં તો શિયાળુ દિવસ સેનેટોરિયમની બહાર તો પતંગિયાની જેમ ઘડીક બેસીને ઊડી જાય.' (પૃ. 15)

2. 'બપોરે તો કેવળ શ્વેત સઢ જેવી મચ્છરદાનીઓનો આછો આછો ફફડાટ જ સાંભળ્યા કરવાનો... બાકીના દર્દીઓ સેનેટોરિયમના નિશ્ચલ સમુ-દ્રની મધ્યમાં પોતાનાં જહાજોને અધ્ધરતાલ લાંગરીને રોગ વગરની દુનિયામાં પહોંચી જતા.' (પૃ. 15)

3. ‘સત્યના મૌનને અડીને પોતાના તરફ વહી આવતી આછી હવાના સ્પર્શથી મહુડીની શાખા પરથી મહુડાં ખરી જાય એમ ખરખર કરતાં આંસુને એ રોકી ન શકી.’ (પૃ. 49)

4. ‘ઓચિંતો ‘હડડે’ શબ્દ આવતાં બપોરી એકાંતમાં બેઠેલી વિધવા પીઠ ધ્રૂજી ઊઠી. સ્મશાનભૂમિનું ભૂખ્યું પ્રેત ભરબપોરે જાગી ઊઠ્યું હોય એવો વંટોળ ઝાડીમાંથી બહાર આવ્યો.’ (પૃ. 150)

5. ‘સત્ય ઊઠતો-બેસતો કંઈક ખાતો, ઘરમાં જતો આવતો પણ પાંચ દિવસ પહેલાં હતો એવો નહીં, લલિતાના હૃદયાકાશમાં વીંઝાતી વીજળીઓ જેવો આમતેમ અટવાતો હતો.’ (પૃ. 161)

6. ‘હળ લાકડાં રઘવાયાં થઈને સીમ ભણી છૂટ્યાં હતાં. વૃદ્ધે હૂકાની તલબથી છૂટાછેડા લીધા હતા, ડોશીએ છીંકણીની દાબડીને સાલ્લાને છેડે બાંધી હતી... વહુ વૃક્ષ નીચે તાપણીના દેવતાને સજીવન રાખવાનો પ્રયત્ન કરતી હતી. તરફેણો નવવધૂની આંગળીઓ જેવી ખેતરોમાં ફરવા લાગી. ત્યારે આ નવપીઠો જુવાન મોં પર અષાઢી વાદળને ચોપડીને ભીની માટીની સોડમને પકડવા આમ તેમ વંધ્ય દૃષ્ટિને વીંઝતો હતો.’ (પૃ. 161)

અનેક ચિત્રાવલિઓ અને કલ્પનશ્રેણિઓ આ કૃતિને ચીલાચાલુ નવલકથા-થી ખાસ્સી દૂર લઈ જઈને ઊભી રાખે છે.

* ‘થાળીઓ ખખડી – વૉર્ડ ભૂખ્યો થઈ ગયો હતો.’
* ‘સાંજમાં બેઠેલું સ્ત્રીશરીર ભયજન્ય કંપારી અનુભવી રહ્યું.’
* ‘લલિતાની ઉપસ્થિતિ વૉર્ડમાં પ્રવેશી ચૂકી.’
* ‘એમની બીડીઓનાં સળગતાં લાલ ટપકાં હલનચલન કરતાં હતાં.’
* ‘આછુંપાતળું અંધારું સત્ય પર ઓઢાડી (એ) નર્સ રૂમમાં સૂવા જતી રહી.’
* ‘ખેડણ જમીનમાં દાણો નાખ્યા જેવું લાગવા માંડ્યું.’
* ‘પતિનું ઊંઘલ્યું મ્હોં નીરખી લીધું.’
* ‘બળદની ખરીઓ જેવું અંધારું.’
* ‘આંધળુંકિયું કરતી કોક મુક્તકેશા જેવો અંધકાર.’
* ‘નં. 11ની નબળી આંખો મરદ થઈ ગઈ.’
* ‘કેશલ સંપત્તિથી ભર્યું-ભાદર્યું મસ્તક.’
* ‘સગીવ્હાલી સૃષ્ટિને વાગોળવામાં લાગી પડ્યો.’

* 'એમાં લોહીની ઊલટી જેવી શિયાળવાની લાળી હતી.'
* 'કોઈ કોઈ વાર એને વાડામાં પેસી જતી પારકી ગાય જેવી ઊંઘ લાગતી.'
* 'પરસેવાથી એનું કાળું શરીર સીસમના કાષ્ઠ જેવું લાગતું હતું.'
* 'સડક જેવો લાંબો નિસાસો.'
* 'છીકામાંથી નાની ડુંગળી પડી જાય એમ આંખોમાં આવી આવીને બચપણ પાછું પડી ગયું.'
* 'સત્યના ગળે સાપણ પડી હોય એમ મોંને નજીક લઈ ગઈ.'
* 'કમળપત્ર જેવો મુલાયમ હાથ.'
* 'સર્વદમન જેવી કૂણી ચીસ.'
* 'એમાં તો ઊકળતા સીસા જેવું પૌરુષ જોઈએ.'
* 'કબૂતરના અવાજ જેવી ભોળી આંખ.'
* 'એની કેડમાં આંબાનાં મહોર જેવો પરિચય ફૂટતો દીઠો.'
* 'માનો આ હર્ષોદગાર સત્યને ઇન્જેક્શનની સોય જેવો લાગ્યો.'
* 'દુર્ગંધના પોટલામાં કંઈ ઝાઝું વજન ન હતું.'
* 'એમને લાગણીની જીભ જ ક્યાં છે ?'
* 'છોભીલો પડેલો સૂર્યપ્રકાશ સોનેરી ખોળા પર બેસીને એના મોંના, એના સુંદર અક્ષરોને જોઈ રહ્યો.'
* 'તિવારીની ધૂન પણ ટૂંટિયું વાળીને સૂઈ ગઈ.'
* 'ટ્રેન કોઈ શહેરને લઈ આવી.'
* 'અને તે વખતે અપક્વ ફૂલ જેવાં સ્તનોની પાછળ કોક કીડો પ્રવેશી ગયો.'
* 'લાજનો ઓરડો ઓઢીને...'
* 'એના વક્ષમાં સહસ્ર અશ્વોની હેષા પ્રવેશી ગઈ હતી.'
* 'પતંગિયું થઈને પેન સૂર્યાના મોં પર બેસી ગઈ.'
* 'બકરીના ગળાની ઘૂઘરીઓ વાગે છે કે લલિતાના ચક્ષુ-પલકાર સંભળાય છે !'
* 'સાંજને પણ શરમ આવે તેમ તે વર્તી બેઠી.'

'અશ્રુઘર'ની લાઘવપૂર્ણ અને સંવેદનઘન સૃષ્ટિનો પરિચય કરાવનારાં ઉક્ત કલ્પનો રાવજીના ગદ્યકર્મનાય નમૂના છે. નવલકથામાંય કાવ્યાત્મક ગદ્ય

સંવેદનોને સ્પર્શ્ય બનાવવા સારું કામ લાગે છે.

મોત સામે આવેગથી ઝૂઝતો રાવજી 'અશ્રુઘર'ના નાયક સત્યમાં બરોબર ઝિલાયો છે. વ્યક્તિ જીવનની, ઊર્મિગત અને સંબંધગત કરુણતાને નિરૂપતી 'અશ્રુઘર' નવલકથામાં રાવજી રચનાનું સૌંદર્ય અને અનુભવ તથા શબ્દ બંનેનું બળ પ્રગટાવી શક્યો છે. એમાં આધુનિકોની વ્યાપક યુગચેતના ભલે નથી પણ પોતાની હયાતીના અને સતત પીડતા વાસ્તવને પ્રામાણિક રીતે કલાત્મક કથારૂપ આપવામાં રાવજી પટેલ અને ગુજરાતી નવલકથા બંનેની સિદ્ધિ ધ્યાન-પાત્ર બની રહે છે.

રાવજીની હયાતીમાં જ, 1966માં પ્રગટ થયેલી 'ઝંઝા' એની બીજી નવ-લકથા છે. 'અશ્રુઘર'ની જેમ 'ઝંઝા' પણ સંવેદનકથા છે ને એ ઊર્મિસંવેદના એના નાયક પૃથ્વીની અંદર ઊઠતી નાની-મોટી લાગણીઓની ડમરીઓનું તથા વિચારવંટોળનું પરિણામ છે.

પૃથ્વી પણ સત્યનો ગોત્રજ છે. પૃથ્વી નવલકથા લખવા માગે છે. પૃથ્વી સામાન્યજન નથી. સાહિત્ય-સંસ્કારનો એ નકરો માણસ છે, નિખાલસતા એનો સ્વભાવ છે. દંભ તો એની પાસે ઢૂંકીય ના શકે. જ્યારે પોતે તો ધનિક બાપનો દીકરો છે અને બંગલો-ગાડી-વૈભવવાળો છે. દંભ તો ધનિકોના જીવનમાં રોજની વાત છે. પૃથ્વી તેમ કરી શકતો નથી. રોજના ગોઠવાયેલા જીવનમાં અને વ્યવ-હાર, વાણી, વર્તનની બનાવટોમાં એ જીવી શકતો નથી. આથી એને અને એના ફૅક્ટરી માલિક બાપને ઊભા રહ્યેય બનતું નથી. પરિણામે પૃથ્વી ઘર છોડે છે.

'ઝંઝા'નું કથાવસ્તુ પણ આછું-પાતળું છે અને એમાં કશુંય અપૂર્વ નથી. હા, વિશિષ્ટ છે એ તો એનું નિરૂપણ. પૃથ્વી અમદાવાદમાં રહે છે. એના બાપુજી ઉદ્યોગપતિ છે. વૈભવી બંગલો છે જેનું નામ છે 'સંતોષ'. મમ્મી પ્રેમાળ છે. પણ પૃથ્વીને બાપુજી સાથે બનતું નથી. પૃથ્વીને પરણાવી દીધો છે પણ પત્ની આજ્ઞાનો સ્વભાવ એને પ્રતિકૂળ છે. કોર્ટમાં એણે છૂટાછેડા માટે અરજી કરી છે ને આનાથી ઘરકુટંબની આબરૂનો ધજાગરો થાય છે એમ કહીને પિતાજી પૃથ્વી પર વધુ ચિડાય છે. પૃથ્વીને માથે સીધી કોઈ જબાવદારી નથી. હા, એણે પિતાજીને મદદ કરવા ફૅક્ટરીએ જવાનું હોય છે. બસ ! પણ પૃથ્વી મનમોજી છે. નોકરચાકરો સાથે એ વધુ ભળે છે. મમ્મી એને એમ કરતાં ટોકે-રોકે છે. ભત્રીજાં - સંજય - રેવતી સાથે પૃથ્વીને ગમે છે પણ નોકર મંગોય એને વ્હાલો છે. પૃથ્વી દંભ કે બનાવટ કરી શકતો નથી ને ખુલ્લાશથી વર્તે છે પણ બંગલા 'સંતોષ'માં એની આવી ખુલ્લાશ માટે જાણે કે જગા નથી. અહીંના વૈભવી પણ ગોઠવાયેલા ઘરમાં એને ગોઠતું નથી. જાણે કે ગોઠવેલા સુખથી એ થાકી ગયો

છે. વારસાગત મળેલા સંબંધોથી પણ એ ધરાઈ ગયો છે જાણે ! આથી પૃથ્વી ઘર છોડે છે. ગુજરાતી નવલકથાના નાયકો માટે 'ગૃહત્યાગ'ની વાત નવી નથી. 'સરસ્વતીચંદ્ર', 'અનિકેત' અને 'કોણ'ના નાયકો પણ ગૃહત્યાગ કરે છે. પણ ઝંઝાનો નાયક પૃથ્વી ઘર છોડે છે તેનું કારણ – કહો કે એનાં કારણો – આમ નોખાં છતાં વિચિત્ર છે.

'સંતોષ' છોડીને પૃથ્વી અમદાવાદમાં જ છેવાડાની કોઈ સોસાયટીમાં ભાડે ઓરડી રાખે છે. ત્યાં એની પડોશમાં ગુણવંતી નામની 'પુરુષો માટેની સ્ત્રી' એની અનેક પળોજણો સાથે રહે છે ને પડોશી પૃથ્વી સાથે એની લાગણીઓ તથા વેદનાઓ વહેંચે છે. નીચે મકાનમાલિકની યુવાન તથા કૉલેજમાં ભણતી છોકરી ક્ષમા છે. પૃથ્વી ક્ષમાના પ્રેમમાં પડે છે. ક્ષમા પણ એના તરફ આકર્ષાઈ છે. બંને વચ્ચે ક્ષમાનો ભાઈ ઋજુલ વાતચીત આદિનું બહાનું કે માધ્યમ બને છે. ગુણવંતીનો બહુપુરુષ વ્યવહાર પણ ગવાતો રહે છે. પૃથ્વી ચકલી, પોપટ પાળે છે. ટેપ વગાડે છે, ડાયરી લખે છે, રઝળે છે ને ભાગીદારીમાં દુકાન કરે છે. જરા મોજ પણ કરે છે એનો કવિ મિજાજ અહીં ઊઘડે છે. ખુમારી સારુ ખુવારી વેઠતોય લાગે છે. ક્ષમાના પપ્પા મિ. ભટ્ટ પણ 'સામાજિક' અને 'કામગરા' જીવ છે. બૈરામંડળની વાતોય પૃથ્વી માણે છે. આમ, 'સંતોષ' કરતાં સાવ જુદું જીવન અહીં જિવાય છે.

ત્યાં વળી ક્ષમાનું આનંદ સાથે લગ્ન થઈ જાય છે. પૃથ્વી પાછો અકળ લાગણી અનુભવતો દિલ્હી બાજુ રખડવા નીકળી જાય છે. ત્યાં એ મુસ્તુફા જેવા લબાડ ગુંડાની હડફેટે તો ચડે છે પણ (અશ્રુઘરની લલિતા જેવી વેદનાસિક્ત છતાં સ્નેહાળ) વસતિ વચ્ચે કર્પૂરી એને બચાવી લે છે  કર્પૂરીને ખ્યાલ આવે છે કે આ કોઈ લફંગો નહીં પણ સંસ્કારી જીવ ભૂલો પડી ગયો છે. કર્પૂરી એને ગાંઠની બચત ખરચીને અમદાવાદની ટિકિટ કરાવીને પાછો મોકલે છે. અમદાવાદ 'સંતોષ' પર દીકરાને પાછો આવેલો જોઈ મમ્મી રાજી થાય છે ને ભાડાની ઓરડીનો સામાન પાછો લાવી દેવા ઉતાવળી થાય છે. પૃથ્વીને ખબર પડે છે કે ક્ષમાનો પતિ હાર્ટ પેશન્ટ હતો ને એ વિધવા થઈ છે, ત્યારે એ દુઃખી થાય છે. કથાને અંતે મમ્મીનો સંકેત છે કે ક્ષમા એને ઉમળકાથી મળી હતી... ને મમ્મીને એને મનવિસારે પાડવા પોતાને ત્યાં બોલાવીય છે. પૃથ્વી ઉતાવળો ઉતાવળો ઓરડીએ પહોંચી જાય છે ને ક્ષમાને વિધવા અવસ્થામાં જુએ છે... ઓરડીના સામાન સાથે પાછાં વળતાં એ ઘણી આશા સાથે 'સંતોષ' પામે છે. આમ, પૃથ્વી 'સંતોષ' છોડે છે ને એક જુદું રઝળપાટભર્યું જીવીને પાછો 'સંતોષ'માં આવે છે, આ ગાળાની કથા છે 'ઝંઝા' !

ઘર છોડતા પૃથ્વીની માનસિકતા દેખીતી રીતે જ આધુનિક કથાનાયકોને મળતી આવે છે. પૃથ્વી ઘર છોડે છે 'ગૃહત્યાગ' કરે છે એને આ રીતે સમજાવી શકાય :

* પૃથ્વી દુઃખની શોધમાં ઘર છોડે છે.

* પૃથ્વી દાંભિક વ્યવહારોથી અને ગોઠવેલા સંબંધોથી થાકીને ઘર છોડે છે.

* પૃથ્વી પોતે જ પોતાનું સુખદુઃખ રળી લેવા ચાહે છે.

* પૃથ્વીને જોઈએ છે સાહસિક જીવન અને સાચુકલો પ્રેમ, અંદરનો ઉમળકો.... જ્યારે 'સંતોષ'માં એને દાંભિકતા તથા યાંત્રિકતા, એકવિધતા ઘેરી વળેલી છે. આનાથી બચવા પૃથ્વી ઘર છોડે છે.

આપણે જાણીએ છીએ કે સર્જક રાવજી પટેલનો જીવન અનુભવ મુખ્યત્વે વિચ્છેદાવાનો રહ્યો છે. એની ઝંખા પણ સાચુકલા એવા જીવનસંવાદની રહેલી. આપણે જોયું કે 'અશ્રુઘર'નો સત્ય પણ આ જ ભૂમિકાએ સંબંધોને ભરપૂર જીવવા ચાહે છે. કૃત્રિમ કે ખોખલા સંબંધોથી થાકેલો એ રઝળપાટ દરમિયાન નવા સંબંધો પામે છે ખરો પણ ગુણવંતીના ચરિત્ર દ્વારા એને ખ્યાલ આવે છે કે દરેક સંબંધ છેવટે તો પીડાનું કારણ છે. સંબંધો વિના માણસથી જિવાતું નથી અને સંબંધો વેદના આપ્યા વિના રહેતા નથી. આવા કઠોર જીવનસત્યને ઝંઝામાં વ્યંજિત કરી શકાયું છે.

'સંતોષ' છોડવામાં પૃથ્વીનો વિદ્રોહ પમાય પણ પછી વિદ્રોહ માટેનો નક્કર મૂળાધાર રચાતો – ઊકલતો આવતો નથી, પરિણામે 'ઝંઝા' પૃથ્વીની ઊર્મિઓને વર્ણવતી અને અન્ય પાત્રોની ક્રિયા-પ્રતિક્રિયાઓને બળકટ તથા વ્યંજનાપૂર્ણ ગદ્યમાં આલેખતી સંવેદનકથા બની રહે છે. આજ્ઞા સાથેના છૂટાછેડા પછી 'સંતોષ' પર ગયેલો પૃથ્વી પપ્પા સાથે સંવાદે - બલકે વિવાદે ચઢે છે. ત્યારે એનો સમગ્ર સ્વર વિદ્રોહી નહીં એટલો ઊર્મિલ લાગે છે. પૃથ્વીના ભીતરને અને રાવજીના ગદ્યને પ્રમાણવા એ આખો પરિચ્છેદ અહીં નોંધવાનું ગમશે :

'બદનામીનો દાવો માંડો ! મારી રૂમનો સિમેન્ટ ઉખાડી નાંખો. નથી જોઈતી તમારી મિલકત. નથી જોઈતી તમારા કારખાનાની ખીલી પણ. વિલ કરો મુકુના નામનું. છાપામાં છપાવો કે હું તમારો કશો નથી. હું લબાડ છું. ધંધા_ -પાણી આડાં છે, જાઓ મારે તમારી આબરૂ પર નથી ઊભા રહેવું. મારે તમારા ચોકમાં ઊભા રહીને બગાસાં નથી ખાવાં. ભલે મને ટાઢ વાતી. હા, જાઓ અમે ચકલીઓ પાળીએ છીએ. ચકલીઓને ક્યાં બાપ હોય છે. મારે તમારી અટક પણ નથી જોઈતી. તમારી સાત પેઢી એ અટકમાં ભલે તરે. તમારી રાતી પાઈ તો

શું પણ તમારા ઇજ્જતદાર પરિવારે બક્ષેલી અટક પણ રીંગણાની જેમ ફેંકું છું. હવે હું વ્યાસ નથી. હું કોઈનોય સગો નથી, કંઈ નથી. નથી લખવી આ ડાયરી પણ.' (પૃ. 83)

જોકે પૃથ્વી આમ કરી શકતો નથી, અરે ! એને વટભેર જીવવા જેવું કમાવી લેતોય બતાવ્યો નથી. (દુકાનનો નિર્દેશ આવે છે પણ ઉપરછલ્લો, ને એ માટેના પૈસાય ક્યાંથી આવ્યા છે ? વગેરે કૃતિના પ્રશ્નાર્થ છે.) પૃથ્વી અસ્તિત્વવાદી નાયકોની જેમ 'રેશનલ' ભાગ્યે જ થાય છે. એ જલદી સંવેદનોને વ્હેતાં મૂકી દે છે.

મૂળભૂત રીતે પૃથ્વી સંવેદનાનો અને એ રીતે સંબંધોનો જ માણસ છે. ક્ષમા સાથે એ સ્નેહવિવશતા અનુભવે છે ને ક્ષમા એની પાસે શ્લોક શીખવા આવે છે. આ સમયગાળાની સંવેદનાને વ્યક્ત કરતી ભાષા કાવ્યાત્મક રહીનેય કથાગદ્યને તથા કથાના ગતિ-પરિણામને ઉપકારક છે. જુઓ :

'ઊંઘ હરામ થઈ ગઈ છે. આ રાત્રિઓ સડકના રોલર જેવી મને પીસી નાખવા રોજ રોજ આવે છે ને માટે મારા શબ્દો ક્યાં જઈ નાખવા ? અધૂરામાં પૂરું આ પક્ષી બોલ્યા કરે છે ને પલંગ પર આકાશ, વૃક્ષઘટાઓ, નદીતટ અને મારું મુઠ્ઠી જેવડું હૈયું વસંતની છાલકોથી ભરાઈ જાય છે.'

ગદ્યનો આવો વૈભવ ઘણો છે. રાવજીમાંનો કવિ અહીં કથાકારની મદદે આવ્યો છે. રઘુવીર ચૌધરી વગેરે કહે છે કે નવલકથાનું ગદ્ય વસ્તુલક્ષી હોવું જોઈએ એ વાત ખોટી નથી. પણ 'અશ્રુઘર' અને 'ઝંઝા' જેવી કથાઓનું વસ્તુ જ જો સંવેદનાપ્રધાન હોય તો એને વર્ણવવા સારુ આવતી કાવ્યાત્મક ભાષા આવકાર્ય છે. શરત એટલી કે તે કથાને કે ચરિત્રની ગતિને અવરોધક ન બનવી જોઈએ. અહીં લાલિત્યપૂર્ણ ગદ્ય ચરિત્રના મનોગતને વધારે સારી રીતે ઉજાગર કરે છે ને કથાપ્રવાહને વધારે દ્યુતિમય તથા આસ્વાદ્ય બનાવે છે. 'અશ્રુઘર'ને મુકાબલે 'ઝંઝા'નું ગદ્ય વધારે આસ્વાદ્ય કે રસાળ નથી. એટલે કે એમાં રસાર્દ્રતા – રસાળતા ને આસ્વાદ્યતા તો છે જ પણ 'અશ્રુઘર'ના ગદ્ય જેટલી સાહજિકતા અને સદ્યોગમ્યતા નથી. 'ડાયરી'માં ગોઠવેલી ભાષા ક્યારેક ખુલ્લી પડી જાય છે. સત્યનું સંવેદન રાવજીનું નિજી સંવેદન હતું જ્યારે પૃથ્વીની સંવેદના એણે ધારણ કરી છે. એટલે અંશે ગદ્યની ગુણમાત્રામાંય ફરક પડ્યો છે. લેખકે પૃથ્વી પાસે દિલ્હીનો ઉપરછલ્લો રઝળપાટ કરાવ્યો છે તે સમગ્ર કથાને કોઈ નવો મોડ આપી શકતો નથી. હા, કર્પૂરી પૃથ્વીની નાડને બરોબર પારખી જાય છે ને પૃથ્વી માટે 'સંતોષ'માં પાછા ફરવાની ભૂમિકા રચાય છે.

'અશ્રુઘર'માં અંતે સત્યના મરણનો તથા લલિતાની નિરાધાર લાગણીઓનો

કરુણ ઘૂંટાઈને ઘેરો બને છે. 'ઝંઝા'નો અંત ક્ષમા-પૃથ્વીના મળવાની શક્યતા નિર્દેશી આપે છે ને એમ તનાવમુક્તિનો હાશકારો અનુભવાય છે. સંવેદનપ્રધાન રહીને 'ઝંઝા' આધુનિક જીવનની સૂક્ષ્મ ગતિવિધિ આલેખી આપવા સાથે 20મી સદીના ઉત્તરાર્ધમાં ય પરખાતી માનવનિયતિને ચીંધી આપે છે. સંબંધો જ સુખ-દુ:ખનું કારણ છે.... ને સંબંધો જ મનુષ્યમાત્રની નબળાઈ છે – મર્યાદા છે – કહો કે નિયતિ છે !! 'ઝંઝા' આવા સત્યને વ્યંજિત કરતી નવલકથા લેખે આસ્વાદ્ય છે. કથા માટે રાવજીએ પ્રયોજેલા ગદ્યની વિલક્ષણતાઓ સંદર્ભે એ રસિકો અને વિવેચકો ઉભયને આકર્ષતી રહેશે.

'વૃત્તિ' 1977માં – રાવજીના મરણ પછી દાયકો વીત્યે – પ્રગટ કરવામાં આવેલી. 'વૃત્તિ અને વાર્તા' નામક આ ગ્રંથમાં રાવજીની અધૂરી રહી ગયેલી નવલકથા 'વૃત્તિ' છે અને એની અગિયાર ટૂંકી વાર્તાઓ છે. પહેલાં 'વૃત્તિ' વિશે વાત કરીએ.

'વૃત્તિ'નો આરંભ પ્રભાવક છે. મનોર ને મોતી મધરાતે બીજા વાસમાં બકરું ચોરવા જાય છે. મનોર સોલંકીનું મનોમંથન જ અર્થવત્તા ધારે છે. અગાઉની કથાઓ કરતાં અહીં પાત્રચિત્રણ વધારે વાસ્તવિક બન્યું છે. વળી વ્યાપ અને ઊંડાણ બેઉ ધરાવે છે. ગોવર્ધનરામ તથા પન્નાલાલ પટેલનાં પાત્રોની જેમ 'વૃત્તિ'નાં પાત્રોમાં રાવજી મનોમંથન આણે છે. તનાવ, સંઘર્ષ માટેની પરિસ્થિતિઓ પણ વધારે સ્વાભાવિક લાગે છે. ગૌણ પાત્રોના આંતરમનનેય એ પકડે છે. નાની નાની ઘટનાઓ વડે જીવનની સંકુલતા વણાતી આવે છે. લાગણીઓ અને પ્રત્યા-ઘાતો વડે પાત્રોની માનસિકતાઓ પણ ઊઘડતી આવે છે. રાવજીની સર્જકતા અહીં નવલકથાકાર તરીકે વધારે સ્વસ્થ અને પ્રશિષ્ટ ધારવાની દિશામાં જાય છે ને આ વાત પર આપણું ધ્યાન જવું જોઈએ.

રાવજીએ વીસેક વાર્તાઓ લખેલી. 'વૃત્તિ અને વાર્તા' – સંગ્રહમાં ગાળીને અગિયાર વાર્તાઓ લીધી છે. પોતાના સર્જનથી રાવજીએ ધોરણો ઊભાં કરેલાં તથા અપેક્ષાઓ જગવેલી. આ ધોરણોને લક્ષીને એની નબળી વાર્તાઓ છોડી દેવાઈ છે. જે ગ્રંથસ્થ થઈ છે એ વાર્તાઓમાં પણ કેટલીક મર્યાદાઓ છે છતાં પ્રત્યેક વાર્તામાં સર્જક રાવજીનો કોઈ ને કોઈ વિશેષ વર્તાયા વિના નથી રહેતો. 'સગી', 'સૈનિકનાં બાળકો', 'ચંપી', 'રેષા' વગેરે વાર્તાઓમાં રાવજીએ સમૃદ્ધ કથન પરંપરાનો લાભ લીધો છે. તો વળી 'એક ઘડીના પંચોતેરમા ભાગનો ઉન્માદ', 'કીડી, કૅમેરા અને નાયક', 'છબિલકાકાનો બીજો પગ' તથા 'અમસ્તી અમસ્તી રેલગાડીઓ અને ખાલીખમ ગજવાં' જેવી વાર્તાઓમાં એની સમકા-લીન પ્રયોગશીલતાને રાવજીએ નિજી રીતેભાતે લેખે લગાડી છે.

વાર્તામાં ભાષા કેટલી બધી ત્રેવડથી પ્રયોજવાની હોય છે એ રાવજી સારી પેઠે જાણે છે ! 'ચંપી' વાર્તા જ લઈએ. તળપદા પરિવેશમાં વાર્તાને રોપીને રાવજીએ તળબોલી તથા રૂઢિપ્રયોગોથી વાર્તાને જીવંત પરિસર સાથે યોગ્ય ભીતર-ભોંય રચી આપ્યાં છે. વાત તો નાનકડી છે. અન્ના પોતે નપુંસક છે. પોતાની પત્નીને એ સંતોષી શકતો નથી. પત્ની ચંપીને એ ફરી વાર પિયર મોકલે છે ને છેક આંબલી સુધી વળાવવા જાય છે. આંબલીના કરકરા થડ પર હાથ ફેરવતાં એ ચંપીને હિંમત કરીને કહી નાખે છે 'આ વખતે હમ્મ...કૈં વાંધો નૈ, જા. સતનારાયણના સમ !' પત્નીને પિયરથી 'ગર્ભ લઈ આવવા' કહેતો અન્ના કેવો તો લાચાર છે. ચંપીની કરુણતા પણ ઓછી નથી. રાવજી અન્નાની નપુંસકતા એક અ-પૂર્વ એવા પ્રતીકથી દર્શાવે છે :

'જુવારના થડિયા પર એક તીતીઘોડો ચડ્યો અને એને રાત યાદ આવે
એવું બે-ચાર પાંચ કે છ વખત એની એ જગ્યાએ કૂદી કૂદીને ચોંટ્યો...
તો ય જુવારનું ડૂંડું ન હલ્યું' તરત પાછું રાવજી ઉમેરે છે - 'ચંપી ભરાતી જ ન્હોતી!' (પૃ. 208)

એની નિષ્ફળ રતિક્રિયાને તીતીઘોડાના સાદૃશથી દાખવવા તો રાવજી 'જુવારનું ડૂંડું ના હલ્યું' દ્વારા અન્નાની નપુંસકતાને નરી પ્રત્યક્ષ કરી આપે છે... અને ડૂંડામાં બાજરીના દાણા ભરાય એટલે પાકી કહેવાય...રાવજી યોગ્ય રીતે જ નોંધે છે કે 'ચંપી ભરાતી જ નહોતી !' વાર્તાને અંતે ચંપી પિયરથી 'પેટ' તો લઈ આવે છે પણ પતિ-પત્ની બંનેની મનોવેદનાનો પાર નથી ! જીવતર કેવી કસોટી કરે છે... જીવનના કેન્દ્ર સમી એક ઘટનાને કેટલી હળવેકથી છતાં પૂરી સંવેદનાથી લેખકે આલેખી છે ! સહજ કળા તે આનું નામ...!

સેનેટોરિયમના પરિવેશમાં રચાતી 'સગી' વાર્તા કથન અને ભાષાઅભિવ્યક્તિની રીતે વિલક્ષણ છે. વાર્તાનો નાયક પોતે જ કથક છે. પોતે (હું) હૉસ્પિટલમાં છે ને બાજુમાં. નં. 10 શંકર છે. આ નં. 10ની વાગ્દત્તા એને મળવા આવી છે. હજી તો સગાઈ થઈ છે ને આવી આ (જેને માટે 'આગંતુકા' શબ્દ યોજાયો છે.) એક મહિનામાં બાવીસમી વખત આવી છે. 'હું' પરણેલો છે. પણ એની ખબર જોવા કોઈ જ આવતું નથી. 'હું' આગંતુકાની સાથે મનોમન પ્રેમમાં પડ્યો છે... વાર્તામાં 'હું'નું સંકુલ મનોગત સરસ રીતે વ્યક્ત થાય છે. આગંતુકા સંદર્ભે પ્રેમ– મીઠી ઈર્ષ્યા – સંવાદ વગેરે અનુભવતો 'હું' પોતાનાં ઘર-ખેતર પત્ની સાથે પણ ભીતરથી અનુસંધિત થાય છે. આથી વાર્તામાં બહુસ્તરીયતા આવે છે. પ્રાકૃતિક-સંદર્ભોવાળાં કલ્પનોથી 'હું'ની માનસિકતા તથા 'આગંતુકા'ની સભર

ઉપસ્થિતિ આલેખાય છે. એક તરફ રંગદર્શી ક્ષણો ને બીજી તરફ વેદનાસભર વિ-યોગ.

કવિ તરીકે રાવજી કૃષિજીવનના આલેખક તરીકે સાહિત્યના ઇતિહાસમાં ઓળખાતા રહેશે. પ્રકૃતિ, પ્રેમ-વિરહ, અભાવો અને સંકડામણ તથા રોગ અને મૃત્યુનો નજીકથી થયેલો અહેસાસ; આ ઉપરાંત ગ્રામ-ચેતનાથી થયેલો વિચ્છેદ અને નગરચેતનાની બધિરતાનો અનુભવ : રાવજીની કવિતામાં આવું વિલક્ષણ વિશ્વ કલ્પનપ્રધાનતાથી આલેખાયું છે. નવલકથાઓમાં પણ ઊર્મિમયતા છે ને ગદ્યમાં લાલિત્ય. રાવજીનું એ પણ નોંધપાત્ર અર્પણ રહ્યું છે. ગુજરાતી કવિતા અને કથાક્ષેત્રે રાવજી પટેલનું સર્જકકર્મ હમેશાં યાદ કરાતું રહેશે.

# પરિશિષ્ટ

## 1. રાવજીની પ્રથમ નવલકથા ‘અશ્રુઘર’નું પ્રકરણ (6)

ગાડું ખખડતું ખખડતું જતું હતું. આખે રસ્તે પોતાનું શૈશવ અને કૌમાર્ય છૂ-ટુંછવાયું વેરાયું હતું, એનું સ્મરણ થતાં સત્ય ફરીથી નાનો બની ગયો. ઉનાળાના, ઊડતું પંખી તમ્મર ખાઈને નીચે પડે એવા તાપમાં એ પાછો દઝાવા લાગ્યો. નિશાળેથી પાછો ઘેર જતો હોય એમ તે આજુબાજુની સીમને જોવા લાગ્યો.

પોતે જ્યુબિલી હાઈસ્કૂલમાં ભણતો હતો તે વખતે મા વહેલી ઊઠીને ઢેબરું બનાવી, કાગળમાં વીંટાળી દફ્તરમાં મૂકી આપતી. માંડ ભાગોળ લગીય પોતે ના પહોંચ્યો હોય ને કળશો લઈને ઝાડે ન જવું હોય તોય રસ્તાની એકલ વેરાનગી જોવા પાછળ આવી પહોંચતી અને–‘સતિ બેટા, હજી તો હરણીઓય નથી આથમી. પાછો આય.’ કહી બૂમ પાડતી.

છીંકામાંથી નાની ડુંગળી પડી જાય એમ આંખમાં આવી આવીને બચપણ પાછું પડી ગયું. ગાડું ખખડડખ ખખડડખ કરતું જતું હતું. સત્યને થયું પોતાનું મન વૃદ્ધત્વનો અનુભવ કરી રહ્યું છે. એણે શંકરના હાથમાંથી પરોણો લઈને બળદને ઘોચ્યો. અરે ‘હેંડ રે’ એવો હુંકારો રેલાવ્યો. શંકરને લાલાકાકાની તબિયત પૂછી.

‘એમને તો ભુંડ્ય નથી વળગતું’ એવું જાણી સત્યના આનંદનો પાર ન રહ્યો.

પેલી કાશીબોર નીચે પોતે ‘અલબેલી મઢી’ નામની એક ફક્કડ વાર્તા લખેલી. મોટા ભાઈને ઘેર જઈ વંચાવેલી. મોટા ભાઈએ એક પાનું વાંચીને પોતાને એક ધોલ ચોડી હતી અને પોતાને ‘છીનાળવા’નું ઉપનામ આપ્યું હતું. મોટા ભાઈને ઘેર લક્ષ્મી આવી છે. સુરભિનું નામ એને ખૂબ ગમ્યું. દેખાવે કેવી હશે એ બેટલી ! આપણેય હવે... ને ગોળ ખાતો હોય એમ મોં હસવાથી ભરાઈ ગયું.

દૂરથી ભાગોળ દેખાઈ. અહેમદ, કાન્તિ લંગડો, ચુનિયો આવારા, બિપીન, રતિલાલ, તરુ, ઊજળો ગોરધન, એને સૌ સનલાઇટ કહેતા. લાંબા વાળ રાખતો અને લટને કપાળ પર ઝૂલતી રાખતો. એના પર તરુડી મરતી હતી. તરુડી બાપડી હતી તો પાતળી સોટા જેવી, પણ સ્વભાવનું મરચું. વટનો સવાલ હતો. વૌઠાના મેળામાં જઈને ગોરધન સનલાઇટ એને માટે રેશમી કબજાનું કાપડ લાવેલો ત્યારે વસુબહેને એને 'મણનો છશેર' કરી નાખેલો.

'હેં શંકર, પેલો ગોરધન શું કરે છે ?'

ગાડું હાંકવાનું પડતું મેલી શંકર પાછળ ખસ્યો, હસ્યો, 'સતિભાઈ, નથી ખબર ? મે'મદાવાદમાં પેલી તરુમતિને ઘરમાં ઘાલીને એસ.ટી.માં કન્ડક્ટરી કરે છે. ને એને તો સાલાને ચાર છોકરા છે.' પાછો હસ્યો.

'એમ ?' સત્ય મહાદેવના મંદિરને જોઈ રહ્યો. અહીં સુધી પોતે વિભાને ગિલ્લીદંડામાં હરાવતો હરાવતો લાવેલો, એ એને યાદ આવ્યું. રોજરોજ બચી કરવાની શરતે એનો દાન જતો કરેલો.

'ને પેલી વિભા ? ધનુમાસ્તરની વિભા શેમાં ભણે છે ?'

બળદને આર મારતાં શંકરે ઉત્તર આપ્યો, 'એ તો મરી ગઈ.'

'મરી ગઈ ?'

તળાવની પાળ પર કેટલાંક નાગોડિયાં નાહી નાહીને ધૂળમાં આળોટતાં હતાં એ તરફ જોઈ એણે કહ્યું, 'વિભા તો બિચારી સારી છોકરી હતી. શંકર, યાર તું મશ્કરી શું કરે છે ?'

ગિલ્લીદંડાની એની 'ટીમ' વેરણછેરણ થઈ ગઈ. ભાગોળ ખરેખર ખૂબ બદલાઈ ગઈ ! એ ગાડામાંથી નીચે ઊતર્યો. બારમાસી આંબા નીચે જઈ ઊભો. હમણાં ચુનિયો આવશે, હમણાં ગોરધન આવશે, આ પાથી કાન્તિ લંગડો અને તે પાથી...બિચારી વિભા! ગૉડ હેઝ નો મર્સી. પોતાને રાખડી બાંધીને હજી તો બે વર્ષ ઉપર રડી પડી હતી ! અને પણે નિશાળના ઓટલા પર પોતાનો શેકેલો પાપડ લાવી લાવીને ફ્રૉકના ખિસ્સામાંથી કાઢીકાઢીને ખવડાવતી હતી ! બારમાસી આંબાનું પાંદડું ચૂંટતોક એ આંખમાં ઝલમલતી નિશાળને જોઈ રહ્યો. નિશાળના ઓટલા પર જઈને બેઠો. પેલા હજારીના પીળચટા ક્યારામાં તો કણઝીનું વૃક્ષ હતું. એની જમણી તરફ મોતીની ઝૂંપડી હતી. મોતી બધાંને તલસાંકરીની લાડુડીઓ આપતો. 'અહીં મોતી રહેતો હતો તે ક્યાં ગયો ?' પરંતુ ત્યાં પીળચટો હજારીનો ક્યારો લહલહ થઈ રહ્યો હતો. એ ક્યારાની ઉપર વૃદ્ધ અવકાશ જલીય બની જતો પડુ પડુ થતો (હોય એમ) ઊભો હતો.... કણઝીના

વૃક્ષની એક ડાળી મોતીની છાપરી તરફ નમેલી હતી. કાંતિ એના ઉપર હીંચતો હતો. સત્યની આંખમાં એ પ્રસંગ આવીને લટકી ગયો. ઝૂલતી ડાળીની જેમ. પોતે ઝૂલતા કાન્તિનો પગ ખેંચ્યો હતો. અને કાન્તિ બિચારો લંગડો થઈ ગયો. ઓટલા પરથી સત્ય બેઠો થઈ ગયો.

'ચ્યમ છો સતિ ભૈ ? ઘણે દહાડે દેખા દીધી. તમેં શાંના આપા ડાફરેય મારો એની બોંનને રાખું અમદાવાદ જેવું શૅર મેલીને.' માથાનું લૂગડું ઉતારી મોં લૂછતો લૂછતો ભલુ સત્યને ચારે બાજુથી જોઈ રહ્યો.

'શો રોલો છે તમારો ! એની બોંનને રાખું, રોટલીને દાર ખૈ ખૈને ટેટી જેવા થયા છો.'

'કેમ છો ભલુ ?' સત્ય એને જોઈને રાજી થયો.

'ભલા'દમી ભલુને માંન અપમાંન શાં, મારા ભૈ.' પોતાને 'કેમ છો' કહ્યું એ જોઈને એનો હર્ષ વધી પડ્યો.

'છેને સતિભૈ, મારા વનમારીને હોટલબોટલમાં નોકરી અલાવશોને ?'

'હા. એને જરા મોટો થવા દો.'

'પાછું થવા દો. ભલા'દમી તમે ને હું તો એક હાથમણા છીએ.' ને એ હસી પડ્યો.

ખડકીમાં પ્રવેશ કરતાં જ એની દૃષ્ટિ જમણી બાજુના ખંડેરિયા મકાન ભણી ગઈ. પરસાળમાં લાલાકાકાને તમાકુ ખાંડતા દીઠા. વર્ષોથી એકધારું ખાંડતા જ હોય એમ. પ્રોફેસર મૅયો જેવું લાલગોરું એમનું ડિલ, એ જ ઉઘાડી પીઠ, એ જ તમાકુ ખાંડવાનો કાળો લાંબો નાની સાંબેલી જેવો દસ્તો ને ખાંડવામાં એ જ નરી બેપરવાઈ. પોતે ઉમરેઠ ભણતો હતો ત્યારે ચોપડીઓ ખરીદી આપતા. એક ઉનાળામાં તો વળી સરસ ચંપલ પણ લઈ આપ્યાં હતાં. દશ વર્ષ તો શું પણ એક મહિનો એમના શરીરમાં પેસી ગયેલો દેખાતો નહોતો. મોંમાં મેનમેઇડ બત્રીસી નાખે તો તો પાંત્રીસ-ચાળીસનો પડછંદ યુવક લાગે !

'લાલાકાકા હજીય એકલા જ છો ?'

ખાંડવાનો દસ્તો બાજુમાં મૂકીને સત્ય સામે જોયું.

'સતિ કે ? અલ્યા છોકરા, તું તો ખાસ્સો મોટો થઈ ગયો. બેસ ભઈ બેસ. આટલી વારી લૌ, જરીક છે. પછી કારીયું પાલો મેલું, મેંય હમણાંનો તો પીધો નથી.'

'તમારી જરીક તમાકુ ખાંડવામાં તો દશ વર્ષ થઈ ગયાં. કાકી લાવ્યા હોત તો –'

'જનમારો કહે જનમારો ખરપા, દહ વરહાં તો ઓછાં પડે ! દહ વરહાં

તો નાહકોરી ચોખી કરું એટલામાં જતાં રે !' જોને તું ગૈ કાલે તો અમદાવાદ ગ્યો'તો. ને 'પેલું' શું બોલ્યો'લ્યા ?' સહેજ હસીને પાછા બોલ્યા : 'આ એમ ને એમ ચ્યારનો ખાંડું છું ખબેર્ય છે તને ? તારા બાપને ત્યણ છોકરાં થઈ ગયાં. એમાંથી એકને ઘેરેય માતા આઈ, જનમારો ખંડાઈ ગ્યો જનમારો. આંમ ને આંમ તોય હાળી એમાંથી મેંઠાસ ના મળી. એને તો કચર્યે જ પાર.'

અને એ પાછા ચા મૂકવાનું ભૂલી જઈ મંડ્યા ખાંડવા. ઊંધું ઘાલીને બસ તમાકુમાંથી માખણ નિતારવું હોય એમ ઘડીક ખાંડે, ઘડીક લસોટે. જનમારાની આખી વાત ક્રિયાત્મક રીતે ફરી કહેતા હોય એમ, ખાંડે ને પાછા લસોટે.

સત્ય ઘેર ગયો ત્યારે સ્ત્રીઓથી ઓસરી ચિક્કાર હતી. એક બાજુ કુંભીનો ટેકો લઈ સત્યનો પિત્રાઈ રતિલાલ બેઠો બેઠો હુકો તાણતો હતો. એને આવેલો જોતાં જ હુકાને કુંભીએ ટેકવતોક ટોપીને માથા પાછળ ત્રાંસી ખસેડીને 'ઓ મારો બેટ્ટો સતિયો' કહેતો બોચી વલૂરતો વલૂરતો ઊભો થઈ ગયો. ઓસરીમાં સત્યની મા રામાયણ વાંચતાં હતાં ને પાનાં વચ્ચે નાડાછડીનો કકડો મૂકી સાજા થઈ આવેલા દીકરાને જોવામાં લાગી ગયાં. સ્ત્રીઓમાં કોઈ છીંકણી લસોટતી, કોઈ લસણ ફોલતી, કોઈ કોઈના માથામાંથી જૂ વીણતી, કોઈ તુવેર પાપડીના લીલવા કાઢતી, બુકાટતી, કોઈ ધાવણ છોડવા આવેલા 'વેંગા'ને ધવડાવતી, કોઈ અર્ધો ઉઘાડો પગ લાંબો કરી સામી સ્ત્રીના ઢીંચણ પર મૂકી કાંટો કઢાવતી હતી. આ બધીય સ્ત્રીઓનું ધ્યાનપાત્ર અત્યારે સત્ય બની ગયો. બધાં એકીસાથે સત્યને અમદાવાદના મોટા મોટા બંગલા વિશે, મોટરો અને રૉકેટ વિમાન વિશે, ભોંયમાંથી તેલ અને 'ગ્યાસ' નીકળે છે વગેરે વગેરે પૂછવા મંડ્યાં. રતિલાલે પગથી માથા સુધી એને તપાસી લીધો અને સત્યના ખભા પર હાથ મૂક્યો. 'મારો બેટ્ટો બૌ ભણ્યો !' કહીને સત્ય કંઈક બોલે એની રાહ જોવા માંડ્યો.

'તમારી તબિયત હારીને ?' સત્યની ભાભી આવી એવી પૂછી બેઠી.

'શું તમેય કાશી, આ જોવોને ભમ્બુરા જેવો છે ને પાછાં તબિયત પૂછો છો ?' પછી રતિલાલ સત્ય ભણી વળ્યો. 'હેં લ્યા; રમેશિયાના વિવા' થઈ ગયા એટલે તનેય વરાપ તો નથી આઈને ? જોજે એવું કરતો. આપણે તો મોટા જજની બે ફૂમતાંવારી બી.એ. એલએલ.બી. બી. સી. ટી. પી. ડબલ્યુ. એલ. ઝેડ. ભણેલી લાવવાની, ઉપરથી પાછી છોગાની નોકરી અને કન્યા મોંડી મલે એનું વ્યાજ...' અને ખી ખી કરતો રતિલાલ સત્યને અમદાવાદી કન્યાને વળગતો હોય એમ વળગી ગયો.

સત્યને આ રીતે કોઈએ આજ સુધીમાં આલિંગન કર્યું નહોતું. એટલે એ અકળાયો. સત્યની ભાભીએ કહ્યું :

'અલ્યા રતિ ભૈ, એમને પાંણીબાંણી તો પીવા દો.'

અને કંઈક સાંભરી આવ્યું હોય એમ રતિલાલ નીચે બેસીને કહેવા મંડ્યો :

'છે ને આવોય અમારી જોડે ગલ્લીદંડા રમતો'તો. એક દા'ડો મથુરકાકે મોઈ લેઈ લીધી, પછી છે ને'...ખીખીખી....'પછી છે ને મથુરકાકા એમના બાયણામાં ઉઘાડે બયડે વરાડું ભાગતા'તા ને એવોય'... ખીખીખી... 'આવતોકને બયડા પર ધડ ધડ પેશાબ' બાકીનું વાક્ય ખીખીમાં પૂરું કર્યું.

'બર્યું રતિભાઈ તમેય.' કોઈને મર્યાદાભંગ થતો લાગ્યો.

'તારે શું વહુઓ બેઠી છે ને મૂઓ ભવાયા જેવો !'

'રડ્યો નાંનો હતો ત્યારનો–'

ત્યારે સુરભિ ગેલમાં આવી ગઈ હતી.

એની કિલકારીઓ પરસાળમાં ફૂલની જેમ મહેકતી હતી. સુરભિને લેવા સત્યે હાથ લંબાવ્યા કે તરત કાકા પાસે જવા એણે પોતાની નાનકડી જાતને કાશીની સોડમાંથી લગભગ સત્ય ભણી ફેંકી.

'ના બેટા, હમણા નૈ હોં. કાકાને બરોબર હારું થાય પછી જજે એમની પાંહે.' સત્યે હાથ પાછા ખેંચી લીધા. એણે ચપટીથી સુરભિને રીઝવી. પણ સત્યની માનો મિજાજ ગયો.

'શું થયું છે વહુ એને તે હારું થાય હારું થાય કહે છે. મારી બઈ હાજેહમોં મારે તો...'

'તારે શું કાશી તમેય.' રતિલાલે હુકો હાથમાં લીધો.

'મારો બેટ્ટો મઢમની આંખ ઠરે એવો તો છે.' એને સત્ય સામે હુકો ધર્યો. 'લે દાદુ અડાય બે દમ.'

'ના.' કહીને એણે ફળીમાં નજર કરી. સેનેટોરિયમમાં દર્દીઓ હતા, તોય આટલો અવાજ નહોતા કરતા.

'લે ભઈ હેંડ ખીચડી ને દહીં આલું. ખઈ લે.'

સત્યની મા બોલી બેઠી.

'આયો એવો જ ખીચડું ? શું દિવારીભાભી તમેય આ તો અમદાવાદી છે, ટાઢું કોઠે નૈ હદે. ચ્યમ સતિ, ગરમ ગરમ જીભે મેલું કે હફ દૈ ઊતરે એવું હલાવી નાંખો.' રતિલાલે સત્યના ખિસ્સામાંથી પેન ખેંચી, 'મારી બેટ્ટી અવ્વલ નંબરની ઇન્ડીપેનછીલ છે! શું આલ્યું'તું આનું સતિ ?'

સત્ય રતિલાલના મોં સામે જોઈ હસ્યો. અને પેન લઈને 'એની કિંમત

અંકાય એવી નથી, એ કીમતી છે એટલું જાણું છું.'

ઘરમાં જમવા બેઠો ત્યારે એને આટલે વર્ષે ઘેર આવ્યો તોય કશોક અણગમો થઈ આવ્યો. ખાવાનું ભાવ્યું હોય એમ મનને ન સમજાયું.

સાંજે વાળુ કર્યા પછી તે બહાર ચોકમાં ખાટલામાં પડ્યો પડ્યો આકાશ-દર્શન કરતો હતો. સેનેટોરિયમમાંથી ઘેર આવ્યા પછી મન કેમ જાણે અકથ્ય અસ્વસ્થતા અનુભવતું હતું. આકાશમાં અસંખ્ય તારાઓના ટમટમવાનો ઓચિંતો કોલાહલ થતો હોય એવું લાગ્યું. ન વર્ણવી શકાય એવી વેદનાનો ચેતો-વિસ્તાર થયેલો એને લાગ્યો. રાતનો પ્રારંભ અહીં આવતાં જ થઈ ગયો, આટલો જલદી ? સ્મૃતિનું શ્વાનબાલ કોકના ચરણ સૂંઘવા સેનેટોરિયમમાં દોડી ગયું.

'લલિતા ?'

'હા, એ જ.'

સત્ય બેઠો થઈ ગયો.

નજીક દિવાળી છીંકણી સૂંઘતી બેઠી હતી. પુત્રને આમ એકદમ બેઠો થઈ જતો જોઈને તે ચમકી, 'ચ્યમ ભાઈ, ઊંઘવાની જગા બદલઈ એટલે ?...'

સત્યે કશો ઉત્તર ન આપ્યો.

થોડી વાર પછી દિવાળીએ ફરી પ્રશ્ન કર્યો :

'ભઈ, દવાખાનામાં ગમતું'તું કે ?'

સત્યને ચીડ ચડી. આટલો વખત પોતે ત્યાં એ સમયમાં એ ફક્ત બે જ વખત આવી અને પાછી પૂછે છે કે.... પોતાની ઉપર પ્રો. મૅયોના કેટલા પત્રો આવતા હતા ! સેનેટોરિયમનું બધું ખર્ચ પણ એમણે જ ઉપાડી લીધું ને ! જન્નુનાં માબાપ ત્રીજે ચોથે દા'ડે અને કાકા અઠવાડિયે અઠવાડિયે આવી જતાં. નં. 9ની વહુ જેટલી વખત આવતી એટલી વખત પતિ પાસે રહેવા ઢેબરાં બાંધીને આવતી અને નં. 9ને લઢીવઢીને સાવ પ્રેમાળ કરી નાખતી અને નં. 11ની....અને આ માબાપ ? હંઅ...મા અને બાપ લાગણીશૂન્ય મહોરાં !

'ભઈ, દવાખાનામાં તને ગમતું'તું ?'

સત્ય આડો પડ્યો.

'હા.' સૂકા ઉદગારથી માનું મન ભરાઈ આવ્યું.

'હમણાંથી ન'તું અવાતું એટલે રિસાઈ તો નથી ગયો ને ? શું આવે બેટા, જોને આખો મહિનો વેવાંણ વેવઈનાં સગાંવહાલાંની સરભરામાં ગયો. અઠવાડિયા પર આવવાની જ હતી પણ મૂઈ ભેંસ વઈ; શું કરું તે ? અને પાછું

ભઈ, પાંહે કશું હોય તો આવું ને ? હવે દૂધના આવશે એટલે ચાખાંડ લવાશે.' પણ એવી વાતથી પાછું પુત્રનું મન દુભાશે એટલે વાતને એણે સહેજ વળાંક આપ્યો.

'તારી વાતેય થઈ છે. તમાકુના મોટા વેપારી છે. તને કોઈ પૂછે તો કહેવું– કશોય રોગબોગ નહોતો. એ વાતે જ નૈ કરવાની હોંકે ? આપણા ઘરનાં અને એક અહેમદ વગર તું દવાખાનામાં છે એ વાત કોઈ જાણતું નથી.' દિવાળી પુત્રના ખાટલા નજીક ગઈ.

'હેં બેટા, હવે તને રોગબોગ નથી રહ્યો ને ?'

'મટે એવું આ દર્દ જ નથી.' સત્ય પડખું ફરી ગયો.

માની આ દર્દકથાથી તે બેઠો થઈ ગયો પાછો.

'હોતું હશે તે ? બેટા તું ચિડયલો લાગે છે !'

'મને ઊંઘવું છે, તું હવે ઘરમાં જા.'

'બેટા, આંમ ચ્યમ બોલે છે ? કાશીએ સુરભિ રમાડવા ના આલી એટલે ખોટું લાગ્યું તને ?'

દિવાળી સત્યના ખાટલા પર બેઠી.

'તારે કશું કામ નથી ?'

સહેજ વારમાં તો સત્ય એકલો થઈ ગયો. ખડકીનું કૂતરુંય સળવળતું નહોતું ખાટલાથી ખીચોખીચ ફળિયાને અંધારાનો લાભ લઈ કોક ચોરી જાય તોય ખબર ન પડે! માત્ર છેવાડાના ખંડિયેરમાં અંધારામાં તમાકુ ખાંડવાનો અવાજ આવતો હતો. હજીય એના ખાંડનારાને એની મીઠાશ મળી નહોતી.

ઓચિંતું આવ્યો ત્યારનો આ શું થઈ ગયું છે પોતાને ? અરે, બસસ્ટૅન્ડ પર તેણે જરીસરખો ખુલાસોય ન કર્યો...કોક વાર્તાના પ્રકરણની જેમ સેનેટોરિયમનો એ સમયખંડ પોતાના મનમાં પુનઃસ્થાપિત થતાં આમ્રવૃક્ષ નીચેના વેરણછેરણ વાર્તાલાપનો કશોક નિશ્ચિત અર્થ બંધાતો લાગ્યો....એકાએક પોતાના સૂતેલા શરીર પર ફાનસનો પ્રકાશ પડતાં તે પાછો બેઠો થઈ ગયો.

'લઈ લો આ દૂધ.'

'પણ એમાં આ ફાનસ–' સત્યને ક્રોધ થઈ આવ્યો.

'મારે નથી પીવું દૂધ.'

'પણ બેટા, મેં બે–ત્રણ બૂમ પાડી તોય તું બોલ્યો નહિ એટલે ફાનસ લાવી એમાં શું થઈ ગયું ભઈ, તેં ગોળી ગળી નથી.'

'નથી ગળવું કશુંય.'

ફાનસના પ્રકાશમાં શોક્યના છોકરા જેવું પુત્રનું વર્તન જોઈ દિવાળી ડઘાઈ ગઈ.

'સતિ...' ને કંઈ બોલ્યા વગર એ ઘરમાં જતી રહી.

*

બીજે દિવસે ઓસરીમાં ખાટલા પર પડ્યો પડ્યો સત્ય વાંચતો હતો. બાજુમાં દિવાળી ઘઉં વીણતી હતી. પંચાયતના રેડિયોમાંથી ગીત આવતું હતું :

માના હમારે પ્યારકા આલમ બદલ ગયા

અપને હી દિલકી આગસે આશિયાના જલ ગયા.

અચાનક પુત્રનો રડમસ ચહેરો જોઈ જવાતાં તે આશ્ચર્યમાં પડી. થોડી વાર પછી તે એકલો એકલો વાતે ચડ્યો. છાતી પર ચોપડી મૂકી તે કોકની સાથે વાત કરતો હોય એવું બોલતો હતો.

'એકલો એકલો ભઈ, તું શું કરે છે ?' દિવાળીથી ન રહેવાયું. સત્ય છોભઈ ગયો. માની ઉપસ્થિતિથી એને શરમ આવી હોય એવું થયું. દિવાળીએ વારંવાર પૂછ્યું તોય તે મૌનને જ વળગી રહ્યો. એક વાર તો તે હસી પણ પડ્યો; પણ તોય માનું મન ઘઉં વીણવામાં ન ચોંટ્યું. થયું : અમદાવાદમાં પહેલેથી રહ્યો છે એટલે એને આ ગામડાગામમાં ગોઠતું નહીં હોય, ને દવાખાનામાં ત્રણેક મહિના રહી આવ્યો એટલે સ્વભાવ ચીડિયો થઈ ગયો છે. કાં તો રોગ મટ્યો જ ના હોય... પુત્રને પૂછવાનું મન પણ એક વાર થઈ ગયું. પણ ન બોલી શકી. એને એકલો રહેવા દઈ તે ઘરમાં રસોઈ માટે ગઈ. એનું મન પુત્રના જ વિચારોમાં પ્રવૃત્ત હતું. એની મામીને બંગલેથી છેલ્લાં દોઢ વર્ષથી બનતું નહોતું એટલે બૉર્ડિંગમાં રહેવા જતો રહ્યો એટલે ક્રોધવાયો તો નહીં હોય ! પણ શું કરીએ અમેય તે ! ગયા વર્ષનો કપાસ દેવામાં પેસી ગયો, અડધી તમાકુ અનાજ લાવવામાં ગઈ, કાશીની સુવાવડમાં અછોડો કર્યો એમાં ને રમેશની ફીમાં અરધી ગઈ. શું કરીએ ?

સત્યની દૃષ્ટિ ઓચિંતી ભીંત પર પડી. ગરોળી સરસર કરતી ઊંચે ચડી ગઈ. ખાટલામાંથી એ નીચે ઊતરી પડ્યો. માણેકચોકમાં કાગદીની દુકાને નોટો ખરીદવા ગયેલો ત્યારે દુકાનના સળિયા પરથી એક ભૂરીભટ ગરોળી ખમીશમાં પેસી ગયેલી. એ વખતે પોતે ચીસાચીસ કરી મૂકી હતી તે યાદ આવતાં તેનાથી હસી પડાયું. કશેક વાંચ્યું હતું, ગરોળીનું વિષ અઘાતક છે. ત્યારથી એના ભયને દૂર કરવાનો માનસિક પ્રયાસ આજ લગીમાં એણે ખૂબ કર્યો. સેનેટોરિયમમાં નં. 7ના ખાટલામાં ગરોળી પડી હતી ને પોતાના પેટમાં સરવરાટ શરૂ થઈ ગયેલો.

નં. 9ને એ ગરોળીને બહાર કાઢવા કહેલું ત્યારે તે ખૂબ હસેલો. ગરોળી ગ્રૂપફોટા પાછળ સંતાઈ ગઈ હતી. ગ્રૂપફોટા પર એનું ધ્યાન તો ક્યારનું ગયું હતું પણ ઝીણવટથી જોવાયું નહોતું. બાપુજી-મા, કાશીભાઈ-મોટા ભાઈ, રમેશ બધાંયનો ફોટો; ને એક પોતે જ એમાં નહિ ? પેલી ડીંટા જેવી સુરભિને પણ ભાભીએ કેડમાં લીધી છે. એક પોતે જ....? એક પોતાનો જ આમાં ફોટો નહીં ! સુરભિ જેવડી ચેલકીનો...એનો લબડી પડેલો હોઠ, ગમી જાય એવી સાકરની ગાંગડી જેવી આંખો અને ગંધની પોટલી જેવા એના ગાલ જોતાં બચી કરવાનું મન થાય એવી વ્હાલકુડી છોકરીનો ફોટો સત્યને ગમી ગયો. એમાંની પોતાની ગેરહાજરીને પણ ભૂલી ગયો. સાચ્ચે જ એ નાની છોકરી સમગ્ર ફોટા પર અને પોતાના મન પર કબજો લઈને એની માતાની કેડ પર બેઠી હતી !

'ફોટો જુવે છે, ભઈ ?' દિવાળીએ પરસાળમાં આવતાં જ પૂછ્યું.

'હા મા, જો તો ખરી આ સુરભિ !'

'બેટા, એ દહાડે એણે ઓ વિતાડ્યું છે, ઓ વિતાડ્યું છે. એની માય પટાવી પટાવીને થાકેલી, તારા બાપુજીએ તેડી તોય મૂઈ એકની બે ન થાય. મોટો ભઈ તો એવો ચિડાય–એવો ચિડાય–'

જોયું તો સત્ય ખાટલા પર પુસ્તક લઈને એનાં પાનાં ફેરવતો હતો. પુત્રને આમ હર્ષમાં જોતાં દિવાળીના આનંદને સીમા ન રહી.

'બેટા, મીઠી લેમડી નાખીને કઢી બનાવી છે, તને બૌ ભાવે છે. એની સાથે લોટ શેકું કે વેઢમી કરું ?'

'મને શું પૂછે છે ? કરને જે કરતી હોય તે.'

આવું છાંછિયું દિવાળીએ ક્યારેય સાંભળ્યું નહોતું. મનહર સામું બોલી ગયો તે એની ઑખાદ બગાડી નાખી. એક રાતમાં જુદાગરું કરી આપ્યું ! એવાય જો કદી ઊંચે અવાજે બોલી જાય તો એમનેય મોટું 'ચુંલા જેવું' સંભળાવી દેવામાં પોતે પાછી પાની કરતી નહીં.

'તને મેં વેઢમીનું કહ્યું; કંઈ ગાર તો નથી ભાંડી ને !'

'મારું નાથું ન ખા.'

'આવ્યો છે મોટો મામલીતદાર થઈને ! કોના ઉપર આટલી તયડાજી કરતો હશે આવોય.' ને એ ઘરમાં જતી રહી. 'રમેશના વિવા થઈ ગયા તે આંખમાં આવે છે, તે એમાં અમે તે શું મરીએ ! તે પાછો....'

એ કઢીમાં તાવેતાને ક્યાંય લગી ફેરવતી રહી.

*

હૃદયના ગંભીરતમ ઊંડાણમાં છલાછલ કરતા નિર્ઝરે એકાએક ડોકું કાઢ્યું હતું. આજે ગામમાં આવ્યે ત્રણ દિવસ થઈ ગયા છતાં કેમે કર્યું અહીં મન માનતું નહોતું. એને સેનેટોરિયમમાં જઈ આવવાનું મન થઈ આવ્યું. માની રજા લીધી. તૈયાર થયો. માએ જમવાનો આગ્રહ કર્યો ત્યારે માંડ હાથ બગાડ્યો ન બગાડ્યો કરી ઊભો થઈ ગયો.

'કેમ અચાનક જવું છે ત્યાં ભઈ ?' દિવાળીને થયું પાછો એને છાતીમાં દુખાવો તો નહિ ઊપડ્યો હોય. સત્યે કશો ઉત્તર ન આપ્યો.

'પણ આવતી વખતે ભઈ, પેલું તારું ખમીશ ભૂલી ગયો છે તે યાદ કરીને લેતો આવજે. જો ત્યાં રહ્યું હોય તો !'

દિવાળીનો આખો દિવસ સત્યના વિચારોમાં ગયો. સાંજે એ સેનેટોરિયમમાંથી વ્હીલે મોંએ પાછો ફર્યો. એ આવ્યો એવો ખુરશીમાં બેસી પડ્યો. એના બાપુજી વેપારીને તમાકુ બતાવવા ગયા હતા તે હજી આવ્યા નહોતા, એટલે દિવાળી પણ જમી નહોતી. પુત્ર આવ્યો એવો એને ખાવાનું કહેવું એ યોગ્ય ન માની તે છીંકણીની ડાબડી લઈ એની સામે બેઠી. આમ વ્હીલો વ્હીલો એને બેઠેલો જોઈ સત્યની માને બોલવાનો વિચાર થયો.

'બેટા, તું પેલું ખમીશ લેતો આવ્યો કે ?'

'ખમીશ મરી ગયું !' એ રાતોપીળો થઈ ગયો.

'આવોય જોને કરે છે ?' મનમાં મનમાં સોરવાતી દિવાળી બહાર આવી. મંજુને બોલાવ. પાછું શુંય થયું ને 'જા કંઈ કામ નથી, કહીને કાઢી મૂકી.' પાછો વધારે ગુસ્સે થાય. રતિલાલ પાસે ઉજણી નખાવવાનો વિચાર આવ્યો અને સત્યની બીકે પાછો કાઢી મૂક્યો. પડોસણ ખુલ્લામાં આવી રોટલો ખાતી હતી એની પાસે 'ઉપાય' લેવા ગઈ. બંને જણીઓએ ચર્ચાને અંતે એક જ તારણ કાઢ્યું અને તે : રમેશનો વિવાહ વહેલો કરી નાખ્યો એટલે એને લાગી આવ્યું હશે–છે.

સત્યને લખવાનું ન ગમ્યું. એટલે લખેલું હતું તે મઠારવા મંડ્યો. એય ન ગમ્યું એટલે ચંપલ પહેરીને બહાર નીકળ્યો. એને આમ ભૂખ્યો–આવ્યો એવો જ બહાર જતો જોઈને પડોસણ પાસેથી દિવાળી ઊઠી. પરંતુ એમની એમ ઓટલા પર ઊભી ઊભી નિરુપાય દૃષ્ટિથી પુત્રની પીઠને જોઈ રહી.

*

સત્ય ખડકી બહાર એક મકાન સામે આવી ઊભો.

ચોકમાં ભજન થવાનાં હોઈ નાનાં છોકરાં નરઘાંકાંસી વગાડતાં હતાં. એક બાલભક્ત એના કિશોરકંઠે ગાતો હતો.

'હંસલો ચાલ્યો જવાનો એકલો રે.'

તો વળી એને બંગલાવાળું ભજન ગાવાનો કોઈ આગ્રહ કરતું હતું.

'ના છગન, એ નૈ; હેલો ગા હો.'

સત્યને રસ પડ્યો. વૈરાગના સંગમાં નર્યો આનંદ ભળ્યો હતો.

'તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી.' એક ગાતું હતું તો નરઘાં વગાડતો વગાડતો જેંણો વળી :

'તારી પાસે પઇસો નથી રોકડો

તું તો નંદબાવાજીનો છોકરો રે.'

ગાતાં ગાતાં અટકીને

'હાંભરો ને અલીઓ. દાંણલીલા. સોમાકાકા ને ભગવતીકાકાની જેમ હું શનિયો બેય ગૈએ. હેં ન'લ્યા શનિયા ?'

સત્ય ક્યાંય લગી ઊભો રહેત પણ મંજુ બોલાવવા આવી એટલે એ ત્યાંથી ઘેર પાછો ગયો. એને થયું આ બાળકોની જેમ પોતે ન રહી શકે ! વૈરાગ્ય એમને અડકતોય નથી. એમની પ્રવૃત્તિ કેવળ આનંદમય છે. ભક્તિનો અર્થ એને સમજાતો હોય એવું લાગ્યું. મનના તાપમાંથી વિરામ લેવા માટે, ક્લેશોથી મુક્ત થવા માટે આજે આ ગ્રામજનો ગાશે. ભગવાન અને ભજન તો આનંદનાં સાધન થઈ જશે. એમને માટે આત્માનું પરમ આત્મામાં વિલીન થઈ જવાનું સાધન ભક્તિ હશે. જે કહો તે. કશુંક દુઃખ ભૂલવા માટેનો જ આ પ્રયાસ છે એ એને લાગ્યું. ખડકીમાં પેઠો તોય એક વાર તો એમ પણ થઈ આવ્યુંઃ પોતે પાછો જાય. એટલામાં એના કાને ચારપાંચ વૃદ્ધ અવાજો હસતા સંભળાયા.

વૃદ્ધમંડળ અને હસવું ? કાન સરવા કર્યા.

'હા વાઘજી, મેંય હારું હાંભર્યું તો છે. દમયંતી પર હંસ મોહિત થઈ ગયો તે. માસ્તર પણ કે'તા'તા હોં !'

'તો તો થઈ હાચી ? બોલ લાલા.'

'તે હું ચ્યારે ના કહું છું ? હું તો પહેલેથી જ વાઘજીના મતને ટેકો આલું છું. ભઈ, આ અસ્ત્રીએ તો પ્રથમી પર પરલે કરી નાંખ્યો છે, પરલે. તો પછી પંખીડા બચારાની શી વસાત; કહે જોય અરજન ? ભલભલા વિસવામિતર મુનિનું તપ ઓગારી મેલ્યું તો પછી પંખીની ચણોટી જેવડી આંખનો એની આગર શો હધડો ?'

‘એટલે જ તું ભરમચારી રહ્યો છે નૈ ?’ ને પછી તો આખી ખડકી ખડખડ હસતી હોય એવું સત્યને લાગ્યું. હૂકાના તડાકા કચુમરા ફળ જેવી જુવાનીને કચડ તડક ચડક તડક ચાવતા હતા, દમયંતીની વાતમાંથી રઈબા અને સમુડીનાં નામ હસતાં હસતાં ઉલ્લેખાયાં, ભજનની એક છાલક ગામ પર છલકી પડી, કૂતરાં શેરી અને ફળિયાં ઓઢીને ઊંઘી ગયાં. ઓશીકા લગી સીમનો એકાદ સાદ, શિયાળવાંની લાળી આવીને ઊંઘેલાને પડખું ફેરવતો કરી દેતાં. પેશાબ કરવા જાગેલાને ભજનમાં બેસવાનું મન થતું એવી ભજનલ લહેરો ગામ પર વાવા લાગી. તોય હજી સત્ય નિદ્રાથી દૂર હતો. બહાર આવ્યો. ખડકી ગાતી હતી :

જેંણી જેંણી મોરલીઓ વાગે છે.

ને ગામ આખું ઊંઘમાં ને ઊંઘમાં ‘જેંણી જેંણી મોરલીઓ’માં ઝૂમતું હતું. નરઘું, કાંસી અને ગળાં પૃથક પૃથક રહ્યાં ન હતાં. એક ભજનનો રેલો ગામમાંથી ઊંચે ચડતો હતો. ઓચિંતો સત્ય બબડી ગયો :

‘નહીં નહીં.....ત્યાં કશુંય નહોતું. હું પણ ક્યારેય દર્દી નહોતો. મને રોગ જેવું કોઈ દર્દ વળગ્યું નહોતું. હવે આ આકાશ પણ શુક્રહીન થયું છે, એમ સમજ. ના, થઈ જ ગયું છે. આંબાની છાંય નીચે મેં ક્યારેય કોઈ સ્ત્રીને જોઈ નહોતી. મેં એને મારી પ્રેયસીનું નામ આપ્યું નથી. એના કર્ણમૂલમાં મેં કોઈ તાજા શબ્દનું ફૂલ ખોસ્યું નથી. મેં ક્યારેય કોઈ સ્ત્રીને જોઈ નથી. આ પૃથ્વી પર કોઈ સ્ત્રી જેવું છે નહીં, હતું નહીં અને હવે પછી હશે પણ નહીં.’

ને એણે આંખો મીંચી. ભજનના સેલ્લારામાં એ બાજરાના છોડની જેમ ડોલવા લાગ્યો. બે ભજનના અવકાશમાં પાછો એ દબાયો. પાછી પેલી પુરાણી ખડકીનાં કમાડ ખડખડ હસવા લાગ્યાં, પાછું પેલું આમ્રવૃક્ષ અંધારામાં ઝાવાયું ને અંધકાર પોતાના કાન પાસે શબ્દરૂપ બની ગયો...

‘હવે જવાંની પાછી આવે તો એ હાપણને તો હું પૂછડું વેંઝીને ઢીલીઢસ્સ કરી નાખું.’

ને પાછી નરઘા પર તમાકુ ઘૂંટાવા લાગી :

‘આ રે જીવનમાં થોડું પીધું

ને વળી થોડું મરણમાં પીશું...’

સવારમાં ઊઠ્યો ત્યારે તેની પ્રફુલ્લતા માથી અછાની ન રહી. થોડુંક લખી એ ખેતરમાં ગયો.

# 2. 'ઝંઝા'નો અંશ

* 28મી ફેબ્રુઆરી : 12-45 વાગે

નીચલો દાંત સખત દુઃખે છે. આજ્ઞા હોત તોય મારું કળતર થોડું ઓછું થવાનું હતું! એનો સ્વભાવ મારી સાથે ભળતો નથી એ પણ એક દુઃખ જ છે ને ! ડૉક્ટર પાસે જઈ આવ્યો. પેઢામાં ખોરાક ભરાઈ જાય ત્યારે આવું થાય છે. એમાં ફિકર કરવાની જરૂર નથી. નવશેકા પાણીથી શેક કરવાની સલાહ આપી. મને કોણ પાણી આપે ? મને દાંત પર ખીજ ચડી, ટાંકણીને પેઢામાં ઘાલી, દર્દ વગર એ નીચે ઊતરતી ગઈ, મેં વધારે ખોસી, કશુંય દર્દ થયું નહીં. લગભગ અર્ધ ઉપરાંત ટાંકણી દાંત નજીકના પેઢામાં ઊતરી ગઈ. મેં પાછી કાઢી લીધી. ટાંકણીની આસપાસ ગંદું બ્લડ ચોંટી આવ્યું. જોતજોતામાં તો દાઢી પર સોજો આવ્યો, રૂમમાં ખૂબ આંટા માર્યા પણ દુખાવો ઓછો ન થયો. હાથ ચડ્યું તે વસ્ત્ર પહેરી નીચે ઊતર્યો. મિ. ભટ્ટે રોક્યો.

'ભલા'દમી તમે કવિરાજ છો ? મને તો કશી ખબર નહોતી, આ તો ક્ષમાએ કહ્યું ત્યારે જાણ્યું. જુઓ કવિરાજ, પરમદા'ડે મહાદેવવાળા ચૉકમાં સોસાયટીના બધા જ લોકો એકઠા થવાના છે. તમારે ભાષણ કરવું પડશે. તમને જાણીને આઘાત થશે પણ એ વખતે તિલોકજી મહારાજ પણ આવવાના છે. મને આજ પાંસઠ વર્ષની ઉંમરમાં કોઈએ ઘસીને ના નથી પાડી એટલે વિચાર કરજો.'

અચાનક એમનું ધ્યાન મારી દાઢી પર ગયું.

'ભલા'દમી શું થયું આ ? વાગ્યું ?'

'ના, દાંત દુઃખે છે.'

'હત્તેરીની એમાં વૉય વૉય શું કરો છો, ભલા'દમી, ફટકડીના કોગળા કરો. કાનમાં કહ્યું સમજો. નથી ઘરમાં ? ક્ષમી, ' એમની ક્ષમી આવી. મને દુઃખતું હતું છતાં એમણે બૂમ પાડી તોય એને મિ. ભટ્ટે ફટકડી લાવવા કહ્યું. ફટકડી આપતાં મને સલાહ આપી.

'જુઓ કહી રાખું, પાણીના કોગળા કર્યા પછી સળીથી કે સોયથી દાંત

ખોતરશો નહીં, નહીં તો ઢીમચું થશે. પછી કહેશો કહ્યું નહોતું. તમને જાણી આઘાત લાગશે પણ ક્ષમીનો દાંત હલતો હતો, એ પડતો નહોતો કે નહોતો કળતો પણ તમારી જેમ વરાપ આવે ત્યારે બૂમબરાડા પડાવતો. મેં એને કહ્યું કે છોડી, તું ફટકડીને ઓગાળીને કોગળા કર તો કે ના મોટા ભાઈ. મેં એને આંખો કાઢીને ઉપર ઊભા રહીને કોગળા કરાવ્યા. કલાકમાં તો જાણે કાનમાં કહ્યું.' એમણે બાજુમાં ઊભેલી ક્ષમાને ફરી પાછો પ્રેમાળ હુકમ કર્યો.

'જા જોય બેટા કળશિયો પાણી ભરી લાવ તો.' પાછી મારા ભણી હસીને ખુરશી ખસેડી.

'બેસો. અત્યારે જ ઇલાજ.'

ને હું ના ના કરતો રહ્યો ને એમણે લોટામાં ફટકડી નાખી, ઓગળવા માંડી.

ઉપર આવીને પહેરેલે કપડે હું સૂતો. ચકલી એકલી ને હું પણ એકલો. ઘરમાં એક વધારે માણસ હોય તો દુઃખની ખબર ન પડે. ત્યાં પાછું બારણું ખખડ્યું. ક્ષમા હતી. દાડમનું છોતરું ભીનું કરી દાંત આગળ થોડો સમય દબાવી રાખવાની સલાહ આપી. મેં વાત કરવાની તક ઝડપી.

'તમને પણ મારી જેમ દાંત દુખતો હતો ?'

'હા.'

'કયો દાંત હતો એ ?'

'આ...' એણે દાંત બતાવ્યો. એ પર્ટિક્યુલર્લી કયો દાંત બતાવતી હતી એની તો ખબર ના પડી. પણ મારો દુખાવો ઓછો થઈ ગયો હોય એવું ઘડીભર લાગ્યું. એના ગયા પછી એટલો તો દુખાવો ઊપડ્યો કે રૂમમાંથી નીકળી જતો હોઉં, પથારીમાંથી પડી જતો હોઉં, સામે પડેલી બધી જ ચીજોને ભાંગી નાંખતો હોઉં એવું થયું. ઠંડું પાણી પીધું ત્યારે શાંતિ વળી, ને પાછું કળતર ઊપડ્યું. એ નીચે ઊતરી ગઈ એટલે જ આવું થયું હશે; એને પાછી બોલાવવાની ઇચ્છા થઈ પણ દાંત દુખતો હતો એટલે બોલવાનું પણ ગમતું નહોતું. અબળબબડ કરીને રૂમમાં ચકરડી મારી, પેલી બારીએથી નીચે જોયું તો મિ. ભટ્ટ ખાટલાને ચૉક વચ્ચે ઊભો કરી ડોલમાંથી લોટે લોટે પાણી રેડીને ગાળો જેવું બોલતા હતા.

'શું ચાલે છે ભટ્ટસાહેબ ?' પૂછવાની અનિચ્છા છતાંય પૂછી દેવાયું.

એમણે ઉપર જોયું ને દાંત તૂટીને ચૉકમાં જવા કરતો હોય એમ સણકો થયો. પછી ત્રણ મિનિટ સુધી ખાટલાની ઈસો પર પાણી રેડવાનો કાર્યક્રમ મોકૂફ રહ્યો. મને કહે :

'મારી જેમ નહીં તમારે. એય નિરાંત પલંગ પર પડ્યા પડ્યા જસબેલાલિયા કર્યા કરો, માકણનું નામ નહિ નિશાન નહીં. ગઈ રાત આખી હાયવલૂરા કર્યા કર્યા. નવ નવ પેઢીઓને યાદ કરી શિવજીનું સ્તવન પણ કામ ન લાગ્યું. તમને જાણીને આઘાત લાગશે પણ દૂધવાળાની ઘંટડી વાગી ત્યાં લગી પાંપણ મંડાઈ નથી.'

એમને બોલતા જ રાખી હું બીજી બારીએ આવ્યો. ક્ષમા કારેલાંની ચીરીઓ સૂકવતી હતી. દાંત પર ઠંડું પોતું મૂક્યું હોય એવું થયું. બારીમાં દાંતને શાંતિ મળી. ભટ્ટ બૂમ પાડીને પેલી બારી તરફ બોલાવતા હતા ત્યારે પાછો લગીર સણકો થઈ જતો હતો. પણ એનો નમેલો ચહેરો ઔષધ જેવો : મને થયું ઊભો રહું આખો દિવસ અહીં જ. એ અંદર જતી રહી ને હું ભટ્ટવાળી બારીએ ગયો. ખાટલાનો પાયો પછાડતા પછાડતા એ ક્ષુદ્ર જંતુ પર પોતાની રીસ કાઢતા હતા.

મને ચકલી પર ચીડ ચડી. હશે બિચારું અબોલ પક્ષી શું સમજે ? મને આજ્ઞા સાંભરી ને એકસાથે ત્રીસે દાંત ટીકડીઓની જેમ ખરી પડ્યા. ના રે એવું તો નહોતું થયું. પણ એ તો ચીડ. બીજું શું કરીએ. એના કરતાં કુંવારા શા ખોટા હતા ! મેં ક્ષમાનું નામ દઈને દાંતે દાંતે જીભ ફેરવી. આ ભીંતોની પેલી પાર મમ્મી જેવા સાઇડફેઇસવાળી પેલી ગુણવંતીબહેન મારે વિશે વિચાર કરતી હશે. મેં ચકલીને બહાર કાઢી એને પછાડી પણ સાલી એ તો આજ્ઞા જેવી ચતુર નીકળી; પછડાઈ નહીં ને રૂમમાં પાંચસાત ચક્કર લગાવી પાછી ફફડતી ફફડતી પાંજરામાં પેસી ગઈ. વહુ પિયરમાં જતી રહે એમ.

ટેબલ પર મમ્મીના ફોટોગ્રાફ પર નજર કરી. હાથમાં પોચું પોચું સળવળી ગયેલી ચકલી હજીય હાથમાં છે એમ થયા કરે છે. દાંત દુખતો'તો ને પાછો ગરીબ લોકોના વાસમાં ગયો. એની નોંધ પછી લઈશ, મને એકાએક નસીબ જોવાનું થાય તો મારે શું કરવું ? તાત્કાલિક કવર તો હોય નહીં. મેં કાપલીઓ તૈયાર કરી. દરેકમાં લખ્યું :

'X X X મારે નહીં જોઈએ. હું એનું મોં પણ નહીં જોઉં.'

'તમને પણ ચકલીની જેમ માયા લાગી છે.'

'તમે હજી અવ્વલ કુંવારા છો.'

આ પછીની બે કાપલીઓ મેં કોરી રાખી. એનું તાત્પર્ય ડાયરીમાં નોંધવાનું નથી, અંગત છે. હવે હું નિર્ભય થતો જાઉં છું. સમસ્ત પક્ષીજગતને મારામાં ભરીશ. મેં ગુણવંતીના નામની બૂમ પાડી. એ તરત જ દોડી આવી.

'શું છે ?'

'કંઈ નહીં. અમસ્તો જ બૂમ પાડી ઊઠ્યો. હવે મને કશી ચિંતા નથી. તમે

બેસો. મારા વર્તનથી તમારે ખિન્ન થવું ન જોઈએ. કુંવારી જીભ ગમે તેમ લવી બેસે એમાં તમારા જેવાં વડીલે માઠું ન લગાડવું.'

'હું તમને વડીલ લાગું છું ?!'

'એ તો ભાષા જ એવી છે મારી. મેં કહ્યું ના કુંવારી જીભ – it's all right રક્ષાને કેમ છે ?'

મેં એને પછી ફરીથી માઠું ન લગાડવા વાત કરી. જીવન છે, સંસાર છે, ઘણા બધા માણસો વચ્ચે રહેવું પડે છે, એમ કંઈ શબ્દને પકડીને બેસી ન રહેવાય. જોશી તો સાલો અજાણ્યો હતો, એને શી ખબર અમારી-આપણી વચ્ચે કેવો સંબંધ છે ? મને બોલતો અટકાવીને ગુણવંતીએ પૂછ્યું :

'તમે શું કુંવારા છો ?'

હા. તમે શું પરણેલો માનો છો ?'

'તો પછી ગયે અઠવાડિયે રૂમમાં આવ્યું હતું, તે કોણ હતું ?'

'ક્ષમા, બીજું કોઈ નહોતું – મને પૂછવા આવી હતી કે '

'એ નહીં બીજી...'

'બીજી-બીજી ? બીજી વળી કોણ ?'

મારે બદલે એના ચહેરા પર અકળામણ દેખાઈ. અમસ્તી હસીને 'મને ત્યારે એમ કે' કહેતીક ફરી હસીને કહ્યું :

'તે તમને પેલો મારો ફોટો ગમ્યો ને ? સ્કર્ટ પહેરીને મેં પડાવ્યો હતો એ ? સંસ્કૃતના પિરિયડમાં છોકરાઓ મને વાસવદત્તા કહેતા હતા.'

'કહેતાં હશે.' મારો દાંત દુખતો હતો.

'કેમ આમ બોલો છો ? હું તમને આવું પૂછું છું તે તમને નથી ગમતું ?'

એની રક્ષા રડી એટલે તે ગઈ. કપડાં બદલીને બહાર નીકળ્યો. બસસ્ટૅન્ડ પરથી પાછો આવ્યો ત્યારે ચૉકમાં ક્ષમા બટન ટાંકતી હતી. હું અમસ્તો જ એની પાસે જઈને ઊભો. મને અચાનક સંતોષનો ઓરડો અને પેલી કમબખ્ત યાદ આવી. મેં એના ખભા પર હાથ મૂકેલો, મમ્મી તે વખતે બાજુવાળા સંપતલાલને ઘેર અથાણાં બનાવવાનાં હતાં ત્યાં ગઈ હતી. મેં એને ખભે હાથ મૂકેલો અને પ્રેમપૂર્વક કહેલું :

'એમાં ગરમ શું થાય છે ભભલુ સબો ?'

એણે મદારીના હાથ સામે ઓચિંતી ફેણ માંડતા નાગ જેવો છણકો કરેલો.

અચાનક મારા કાને ક્ષમાનો સૌમ્ય પ્રશ્ન આવ્યો :

‘કેમ ઊભા છો ? બહાર જતા હતા ને જલદી કેમ પાછા આવ્યા ?’

હું વધુ નજીક ગયો. થોડી વાર રહીને એણે હસતાં હસતાં પૂછ્યું :

‘તમે ગુણવંતી આગળ મારા વિશે વાતચીત કરો છો ને ?’

એનો પ્રશ્ન પૂરો થાય તે પહેલાં તો મારું મોં પડી ગયું. બાજુમાં પડેલું ગુલાબી ઊનનું રીલ હાથમાં લીધું. હૂંફાળવું સ્તન હાથમાં હોય એવું લાગ્યું.

‘હોય ? તમેય કેવી વાત કરો છો ?’

ને એ પાછી હસી પડી; એટલે હું સ્વસ્થ થયો. આજે એણે સ્વેટર શરૂ કર્યું હતું. હું ત્યાં વધારે વાર ન રોકાઈ શક્યો. બારીમાં ઊભે ઊભે મેં એની ગૂંથવાની ગતિ જોયા કરી. પાતળી લાંબી આંગળીઓ મારા શરીર પર ફરી વળતી હોય એમ તે ગૂંથતી હતી. એની મોટી બહેને પીંજારાને ત્યાં રૂ મૂકી આવવા કહ્યું ત્યારે એ તતડી ઊઠેલી. પીંજારો રૂનું વજન કરે ત્યાં સુધી એની દુકાન સામે તાપમાં ઊભા ઊભા ધોખવાનું એને મુદ્દલે પસંદ નથી. કોચરબ-પાલડીના છોકરા છોકરી જોઈને પીધેલા બની જાય છે; ને જીભ સખણી રહેતી નથી.

તાપમાં ઊભેલી છોકરી ને બગીચાનું ખીલેલું ફૂલ વધારે સભર એક જ સ્થળે ટકતાં નથી.

*

ગુણવંતીએ હાંડવો બનાવ્યો હતો તે રકાબીમાં લઈને આવી હતી. એણે કહ્યું :

‘હું કૉલેજમાં હતી ત્યારે મેં હાંડવો બનાવતાં શીખી લીધું હતું. એની પ્રેપરેશનમાં ચણા-તુવેર-ચોખાનો જાડો લોટ એટલું જ પર્યાપ્ત નથી પણ એમાં કેળવાયેલા હાથની પણ જરૂર પડે છે.’

એ એ રીતે વાત કરતી હતી કે જાણે હાંડવામાં એનો હાથ નાખીને આવી હોય! મને એના હાથે એ ચખાડ્યો. મેં વખાણ કર્યાં.

મારો દાંત દુખતો ન હોત તો હું બધો જ હાંડવો ઝાપટી જાત.

‘શું થયું છે દાંતે ?’ અને સીધી પુરોહિતની વાત પર ઊતરી પડી.

‘પુરોહિત હજીય નથી પડતા. હું તો એમનાથી ત્રાસી ગઈ છું. પત્તામાંથી નવરા જ નથી પડતા. રક્ષાને 103 ટેમ્પરેચર છે. હવે તો હું થાકી. 29 વર્ષ થયાં મને, પણ હજીય પરણી હોઉં એવું લાગતું નથી. છોકરાં થાય એથી શું ? તમે એને સમજો નહીં.’

એ તુંકારા પર આવી ગઈ. 'એને સ્ત્રીની ખબર જ નથી પડતી. ટાઢો હિમ પર્વતનો રસ્તો જાણે. શું કહું ? કોને કહું ? ઘરમાં ખાય ને બહાર પાણી પીએ એ તે કંઈ પુરુષ છે ?'

'એ તો હોય તમારે એમ ન બોલવું જોઈએ.'

મેં આવું કહ્યું ત્યારેઃ

'તમે પૃથ્વીભાઈ ડોશી જેવા છો.'

આ વખતે તો એ ચિડાઈ ગઈ હતી. મારાથી એવું તે શું વળી બોલાઈ ગયું હતું ? મેં ફરીથી કહ્યું :

'સ્ત્રીને પુરુષને સંભાળી લેતાં આવડવું જોઈએ. એ તો હોય – એ તો ચાલે.'

'તમે કહો છો હોય, શું હોય અને શું ચાલે ? ઘરમાં મરદ હોય ને સ્ત્રીને ()ત્યાર પછી. અને પાછો ડંફાસ મારે છે. આ ક્ષમલી ખરી ને, એને ઘરમાં બેસાડવાની વાત કરે છે. વેતાં તો છે નૈ; ને થૂંક બધા મલકનું ઉરાડે છે.'

ગુણવંતી આમ મારી જોડે વાતો કરતી હોય ને અચાનક રૂપી આવી ચડે તો ? એને જોકે ક્ષોભ જેવું કશું ન થાય પણ મને કેવું થાય ? મને કેમ આવું થાય છે ? રૂપી ક્યાં છે? જે નથી એને માટે મને આમ થાય છે તો જે છે તેને વિશે મને કેવુંય થાય ? છોકરો ક્રોધી ઋષિના શ્રાપ જેવો લસોતર છે. મારી ચોપાસ ઘણાં ઘણાં છે. તે બધાની ઉપરવટ થઈને મારા એકાંતમાં કોણ ભળી ગયું છે ? હું એને ચોમાસાથી ભીંજાઈ ગયેલી માટીની સોડમનું નામ આપું ને તરબ-તરના ખૂણે વાત જાણી લીધી. નખ્ખોદ જાય તારું છોકરા, આપણી વચ્ચે ધર્મ, સળગતું છાણું, સાડા સાત આનાનું નાળિયેર, ચાર નયા પૈસાની નાડાછડી અને શિવશંકર ગોરના શ્લોક આવ્યા ને મારાં સત્તાવીસ વર્ષોની રેવડી દાણાદાણ કરી મેલી. તો પછી સંતુ રંગીલીનું પેલું સુખ્યાત ગાયન રામલીલાવાળો કેમ ગાયા કરે છે ? ને રોજ રાત્રે મને એના ચક્ષુપલકારા દેખાય છે - એક નિદ્રસ્થ વ્યક્તિનો સ્વપ્નિલ ચહેરો મને ગળસૂણું કરી મેલે છે.

આ શહેરમાં મારી મા રહે છે. પપ્પા રહે છે. પેલી નાસી જાય તો સારું. એને ઘેર ગઈ છે તે ફરી ન આવે પ્રભુ. તને તો ખબર છે દેવ કે મનુષ્ય હંમેશાં દાનવથી ડરતો આવ્યો છે.

મેં ઇચ્છેલું દુઃખ હજી હું મેળવી શક્યો નથી. દુઃખને પણ એક સુમધુર આકાર હોય છે એમ હું માનતો થયો છું. મને એક દિવસ સળગતાં છાણાં અડશે. મારા અંગમાં એક સ્થળે મને ન સમજાય એવું કશુંક સળગતું ઊભું થશે. દુઃખી મનુષ્યો જેને વેઠવા જેવું માનીને ઈશ્વરસ્મરણની ચટણી સાથે બટકે બટકે

ચાખીને વેઠે છે એવું મને પણ વેઠવા મળશે. દુઃખનો હાથ કાળજીભર્યો હોય છે. હું કહીશ દુઃખ એટલે કાળજી અને કાળજી એટલે ભટુરી ક્ષ. મને કોઈ નહીં બચાવી શકે. મમ્મી પણ નહીં.

હે દિશાઓનાં દુઃખો, મારા ઈશ્વરો, મારા શંકરલાલો, મમ્મીનાં ઓરમાયાં છોકરાં મારો પીછો પકડો.

ગુણવંતી કરડી ગયેલી વીંછણ જેવી રસકી ગઈ એની પણ ખબર ન રહી. ચૉકમાં જોયું. તાપનો બિસ્તરો પડ્યો હતો. છાંયડામાંથી ગણગણાટ આવતો હતો. કેરીઓના નાના નાના મરવા આવી ગયા છે બજારમાં એ બહુ મોંઘા છે એવું એવું સંભળાતું હતું. શિયાળો જવા મંડ્યો ને બળ્યું તુંય શું સ્વેટર ગૂંથવા મંડી ? અને મેં કાન સરવા કર્યા, અને પુરોહિતની જીભ ખુલ્લી થઈ જતાં નવટાંકવું વજન કાને પડ્યું. ચકલીએ પાંખો ફફડાવી. મારે છેવટે કલ્પના કરવી પડી. ક્ષમા અંધારામાં બેઠી બેઠી સ્વેટર ભરે છે અને એના ગળામાંથી અસ્પષ્ટતા ઘૂંટાતી ઘૂંટાતી મેડા પર આવે છે. એ બેઠી હતી છતાંય મને દોડતી લાગી. એના ઘરમાંથી દોડતી દોડતી સામા ઘરમાં જાય ને ત્યાંથી પાછી દોડતી દોડતી એના ઘરમાં પેસી જાય. મારે માટે એ કેટકેટલું દોડ્યા કરે છે ? અહીં આવ્યો છું ત્યારથી આજ લગીમાં હજાર હજાર યોજન જેટલું એ દોડી હશે. લગીરે થાકતી હોય એવું મને કળાવા દેતી નથી. અત્યાર લગીમાં એક વાર મને એણે કહ્યું નથી કે તમારું કેમ ચાલે છે ? મને ખાવાની તકલીફ પડે છે કે નહીં, મારી ચકલીને હું શું ખવડાવું છું, તમારું દૂધ અખરાય છે કે, તમારે ભાંગ પીવી છે એ વાત ખરી, પણ કેટલી પીવી છે–આટલું બધું પૂછવા જેવું છે ને ! મારા અસ્તિત્વને એના ગાલ પરના પાંચ-સાત તલના ઝૂમખામાં લઈને બસ દોડ્યા જ કરે છે. સતત સતત.

*

બુચાને પૂછતાં ખબર પડી કે આજે એના વાસમાં ભૂવા ધૂણવાના છે. શીકોતર માતાને બકરો વધેરવાનો છે એટલે બુચાએ નવું 'સટ્ટ' પહેર્યું હતું. ખાખી ચડ્ડી તો રોજની હતી તે જ, કૂલા પર કાળું થીંગડું, ધારો ફાટી ગયેલી અને દાળના છાંટા પડેલા ડાઘાવાળી રોજિંદી ચડ્ડી પર આખી બાંયનું ભૂરું શર્ટ ચડાવીને તે 30 નંબર બીડી પીતો બેઠો હતો. બટનની જગ્યાએ પિનો લગાવી હતી. કાનમાં સેવતીનાં ફૂલ ખોસ્યાં હતાં. બનીઠનીને બેઠો હતો. મિ. ભટ્ટને આજીજી કરીને બીડીનો દમ લગાવતો હતો. મને જોઈને એણે બૂમ પાડી.

'પૃથ્વીભાઈ, ભટ્ટને કહેવો ને પૈસા આલે. આજ ભલા'દમીનો પારો ચડી ગયો હે.'

'ના કેમ આલે ? તું માગ.'

એટલામાં ભટ્ટ બહાર નીકળ્યા. એને જોઈને ગુસ્સે થયા.

'હજી અહીં મૂઓ છે, લ્યા. જા. નહીં મળે. સારા કામમાં પૈસા વાપરે તો મળે. એમનેમ બકરાં વાઢવા ના અપાય.' મિ. ભટ્ટ મારા ભણી ફર્યા.

'વાત ન પૂછો આ ભીલ લોકોની. દર બબ્બે મહિને એમની માતા ભૂખી થઈ જાય છે. તમને જાણીને આઘાત લાગશે પણ કહું; આ લોકોને માટે બકરો વધેરવો એ મંગલ કાર્ય છે.'

હું ત્યાં જ જઈ આવ્યો છું. વાસમાં પેઠો ત્યારે માથું ખરી પડે એટલી દુર્ગંધ મારતી હતી. ચોમેર ગંદકીના, ઊબકા આવે એવા ઢગલા. છાણમાં કીડો સળવળે એમ હું છાપરીમાં પેઠો. ચાર ભૂવા સામસામે બેસીને ધૂણતા હતા. લમણે હાથ મૂકીને બુચાનો બાપ હળવું હળવું કંપતો હતો. એનામાં માતા આવવાની તૈયારી હતી. મને ઓચિંતો વાસમાં આવેલો જોઈને બુચાનો બાપ ઊભો થઈ ગયો. માટીની ઓટલી પર બેઠેલી સ્ત્રીઓ અને ઊભેલાં બાળકો તરફ ફરીને હુકમ કર્યો.

'ખાટલી હાઈ લાવો તો....'

એણે મારો આદર કર્યો.

હું તો બાજુમાં ઊભેલા બકરાને જોઈ રહ્યો. એને હજારીનાં ફૂલોથી શણગાર્યો હતો. ચારે પગે ગજરા બાંધ્યા હતા, શિંગડીએ કંકુ ચોપડ્યું હતું. કપાળે ચાંલ્લો કર્યો હતો. શરીર આખું ફૂલથી ઢાંકી દીધું હતું. ક્યાંક ક્યાંક શરીરનો ભાગ દેખાતો હતો તેય કાળાં ફૂલ હશે એમ લાગે ! એ બોલતો ન હોત તો બકરો છે એવી ખબર પણ ન પડે, ફૂલનો બકરો થઈને ઊભો હતો એ.

એક ભૂવાને મારામાં ત્રાહિત પુરુષની ગંધ આવી એટલે મારે રામલીલાના રાજાની જેમ થોડીક મિનિટો સુધી સંવાદ બોલવો પડ્યો.

'હું પણ તમારામાંનો એક છું, મારા બાપા આવા ઘણાય બકરા વાઢે છે. અમારી કુળદેવી પણ શીકોતર છે. તમે ભાઈઓ ! મારામાં અવિશ્વાસ લાવશો નહીં, માતા ભૂખી થઈ હશે માટે બકરો વધેરવામાં વાર ન કરો. ગરીબ માણસની એ જ એક સાચી માતા છે. એનું સત ચોમેર ફેલાયું છે. સરદાર ખુશવંતસિંહને પગે વાગ્યું ત્યારે માતાએ એને સ્વપ્નામાં દેખા દીધી હતી અને બકરો વધેરવાનું વચન લઈને પગ પર ઇલમ કર્યો હતો.'

એટલું કહીને મેં સવાપાંચ રૂપિયા પેલા ભૂવા ભણી ધર્યા ને એને મારી વાતમાં શ્રદ્ધા બેઠી. એ પછી પાડો ગોથાં મારતો હોય એમ ભૂવો ધૂળમાં રગદો-

ળાયો અને કિલકારીઓ પાડી. મેં મારું ટેપરેકૉર્ડર કાઢ્યું. ધૂણતો પૂછવા મંડ્યો :

'એ શું છે ?'

મેં સવા રૂપિયો ફરીથી ભૂવા સામે મૂક્યો એટલે મારો ઉત્તર મળી ગયો માનીને એણે ધૂણવા માંડ્યું.

મેં બુચાના બાપને કહ્યું :

'આ તો માતા ધૂણે એ ફરી વાર પણ આપણને સંભળાય એવું મશીન છે.'

એ પછી તો બકરા પર પાણી છાંટ્યું. બકરામાં માતા કંપી ત્યારે અચાનક તલવાર ખેંચાઈ. એક ભૂવાએ કિલકારી કરી અને બકરાના ગળા પર ઝીંકાઈ. બેં બેં પણ પૂરું થઈ શક્યું નહીં. મારી આંખોમાં લોહી ફરી વળ્યું. હું બુચાને કંઈ પણ કહ્યા વગર સીધો ઘેર આવતો રહ્યો.

રસ્તામાં પણ મારાં રૂંવાં ઊભાં થઈ જતાં હોય એવી કંપારી મને આવી જતી. રૂમમાં આવ્યો. ડાયરી લખવા બેસું કે નહીં–એવી ગડમથલમાં હતો ને અંધારું જખમાતું હોય એવો ગુણવંતીના ઘરમાંથી પગરવ સંભળાયો. ગુણવંતીના બારણા આગળ કશીક ગુસપુસ થઈ. દાદરાનાં પગથિયાં પર અંધારું થપક્યું. મેં ચૉકમાં નજર કરી. મિ. ભટ્ટ ધોતિયાને છેડેથી ઉગડા વળીને ચહેરો લૂછતા હતા. મિ. ભટ્ટને મેં આ રીતે ઊતરતા બીજી વખત જોયા. પહેલી વખત હું અહીં આવ્યો ત્યારે એક રાત્રે આવી જ રીતે ઝટ ઝટ દાદરો ઊતરી ગયા હતા. પુરોહિત રાત્રે પત્તાં ટીચવા જાય છે એને આની ખબર પડી જાય તો આ ગુણ-વંતીને જીવતી ન મૂકે. પછી ગુણવંતીના ઘરમાં અજવાળું થયું.

ડાયરી લખી રહ્યો છું ત્યાં લગી પુરોહિતનાં પગલાં નથી સંભળાયાં.

* 1લી માર્ચ : મંગળવાર

રૂપીની પ્રતીક્ષા કરતો હતો. આજે દેખાઈ નહીં, એણે દેખાવું જોઈએ. એ મળે કે મારે ધમકાવી નાખવી જોઈએ. બેવકૂફ શું સમજતી હશે ? એના ભણી નજર પણ બીજા કરે નહીં ને હું જ એક એવો છું કે એને દિવસમાં એકાધિક વખત સમર્યા કરું છું. હા, વળી કંઈ અણસમજું થોડી છે. ભરબપોરે પીંજારાની દુકાને જવાનું તો પસંદ નથી કરતી એવી તો સમજણી થઈ છે. ને મને દેખાય નહીં ? આમ તો ન બોલાવું ત્યારે પટપટ કરતી ઉપર આવે છે. મારો ઠપકો સાંભળતાંવેંત એનો તલમીઠો ગાલ રાતો થઈ જાય અને પછી આંખો ભીની ભીની થઈ આવે. ને સાચોસાચ રડતી હોય એવી મારાથી કલ્પાઈ ગઈ.

'જો એવું થાય ગાંડી, આ તો લગરીક ગમ્મત, મારી ગલસુરી ઓસામુ.

પ્રિય ક્ષ, મેં તને દૂધવાળી ક્યારે કહી છે ? તું આજે મહાદેવ ગઈ હતી ને ? મંદિરે જઈને તું શું માગે છે?'

છેવટે એ દેખાઈ. સારું થયું હું વહેલો વહેલો અત્યંતને ઘેર ગયો નહીં. નહીં તો એનું અનાવૃત્ત દર્શન ન થાત. હું એને કયા શબ્દોમાં મૂકું ? પહેલાં એને અનુલક્ષીને લખેલી કવિતા નોંધું કે – આ ચકલી ઘરમાં આવી છે ત્યારનું તકદીર સાવ બદલાઈ ગયું છે, ઝઘડો થાય કે ન થાય પણ દિવસ સારા ઊગે છે, ઈશ્વર જે કંઈ કરે છે તે સારા માટે જ કરતો હશે. નહીં તો છોકરાં આમ બાથરૂમનો કાચ તોડી ન નાખે. અહીં જઉં, ત્યાં જઉં, તૂટી પડું, ખરી પડું, જલદી જલદી દુ:ખી થાઉં. એવું એવું થઈ ગયું. ક્ષણાર્ધ માટે મસ્તકને એના ન્હાનલ ગોળાર્ધ પર મૂકી રાખું. અને તે બાથરૂમમાં ઊભી ઊભી કાળજીથી શરીર લૂછતી હતી. ગઈકાલે જ સ્તન આવ્યાં હોય એમ એને અત્યંત કાળજીથી લૂછવા મંડી ત્યારે હું તૂટેલા કાચના જાળિયાની ધાર પર બેસીને એની સ્નાનચેષ્ટા નીરખ્યા કરતો...

## 3. રાવજીની અધૂરી નવલકથા 'વૃત્તિ' : પ્રકરણ 3

પુત્રી વળાવીને મનોર સોલંકી તળાવની પાળ પર જ ઠરેલી ધૂળની જેમ બેસી પડ્યા. કાલે સાંજે પોતાને આંગણે આવી ઊભેલો અંત્યજ હજીય પાંપણ પાસે બેઠો હતો. અણધારી ઘટના હતી એ. આકસ્મિક આંગણમાં આંબાનો ગોટલો ઊગી નીકળે એવી એ ક્ષણો હતી. ધૂળની ડમરી જેવા યૌવનના દિવસો ઘડીભર મનમાં ઊંચાનીચા થઈ ગયા. રાતી અને શ્વેત પોયણ ઝાંય વચ્ચે ડૂબાડૂબ કરતી જળકૂકડી જેવું મનોર સોલંકીનું મન કેમે કર્યું વિચારમાંથી બહાર આવતું નહોતું. મોટો પુત્ર તો કપાયેલી આંગળીની જેમ વેગળો થઈ ગયો પણ આ વચોટ તો સમજુ છે. મનુષ્યના ખોળિયાને ઓળખે એવી એની પાસે આંખ છે. એ પણ માત્ર પચાસ રૂપિયા આપી પટાવીને જતો રહ્યો ? આશ્વાસનની તો કશી વાત જ ન કરી. ને રાત આખી વાતો કરી તો ભાઈ સાથે તમારે વેર ન રાખવું જોઈએ. એમને જુદા કાઢીને તમે અન્યાય કર્યો છે. છોકરો ઊઠીને બાપને ઠપકો-સલાહ આપી ગયો? ભિખારી સામે બટકું ફેંકે એમ પચાસ રૂપિયા ફેંક્યા.

સમજુ દીકરો માવઠાની જેમ આવ્યો અને કોરા કકડતા તાપની જેમ સરકી ગયો. સાઇકલની ઘંટડીએ ડોસાના નિષ્ફળ વિષાદને સકંપિત કરી મૂક્યો.

'ઓ તમે છો કે વૈદ્યરાજ ?'

'મનોરકાકા, તમે જ મને યોગ્ય રીતે બોલાવો છો. આ ગામવાસીઓએ તો બધાએ મને ડૉક્ટર કહી કહીને વીલો કરી નાખ્યો છે. કેમ કુશળ તો ખરાં ને ? હવે તો શ્રાદ્ધના દિવસો આવ્યા વડીલ, ટાઢનાં પગલાં ઉત્તર દિશામાં સંભળાય છે. શરીર ખુલ્લું રાખવાથી વટ પડતો હોય તો ઉનાળામાં પાડજો. પણ મારું કહ્યું માનીને આ વૃદ્ધ શરીર પર જુલમ ન કરો. હજી તો અમારે તમારી પાસેથી ઘણું શીખવાનું છે.'

જાણ્યું હવે વૈદ્યરાજ, મારા જેવા પાસેથી એવી આશા ન રાખીએ. આ કરચલીઓ પડી ગઈ છે એટલા ગુના એકઠા થયા છે. જાણ્યું તો મેં પણ શું છે, તે તમને જણાવું ?

'વાહ રે મનોરકાકા ગુના કર્યા એટલે શું શરીર વગરના થઈ ગયા તમે ?

ગુના મેં પણ ઘણા કર્યા છે.'

'કર્યા હશે ભઈ પણ ફેર. ઇયળ મારવી ને માણસ મારવો બેય સરખાં કૃત્ય થયાં કે? બોલો તો ખરા ? એ બે સરખાં વાનાં કહેવાય કે ! જવા દો એ પાપની વાત પણ મને એ તો કહો કે પેલી અમરતની શી ગત્ય થશે ? એ બાપડીનો છોકરો જ દુશ્મન થઈને મારવા બેઠો છે.'

'એને નહીં મટે. પણ તમને કહી રાખું કાકા, અત્યાર લગી મને તમે છેતર્યો છે એના જેવો તમારો એકે ગુનો હું દેખતો નથી. બીજી લપછપ મારે કાને નથી ધરવી, પણ મારા પ્રશ્નનો ઉત્તર આપી દો. અત્યાર લગી ભૂખ વેઠીને ધરાયાનો દંભ કેમ કરતા હતા ? તમને આટલાં વર્ષ થયાં શું કરીએ ? અમે કંઈ શત્રુ નથી તમારા. પેલો આ જાણી ગયો, તે કેટલું રડ્યો મારે ઘેર.'

'શું કહે છે ભાઈ તું ? જદુ રડ્યો'તો !' જાતને હર્ષના આવેશમાં ફેંકી દઈને વૃદ્ધ મીણની જેમ ધીરે ધીરે જુવાન લોહી સામે ઓગળવા લાગ્યો.

'વૈદ્યરાજ, તમે સાચમસાચ કહો છો. એ રડતો હતો ? એને અમારું દુઃખ અડ્યું એમ ને ! હેં ભાઈ, એ કેવુંક રડ્યો હતો ?'

હરિૐ શો ઉત્તર આપે ? એણે અત્યારે જે પીગળતું વય દીઠું એમાં તો ઘણું ઘણું હતું, ભાષા પારનું સંવિત વિદગ્ધ જીવની કંપારી પક્વ પાંદડાના ડીંટામાં ડાળને વળગી રહેવાની જે પ્રકર્ષ વૃત્તિ હોય છે તે એ લઘુપ્રશ્નમાં હતી. આ નવતર વૈદ્યે ક્યારેય આવી મોહક લાચારી દીઠી નહોતી.

બંને વાતો કરતા કરતા તળાવની પાળે ચડી ગયા. ડોસાને જદુ આવ્યો ત્યારે જેટલી પ્રસન્નતા નહોતી થઈ એટલી એના ગમન પછી થઈ. થોડી વાર રહીને વૃદ્ધે પાછો પૂર્વપ્રશ્ન કર્યો :

'પણ વૈદ્યરાજ, તમે અમરતની વાત તો કરી જ નહીં મને ?'

અમરત મોતીની મા થાય. અને એ ડોશીને ભસ્મકરોગ થઈ ગયો છે. આ વાત જાણીને મનોર ડોસો તો આભો જ થઈ ગયો.

'એ કેવુંક વળી ?'

'એના શરીરમાંના અગ્નિઓ પ્રકોપ્યા છે. એ ડોશીના મોંમાંથી ઘણી વાર ગાંજાની વાસ જેવી વાસ આવે છે. એના જ છોકરે મને બાતમી આપી હતી. ઘરમાં ધાનનો દાણો નહીં; ભૂખ વધી વધીને આ બધું થયું છે. અને ઉપરથી પાછી માછલીનો આહાર.'

'હંઅ તો એમ વાત છે ! મોતિયો તળાવ ખૂંદતો થઈ ગયો છે, એમ ?'

તળાવ પર એક નજર પાથરી અને ડોસે હરિૐને કહ્યું :

'વૈદરાજ, મોતિયો માછલાં પકડતો થયો છે, એની ભૂલેચૂકેય મારા ઘેર બેસીને વાત ન કાઢશો.'

'કેમ ?'

'એમ ! અમસ્તું જ એ તો. ડોશીનો ધાર્મિક સભાવ રહ્યો ને એટલે જરા.'

ઘરની વાત આવતાં હરિૐ ચમક્યો. હજી ગામના કેસો જોવાના છે ને પોતે વાતે ચડી ગયો છે; કેમ ચાલે ?

બંને ઘર તરફ વળ્યા. થોડી વાર ઘેર જઈને બેઠો હશે ને તીતીઘોડાની પેઠે દર્દનાં પાંદડાં પર સંજીવી દષ્ટિ ફેંકતો ફેંકતો હરિૐ પાછો ડોસા પાસે આવી પહોંચ્યો.

વૃદ્ધ અવાકચિત્ત થઈને બેઠો છે. હાથમાં હોકાની ન્હે એમની એમ છે. ઘનશ્યામના બેય બળદ આજે ધોળાફગ થઈ ગયા હતા. પાછો જેસંગ હાથમાં આવી ગયો હશે. એમ જ બન્યું, જેસંગને બાવટાના બે રોટલા અને ગવારસીંગનું શાક મળ્યું છે. માની સામે ખોરાક મૂકીને એ વરુની જેમ બેઠો છે. એની નજરમાં કેવળ રોટલા અને શાક છે. વૃદ્ધ પિતા ત્રાંસી આંખે આ બધું જોઈ ગયો છે. ખા-ડાખૈયાળી જમીન પર ઝાડી ઝાંખરની એકલતા વચ્ચે એક કોરે બેસીને કપાતા બળદને નિષ્કંપ ભાવે ટીકી ટીકીને જોઈ રહેલો ચામડિયા બાપનો ભૂખ્યો ડાંસ બાળક ડોસાની આંખમાંથી ખરવા મંડ્યો. આવું બીજી વાર બન્યું છે, ને લાચાર મા ક્રોધે ભરાઈ છે.

'ખઈ જા હણી જા, તું. ભૂખણ, લૂંડાપો કરીને ભીખ માગી લાવ્યો એના કરતાં મરી કેમ ન ગયો ?'

આ ક્રોધને લેતી રોટલા-શાક સાથે સૂરજ બહાર આવી :

'આ તમારો હણીજો. આંણ કમાઈ આવ્યો છે. લો આરોગો તમે પણ.'

ને દૂરથી સાઇકલની ઘંટડી વાગતી જોઈને તે પાછી ઘરમાં પેસી ગઈ. હરિૐ આવી રહે એટલામાં તો પાછી હસતી હસતી બહાર આવી ઊભો ખાટલો ઢાળ્યો. હમીઝપુરાથી આવેલા સંદેશાને મમળાવતો મમળાવતો ઘેર આવેલો મનોર જદુ વૈદ્યરાજને ઘેર રડ્યો હતો એ વાત જ કહેવાનું ભૂલી ગયેલો. તેનું આકસ્મિક સ્મરણ થયું. એ કંઈ ઉચ્ચારે તે પહેલાં જ ડોશી જેસંગનાં કૃત્યોને રડવા મંડી. એ આવો ને આવો સદાકાળ રહેશે તો મદદ ક્યારે બનશે ?

'હેં દાગતર તમે મારા પગની ચિંતા કરો છો, પણ આ જેસંગને તો જુઓ.

એ ક્યારે બોલતો થશે. ભગવાનેય મૂએ શું જોઈને એને જન્મ આપ્યો હશે. જરાક અમથી બુદ્ધિ આલી હોત તો એના ભંડાર શા ઓછા થઈ જાત ? તમે દાગતર જરા એને આ પાઇપથી નાડી જોઈને કે ગમે તે રસ્તે એને તપાસો. નીકર મારો જીવ નીકરી જશે. તમે તો કહ્યા કરો છો, આ રોગ નથી, ઓછપ છે. ભઈ, જરા કહે તો ખરા ઓછપ એટલે શું?'

ફરીને એમને સમજાવી સમજાવીને થાકી ગયો. એની જીભ જ ટાઢી હોય પછી શો ઉપાય રહે ? એ ઓછાબોલો છે. એનો સ્વભાવ થઈ પડ્યો છે. અને એ સ્વભાવ એના ઉછેરમાંથી જ બંધાઈ ગયેલો છે.'

'લો કરો વાત. મેં એને જનમ આપ્યો, મોટો કર્યો. એવી બધી ઉછેરની વાતો ભઈ, તમે ક્યારે આવીને જોઈ ગયેલા ? તમે મારી વાત ટાળશો નહીં ભૈશાબ.'

'વાત ટાળતો નથી, કાકી. જુઓ તમે પેલો હોલો દીઠો ને ? એ અત્યારે બોલે છે ? એવી જ રીતે છજામાં બેઠેલાં પેલાં પક્ષીઓ જુઓ, ચૂપચાપ ગામનાં માણસોને, રસ્તાને જોતાં હોય એવાં બેઠાં છે ને ? તમે તો ખેતરનાં જીવ છો કાકી, શેઢા પર જેવો પગ મૂકો છો ને તમારે કાને સૌથી પહેલો પક્ષીઓનો કલરવ સંભળાય છે ને ? બસ ત્યારે પોતાના જેવાં જ્યાં વધારે હોય એની દેખાદેખીથી માણસની વાચા કેળવાય છે, સીમમાં પક્ષી જરી વાર પણ ચૂપ થઈને બેઠેલું જણાતું નથી. તમારા ઘરમાં જેસંગ આવ્યો ત્યારે એ સાવ એકલો અટૂલો પડી ગયો છે, એની સાથે વાતચીત કરી નથી. તમે એનું આ પરિણામ છો.' ડોશી વિસ્મયપ્રકોપ દૃષ્ટિથી સાંભળી રહી, હરિૐ શાંત પડ્યો કે તરત એ બોલી :

'તમને આ ડોસે જ બધું કહ્યું લાગે છે ? પણ એમને પૂછો જોઈએ કે તમે કે દાડે દીકરાને ખોળામાં લઈને રમાડેલો ? મારે કંઈ આ અળખામણો નહોતો. મોટો આપણા જેવું બોલે છે, જદુ ગમી જાય એવું બોલે ને આ કભાગીયે કોને ગાળ દીધી'તી ? પણ આવાય તમને છોકરા જેવા આગળ શી વાત કરું પણ આના જનમ વખતે આવાય મારા મન પર ઝનૂને ચડેલા.'

વૃદ્ધને પાછો ગઈ કાલે આવેલો સંદેશો સાંભર્યો. વૃદ્ધ પાછળની તરફ તરતા તરવૈયાની જેમ વિચર્યો. ઘનશ્યામ તો મોટો, એ ક્યારેય કામમાંથી નવરો પડે તો ને એને રમાડે. જેસંગથી મોટા જદુનું બાળપણ જ મોસાળમાં ગયું. જેસંગ આવ્યો ત્યારે મનોર પલાશવનનો રાજકુંવર થઈને ફરતો હતો. પારણામાં ઝૂલતા જેસંગની છાતી પર પારણાના વચલા દાંડે લટકાવેલી ધાવણી પડી

રહેલી, ઘૂંટણિયે ચડ્યા ત્યારે એને કમાડની પિત્તળની ચકલીઓની માયા લાગી. પારણાને ટેકે ઊભો થતાં શીખ્યો ત્યારે પણ પારણાના છેડાઓ પર ચોડેલી કામટ ચકલી જ મોંમાં ઘાલીને લાળ કાઢતો. એ જ સમયમાં જીભમાં પેલી કાષ્ટ ચકલી ભળી ગઈ અને જીવનભર વાચા વૈભવને ખોઈ બેઠ્યો. એની જીભ તો ક્યારનીય મોંમાંથી ઊડીને કમાડની આડી પર પિત્તળની ચકલી થઈને ચોંટી ગઈ છે. એ જ પિત્તળની ચકલીઓ મનોર સોલંકીના વૈભવની સૂચક હતી. પિત્તળની ચકલીઓ જોઈને ઘણી વાર મનોર સોલંકી ખાટલામાં બેઠા બેઠા મૂછો આમળતા. એમને પ્રત્યેક ક્ષણે પિત્તળની ચકલી દેખાતી પણ એ ચકલી જોડે દિવસોદિવસ આડોડિયો બની જતો – રમ્યા કરતો જેસંગ એમને ન દેખાયો. મૂંગી ચકલીઓ જોઈને મનોર તરંગસ્વપ્ન રચી બેસતો. આગલાં કમાડે ચકલીઓ ફરકે છે, હવે અંદરનાં કમાડ આખાં પિત્તળથી મઢાવું. મનોરના કડપમાંથી નિર્જન શાંતિ પ્રસવ્યા કરતી હતી. એ શાંતિ એના ઘરના લીંપણ પર એવી તો લીંપાઈ ગઈ છે કે એ કદીય ઊખડશે નહીં. બહારની રવેશમાં એ બેઠો હોય ત્યારે પરસાળમાં કોઈ ઉતાવળે ચાલવાની હિંમત કરી શકતું નહીં. ઘરમાં માત્ર એના કડપની કલગી સરખો હોકો જ ગગડ્યા કરતો સંભળાય. બાળ જેસંગ ઘણી વાર ઉંબરા પર આડો પડીને એ ગગડાટને સમજવાનો મોહક પ્રયત્ન કરતો. અત્યારે હરિૐ જ્યાં બેઠો છે એની સામી દિશામાં જે લાંબો વાડો છે, ત્યાં એક જમાનામાં સુંદર તબેલો હતો. પેલું સંદેશરાનું વૃક્ષ ઊભું છે, એની નીચે જર્જર દીવાલોવાળી ઓરડી છે. એની બારસાખની બાજુમાં એક મોટી તિરાડ પડી છે. એ ઓરડીમાં એક જમાનામાં ચણાના કોથળા પડ્યા રહેતા હતા અને ફળિયાનાં સ્ત્રી-પુરુષો રોજ સવારે સ્નાન કરવા બેસે એ છેડે રસ્તા પરના નાવણિયા પાસે અત્યારે ગોરસ આમલીની છાંયડી પડી છે. એ છાંયડીને બદલે તેજુ ઘોડી બંધાતી હતી. નાનો અમથો સુંદર તબેલો. બારણે એક ભીલ રાતે પહેરો રાખીને સૂતો જ હોય. સોલંકી એ તેજુ પર સવાર થાય ત્યારે ઘોડી ગામ આખું જાણે એમ હણહણતી બાંગ પોકારી લેતી. ભાગોળે એની હેષા સાંભળી હોય ને ઘડી પછી નીકળો તો દેખાય જ નહિ. ઘોડી ડાકોરના ચૌટામાં ઊભેલી હોય અને ભરબજારમાં સોલંકીની મરજાદી બાંગ પુચ્છની ચામર ઉલાળીને અભિવ્યક્ત કરી દેતી.

ઘરમાં સાંભળે કે એ આવ્યા, કે તરત પતંગિયાની જેમ કિલશોરતા જેસંગ પર શાંતિનો અંકુશ આવી પડતો. બિચારો બાળક પડાળિયામાં બળદ-ભેંસ પાસે જતો રહેતો અને પશુઓની પીઠ પર આડો પડીને દૂરથી પિતાના આગમનની સકંપ નોંધ લેતો. એ પોતે જીવે છે એની એને ખબર નહોતી. પોતાને વિશે

નજીક વાર્તાલાપ થયા કરતો હતો છતાંય એ બેધ્યાન હતો. માએ એને બૂમ પાડી

હરિૐ પાસે બોલાવ્યો ત્યારે અજીઠા હાથે જ આવી ઊભો. સૂરજ હરિૐને કહેતી હતી :

'હમણાંનો એ કાનમાં આંગળી ઘોસ્યા કરે છે. મને કંઈ દેખાતું નથી, પણ એના કાનમાં નક્કી કંઈક થયું હોવું જોઈએ.' જેસંગનો હાથ જોઈને જ એ તાડૂકી.

'નખોદિયા, હાથ તો એંઠા છે.' એનો ગભરુ ચહેરો જોઈને હરિૐને દયા ઊપજી. પણ જ્યારે એણે ઊભે ઊભે જ ખમીસથી હાથ લૂછી નાખ્યા ત્યારે એ દયાભાવ સ્મિતમાં વેરાઈ ગયો. અત્યાર સુધી આત્મલીન થઈને પોતાના પૂર્વસ-મયમાં લટાર માર્યા કરતા જેસંગના પિતાને સૂરજે ઢંઢોળ્યા.

'એય જેસંગ ઘરમાં ચા તો છે નહીં, જરા લઈ આવોને આ દાગતર કાજે ઘૂંટડો મૂકીએ તે.'

ઉત્તરમાં વૃદ્ધે ઊંધી આંગળીઓથી આંખોને લૂછી, 'હરિૐ વૃદ્ધના ખભા પર હાથ મૂકીને મૂક આશ્વાસન આપવા લાગ્યો : પ્રૌઢની અભિતપ્ત દૃષ્ટિમાં અશ્રાવ્ય ભાષા ઝલઝલી રહી. પત્ની, વૈદ્ય અને અસંવેદી પુત્ર સામે આવું આવું થઈ જતાં વૃદ્ધને ઓછું આવ્યું. સૂરજે હરિૐને કહ્યું :

'એમને હમણાં હમણાંથી આવું જ બર્યું થઈ જાય છે. વાત કરતા કરતામાં તો એકદમ અવાચક થઈ જાય છે અને પછી ડસકારે ચડી જાય છે !'

જાતને સંભાળીને વૃદ્ધ એમની વાતમાં ભળ્યો ત્યારે ખાસ્સો બપોર થઈ ગયો હતો. હરિૐ જેસંગને તપાસવા મંડ્યો.

'કેટલાં વર્ષ થયાં આને ?'

'દઈ જાણે.' સૂરજે પતિ સામે જોયું, 'તમને યાદ રહ્યું હોય તો કહોને કેટલાં વરહ થયાં.' બંને જણ થોડી વાર ચણભણમાં પડ્યાં. ડોશીએ તાળો લગાવ્યો.

'એ ઘૂંટણિયે ભરવા શીખ્યો ત્યારે ઘનશ્યામ સત્તર વર્ષનો હતો એટલો ખ્યાલ છે.' ઘનશ્યામના લગ્નનાં વર્ષ ગણીને ઉત્તર પકડ્યો.

'બરાબર અઠ્ઠાવીમું ચાલે છે. જેસૂને, જદુ એનાથી બે વરહ મોટો છે. અઠ્ઠાવી જ થયાં.'

'અઠ્ઠાવી ? આ જેસંગો એટલી વારમાં અઠ્ઠાવી વરહાંનો થઈ ગયો ?' પિતા પુત્રને અઠ્ઠાવીસ વર્ષ પછી પહેલી વખત જોતા હોય એમ સવિસ્મય નજરે જોતાં બોલ્યા, 'તું ભૂલતી હશે. આ છોકરાને એટલાં બધાં વરહાં થાય જ શી

રીતે ? અહીં આમ જો લ્યા.' અને પુત્રની દાઢી-મૂછને હાથ ફેરવી પંપાળી વિષાદી સ્વરે હરિૐને પ્રાર્થના કરી.

'વૈદરાજ, તમે એની જીભને બર્યોબર્ય વાળો. હવે એને બોલતો કરો ભૈશાબ. આખી આવરદા મેં ઊંઘતી આંખોની આસપાસ હાથ નાખ્યા કર્યા. એ પાપ બધું જ આની જીભ પર આવીને ભેળું થયું છે.' એમ કહીને જેસંગને જીભ કાઢવા કહ્યું. ચાર વર્ષના બાળકની જેમ ત્રણેય જણ વચ્ચે લાળરિયા જેવડી જીભ કાઢીને જેસંગ ઊભો.

'જુઓ વૈદ્યરાજ, છે ને આપડા જેવી. બોલતો ભઈ કા-કા.'

'આ આ આ ય...અ....!'

વૃદ્ધ પિતા ગુનેગારની જેમ પુત્રના મુખને જોઈ રહ્યો. આ પુત્ર અઠ્ઠાવીસ વર્ષનો થયો એ જ જાદુ છે. એને અત્યાર સુધી વધવાનો સમય ક્યારે મળ્યો. આટલો બધો ઊંચો થયો, એ કઈ જગ્યાએ ભરાઈને થયો હશે ?

હરિૐ જેસંગના કાન જોવા મંડ્યો.

'બેકાળજીનો સુમાર નથી. તમે તે આને સાવ પશુ સમજી બેઠા છો કાકી, આના કાન તો ધુઓ કદી.' અને બંને કાનમાંથી ચકલીની અઘાર જેટજેટલો મેલ હરિઓમે કાઢ્યો. પેટીમાંથી દવા કાઢી આપી. કાનમાં પૂમડાં ખોસ્યાં અને આંતરે દિવસે તેલ નાખવાની સૂચના આપી ઊભો થયો.

'તેલ ?'

સૂરજનો પ્રશ્ન આગળ વધે તે પહેલાં જ વૃદ્ધ પતિએ પગની ઠેસનો અણસારો કર્યો કે મૂંગી રહે.

નમતો પહોર થતાં મનોરે પાઘડી બાંધવા માંડી એટલે સૂરજે પૂછગાછ આરંભી :

'ચ્યાં હેંડ્યા ?'

'પરગામ જૈ આવું, જરા કામ છે.'

'પેલો સંદેશો આયો'તો તે'પા તો નથી જતા ને ?'

પતિના અનુભવને વાંચવાનો પ્રયાસ કરતાં એણે પૂછી નાખ્યું. ડોસે વળતો ઉત્તર આપ્યો.

'તે જઈએય ખરા, ચ્યમ તને વાંધો છે ? તું જરા એ તો વિચાર કર કે એ ગામની ભાગોળે હું અઠ્ઠાવી વરહે પગ મેલીશ. આટલા વખત લગી જેણે તારી દયા ખાધી અને એકેય સંદેશો આ દિશા તરફ મોકલ્યો નથી, એ ઘેર આજે

પણ ન જઉં ? અને ભૂંડી, આજે જઈશ તો તને બીક પણ શેની છે હવે. ઘોડી પર તો નથી જતો ને ? સમય જતો રહ્યો એ.'

સૂરજ અનુત્તરનેત્રે પતિના સમયભગ્ન મોંને જોઈ રહી. થોડી વાર સામે ઊભી રહીને પછી બારણા પાસે પડેલાં પગરખાં લાવીને પતિના ચરણ પાસે મૂક્યાં. અંદરના ઓરડામાંથી ખેસ લાવીને હાથમાં સોંપ્યો. જદુએ આપેલા રૂપિ-યામાંથી ફક્ત સાડા સાત જ બચ્યા છે. એમાંથી બે રૂપિયા પતિને આપ્યા, પછી છૂટક પરચૂરણ ખિસ્સામાં નાખીને આજીજી કરતાં બોલી :

'આવતી ફરા એક નાળિયેર લેતા આવજો.'

'કેમ ? શેનું માંન્યું'તું ?'

'માંન્યું'તું.'

'તોય ?' વૃદ્ધે વધારે જાણવાની ઇચ્છા પ્રગટ કરી.

'પેલો જદલો આયો એનું માંન્યું'તું. આવી ગયો બાપજીને નાળિયેર માંન્યું એટલે વધેરવું તો પડશેને.' મનોરને કાળજે પત્નીની ઘૃણા વાગી. જદુ માટે આવું વેણ કાઢીને કેમ ચૂપ થઈ ગઈ આ. અત્યાર લગી નહીં કહી શકેલો તેનો એણે ઉચ્ચાર કર્યો :

'હરિૐને ઘેર જદુ નાના છોકરાની જેમ રડીને ગાડીએ ગયો હતો. તું ના જાણતી હોય તો જાણી લે, હું કાલે આવીશ.'

સૂરજ તો તેજક્ષીણ થઈ ગઈ : પતિને રોકીને વધારે જાણવાની જિજ્ઞાસાને પણ તે વાચા ન આપી શકી. પતિના શબ્દોનું અનુસરણ વધી જતાં વિષજર્જર અંતરમાં આછીપાતળી મૃદુ તિરાડ પડી. તે તિરાડ જલરૂપ થઈને ક્ષેત્ર જગતમાં દ્વાર બનીને ઊભી રહી ગઈ. પતિની પીઠને ક્યાંય લગી તિરાડમાંથી છૂટી કરવા મિથ્યા પ્રયાસ કરતી બારણાની સાખ પકડીને ઊભી રહી.

## 4. રાવજીની એક વાર્તા સૈનિકનાં બાળકો

રાજુ પરસાળમાં ચોખા સાફ કરતી હતી. ટેવ પ્રમાણે એક દાણો મોંમાં નાખ્યો ને ઓચિંતો એના મનોખંડમાં એક સંવાદ પ્રકટ્યો.

'જો પાછી, તારી આ ટેવ મને નથી ગમતી, રાજુ.'

'કેમ ?' રાજુ પૂછે છે !

અને સંવાદ અનુત્તર સ્થિતિમાં જ અટકી જાય છે. ચોખાના દાણા જેવું સ્થિર મૌન પરસાળમાં પથરાઈ જાય છે. એમનો એમ હાથ લમણાને ટેકવાઈ રહ્યો. વયોવૃદ્ધ સાસુ આ મૂંગો વિલાપ જોઈને પોતાના ટૂંપાતા જીવને એમનો એમ રહેવા રાજુને ઢંઢોળે છે.

'વહુ બેટા !'

'હંઅ' કરતી રાજુ પોતાને સંભાળી લે છે, અને ચોખા વીણવામાં લીન થયાનો ડોળ કરે છે. સાસુ કહેતી હતી : 'એવોય ગયો છે તે તું એવી થઈ જાય છે કે જાણે ફરી પાછો કદી આવવાનો જ ન હોય, તે દિવસે તેં જ એને કેમ ના વાર્યો ?'

મોં પર કરમાઈ ગયેલા કમલપત્ર જેવું સ્મિત લાવીને રાજુ સાસુને આશ્વા-સન જેવો ઠપકો આપે છે :

'કેવી વાત કરતાં હશો બા ? દેશ માટે બંદૂક પકડનારાને તે વળી રોકાતો હશે ? અને નહીં આવે એવાં કવેણ હું ક્યાં કાઢું છું પણ...'

થાળી પરસાળ વચ્ચે એમની એમ મૂકીને તે ઊભી થઈ ગઈ. વયોવૃદ્ધ જીવને સમજતાં વાર ન લાગી કે 'પણ' પછીનું વાક્ય કેવળ શબ્દોનું નહોતું બનેલું... ?

છેલ્લા એક વર્ષથી માધવે પત્ર નહોતો લખ્યો. શું થયું હશે ? એ મિલિટરી-માં જોડાયા ત્યારે કેટલું બધું લખતા હતા ? પેટી ખોલી, એમાંથી બધા જ પત્રો કાઢ્યા. પ્રથમ વાર આવતા હોય તેમ તેમ રાજુ ઉલ્લાસથી પત્રોનું પુનઃ વાચન

કરતી ગઈ.

આ પત્ર ડાકોર હોમગાર્ડ ઑફિસે રાત રહ્યા ત્યારનો અને તેને હસવું આવ્યું. એક રાત રહેવાનું થયું એમાંય ગામના માણસ સાથે પત્ર ?

‘હું આજે ઑફિસે રોકાઈશ. તું જમી લેજે અને ચિંતાબિંતા કરતી નહીં.’ અને જાણે હજી ડાકોરમાં જ એ રાત રહ્યા છે એવું એને થઈ ગયું; ને ત્યાં તો બીજો પત્ર :

આ તો યુદ્ધની છાવણીમાંથી જ લખેલો ! એ પહેલાં તો ડઝન જેટલા કાગળ પોતાની પર આવેલા. તે વળી આ વચમાં ક્યાં ગોઠવાઈ ગયો. રાજુની આંખમાં ચિંતા આવી. કાગળ ખાસ્સો લાંબો હતો. એક બપોરે ઘરમાં બા નહોતાં, ને એમણે તોફાન કરેલું  બાપ રે, જાણે હું જ રૂપાળી હોઈશ ! પેલા, બાવાળા ઓરડામાં જતીકને દોડી ગયેલી ને મારો હાથ પકડી લીધેલો. કાચની બંગડી તૂટી ગયેલી. એ વાતનું સ્મરણ આ પત્રમાં નોંધ્યું હતું. લખ્યું હતું :

‘આ પત્ર તંબુમાં પડ્યો પડ્યો લખું છું. મારા ઓશીકે તારા હાથ જેવી રાયફલ પડી છે. પથારીમાં બૂટ સાથે આડો પડ્યો છું. કંઈ કહેવાય નહીં. ક્યારે પેલી ખાઈઓમાં લપાઈ જવાનું થાય અને હલ્લો કરવો પડે. તું પાછી જોજે ગભરાઈ જતી. પેલો બંગડીવાળો પ્રસંગ મને યાદ આવે છે... આપણને એકાદ ટાબરિયું હોત તોય... ઠીક છે. ઠીક છે. જોજે પાછી પલપલિયાં પાડતી.’

ત્યાં રહ્યા રહ્યા રડાવતા હોય એવું થયું. પોતે લખેલું ‘એવું શું લખતા હશો ? આપણે કંઈ અફળ નથી થવાનાં. હું રોજ રાત્રે ભગવાન આગળ રડું છું.’ રાજુએ એ પત્રને સૌથી નીચે મૂક્યો. પોતે પાછું લખેલું યાદ આવ્યું. ‘મને જૂની વાતો સંભારી સંભારીને કશું વિચિત્ર લખશો નહીં. તમે સમજતા નથી, કશું વિચાર્યા વગરનું લખી માર્યું !’ રાજુ પત્રની થોકડી પર હાથ ફેરવતી રહી. નિદ્રસ્થ પતિની પીઠ પસવારતી હોય એમ. એણે ત્રીજો પત્ર લીધો. વાંચ્યા વગર જ સમજી ગઈ, આ તો દિવાળી પર લખેલો ! એ દિવસે પોતે દિવાળી નહોતી કરવાની અને પત્ર આવ્યા પછી બધી તૈયારીઓ કરવા બેઠેલી, વાંચ્યો :

‘અમારી દિવાળીની શી વાત લખું ? એકેક ગોળીએ એકેક શત્રુને દિવાળી બતાવીએ છીએ. જોકે હલ્લો કરનાર ઉંદરડા જેવા લાગે છે. ખબર પણ પડવા દેતા નથી. ગઈ કાલની જ વાત કરું તને, અમે પંદર-સત્તર જણા ગાતા હતા. તારું નામ યાદ કરાવે એવું નામ અહીં છે. રાજુ. એ કુંવારો છે. અહીં આવતાં આવતાં પરણવાનું મળ્યું હોત તો સુખેથી મરત. પણ હવે તો મરાય પણ નહીં એવું એવું કહીને અમને હસાવે છે. અને નવી વહુની જેમ  માથે રાયફલ મૂકીને

પાણી ભરવાનો અભિનય કરે છે. પેલું તું ગાતી હતી ને ‘હો રાજ રે, હું તો તળાવપાણી ગૈતી’ એ ગાય છે ત્યારે તું મને યાદ આવે છે. હં તો હું એ કહેતો હતો કે અમે ગામને પાદર બેઠા હોય એમ બેઠેલા, ને ઓચિંતી બૉમ્બવર્ષા થઈ. મારા પરાક્રમની વાત કરતો નથી. તું તો પાછી પોપલી છે. કીડી-મંકોડા પગ તળે આવે તોય ઓં કરે છે, માટે દિવાળી બરાબર ઉજવજે.

‘અને ખાસ વાત લખવાની કે મારાં કપડાં ત્યાં છે, એમાંથી પેલો કોટ ગબાને આપજે. સામે શિયાળો આવે છે. એને બાપડાને હૂંફ રહે.’

રાજુ આ વખતે ખૂબ હસી હતી. આવું સાસુમાને ન બતાવાય છતાં હોંશભેર આ કાગળનો ઉત્તરાર્ધ વાંચી સંભળાવ્યો હતો.

‘તમારો છોકરો મશ્કરી કરે છે તે જુઓને બા.’ ગબાને એ કોટ એ જ દિવસે એની છાપરીએ જઈને તે આપી આવી હતી. મોટા ઘરની વહુ છાપરીએ જવામાં અચકાય પણ રાજુ એ મર્યાદા જ ભૂલી ગઈ હતી. આ પત્ર વાંચીને અત્યારે એની આંખમાં આંસુ પણ નહોતાં માતાં. ક્ષણાર્ધમાં તો કેટલુંય યાદ આવી ગયું. ખેતરમાં તમાકુ રોપાતી હતી તે વખતે બેઉ વચ્ચે હોડ બકાઈ હતી. ‘હારનાર પાંચ રૂપિયા આલે’ એવી દેખાતી શરતમાં બંને ચપોચપ તમાકુ રોપતાં રોપતાં આગળ વધી ગયાં હતાં. માધવે ત્યારે કહેલું :

‘હું જીતું તો તમાકુનું ધરુ રોપીએ છીએ એવું....’

‘જાવ હવે, જરા શરમાવ.’

રાજુએ તમાકુના વણરોપેલા છોડ જેવા એક પત્રને હાથમાં લીધો, આંખ લૂછી અને એને લાગ્યું : ઘરમાં જાણે પોતે એકલી જ નથી. બીજું ઘણું છે. નીરવ શાંતિ. ઉનાળાની લૂ લમણા પરથી ઊડીને છજામાં કબૂતર બનીને બેસી ગઈ. એ પત્ર વાંચવા લાગી –

વ્હાલી રાજુ,

‘હં’ સંબોધન વાંચીને એણે હુંકાર કર્યો. ઓસરી બહાર નજર કરી ઓચિંતું થયું, અરે આ તો પત્ર વાંચી રહી છું !

‘તું મને કેટલી યાદ આવે છે ! દિલ્હી પહોંચ્યો ત્યારે મેં તારે માટે ગરમ વસ્ત્રો મોકલ્યાં હતાં. બા માટે શાલ મોકલી હતી. એ પછી તો ઘણું ઘણું વીતી ગયું. યુદ્ધ પણ પતી ગયું. અને રજા મળી ચૂકી છે. કાયમી દળમાં હોય એ લોકોને મળવા માટે જ ઘેર મોકલે છે. પણ હું તો કાયમી દળમાં નથી, એટલે મને ફરી જરૂર પડતાં સુધી રજા. તને આનંદ થશે મને દિલ્હીમાં એન.સી.સી.માં અન્ડર ઑફિસરની જગ્યા મળી છે. અહીં અમારા રહેઠાણમાં સગવડ સારી છે. મારે

એક કૉલેજના આચાર્ય સાથે સારો પરિચય થયો છે. એમની પુત્રી રેણુ મને ઘણી વાર આગ્રહ કરીને જમવા નોતરે છે. એ લોકો બહુ પ્રેમાળ છે. તારે માટે બે સાડીઓ મોકલું છું. રેણુની પસંદગી છે. પત્ર લખજે.

રાજુ પત્રોને કોરે મૂકીને ઊઠી. બારી ઉઘાડીને પાછી નવાણિયા પાસેના થોરને જોઈ રહી. એક પોપટ થોર પર બેઠો હતો. થોરના લીલા રંગમાં તે ભળી ગયો હતો. નકરાં લાબરિયાં જેવો લીલોછમ પોપટ અને એ પાછી વિચારે ચડી. એને થયું : પેલા પોપટને પણ થોરની જેમ કાંટા ઊગશે....ને પત્રો પાસે આવી. વાંચ્યા વગરના કેટલાય પત્રો વાંચેલા પત્રો સાથે મૂકી દીધા. પછી જાતને સંભાળી લીધી. હશે, એમાં વળી શું થઈ ગયું ? એ ઓછા વસ્તુ જેવા છે તે ઓછાઈ જવાના છે !

અને આ પત્ર આવ્યો ત્યારે તો પોતાને કશુંય થયું નહોતું. ઊલટાની પત્ર લખી બેઠી હતી –

'જો જો પાછા અમને ભૂલી જતા...'

પણ એ પત્ર પછી ચારપાંચ માસ કોરા ગયા. ટપાલીઓ જ જાણે મરી ગયા હોય એવું થઈ ગયું. ખેતરમાં બે પાક લેવાઈ ગયા. ગબાને આપેલા કોટ પર કેટલાંય થીગડાં ચોંટી ગયાં હતાં. વાળુ માગવા આવતો ત્યારે એ બિચારો યાદ કરાવતો.

એક દિવસ સોનાનો આવ્યો. કાગળ ચકરડું લેતો ઓસરીમાં પડ્યો. રાજુના ઉમંગનો પાર નથી. દોડતીક પત્ર લીધો. બા પાછળ ન આવતાં હોત તો એકાંત જેવું નખરું પણ પત્રને કરી લેત.

'શું લખે છે એવોય ?'

રાજુ પત્ર વાંચતી રહી. એના હાથમાં પત્રમાં કે આંખમાં વંટોળની જેમ આવેલો પેલો ઉમંગ ઓસરી ગયો.

'મજામાં છે.'

ફિક્કા સ્વરે તેણે ઉત્તર આપ્યો.

'મને સંભળાવ તો ખરી.'

રાજુ શું વાંચે ? એમાં તો લખ્યું હતું – માધવ રેણુને લઈને સાથે રહે છે. આગ્રાની એક શાળામાં વ્યાયામ શિક્ષક તરીકે એને સર્વિસ મળી ગઈ હતી. આટલુંય સાચું એ લખી શક્યા ? રાજુને એથી દુઃખ ન થયું. એણે શરીરમાં પ્રસરી ગયેલા આઘાતને પાછો વાળ્યો આ રીતે –

'એમાં વળી સંકોચાવ છો શું ? એ તો હું પેલા કાગળથી જ જાણતી હતી. તમારાં લક્ષણ તો એવાં જ હતાં. બાને એ વાત હું નહીં કરું. એ બિચારીને કેવું થાય ? મને જરા લખજો તો ખરા કે એ રેણુ કેવીક રૂપાળી છે ? મને એનો કશો બાધ નથી. બાધ છે તો ફક્ત એક જ, તમે બે વર્ષ સુધી કશું જ લખ્યું નહીં. આપણે તમાકુની રકમ સારી એવી એકઠી થઈ છે. તમારે જરૂર પડે તો મંગાવજો.'

પત્નીનો મોકળો સ્નેહ જોઈને માધવને થયું કે આવી સ્ત્રી આગળ બે વર્ષ ન છુપાવવાં જોઈએ. એણે પ્રત્યુત્તર લખ્યો :

'મેં તારાથી ઘણું છુપાવ્યું છે. મને તું માફ કરજે, રાજુ ! આગ્રામાં અમે બે વર્ષથી ઠરીઠામ થયાં છીએ. બાને – ખાસ કરીને તો તને જ દુઃખ થાય એટલે આ વાત ખોલતાં સંકોચાતો હતો. હું તારી ફરી વાર માફી માગું છું. તને કહું ? રેણુને બે છોકરીઓ થઈ છે. એક જ દિવસે જન્મી છે. બંને સરખી – દેખાવડી છે. બંને ચાલે છે. એક ઊંઘતી હોય ને બીજી જાગતી હોય તો કોણ જાગે છે ને કોણ ઊંઘે છે તે પણ ખબર પડતી નથી. નામ પાડ્યાં છે તોય જુદી ઓળખાતી નથી. અમે હાથે દોરા બાંધીને નિશાની રાખી છે. બંને ચાલતાં શીખી છે. એક – ભૂરા દોરાવાળી 'ડોલી' રેણુએ નામ પાડ્યું છે. સારું એવું બોલતાં શીખી છે. એ તોતડું બોલે છે. બીજી 'મલ્લી.' અમારી પડોશણે નામ પાડ્યું છે. ખૂબ તોફાની છે. એને હાથે કશી નિશાની નથી બાંધી. લાલ દોરી બાંધી હતી, એણે તોડી નાખી, એનું કપાળ બરાબર મારા જેવું છે. બંનેનો રંગ – એની મા જેવો.

'રાજુ, આ શું થઈ ગયું બધું ? મને ઘણી ઇચ્છા થાય છે, ત્યાં આવવાની, તને – બાને જોવાની, વાતો કરવાની, પણ ડરું છું. બા આ બધું સહન કરશે ? તું મારાથી લગીરે દૂર નથી. આ બધું છતાં તું એટલી જ પાસે છે, પહેલાં જેટલી જ વહાલી, એથીય વધારે.'

રાજુએ આ પત્ર આવ્યો ત્યારે મનને ખૂબ ધરપતમાં રાખ્યું હતું. બા વારંવાર પૂછ્યાં કરતાં હતાં. જૂઠો પત્ર વાંચીને બધી વાત દાબી રાખી. આયખું આખું આંખમાં સાચવીને બેઠેલી એ વયોવૃદ્ધથી કશું અછતું ન રહ્યું. એને એક વાતનો તો અણસારો આવી જ ગયો હતો કે પત્ર આવે ત્યારે વહુ ઘેલીઘેલી થઈ જતી પણ હમણાંની તો એકલી એકલી સોરે છે. છેલ્લો પત્ર આવ્યો એ ખ્યાલમાં રાખ્યો અને જેવી રાજુ તળાવે ગઈ ત્યારે ફળિયાના છોકરા પાસે તે વંચાવ્યો. અણસમજુ છોકરો કડકડાટ વાંચી ગયો ! એણે ઝટપટ કાગળ ખૂંચવી લીધો. બાળકને ગોળની ગાંગડી આપતાં આપતાં પત્રમાંની બીનાને જાણે ખોટી પાડતી હોય એમ કહેવા માંડી :

'એના ઘર પાસે રહે છે એ છોડીઓનીય વાત એણે લખી છે, નહીં ભઈલા ?' વૃદ્ધ માની પાકી આંખમાં આંસુ આવ્યાં. ઘરમાં સતી જેવી સ્ત્રી હોય ને એને મૂઆને આ શું સૂઝ્યું ? દીકરે છાતીમાં કુહાડાના ઘા માર્યા હોય એવી એ હકીકત હતી. રાજુ તળાવેથી આવી ત્યારે પણ સાસુમાના હાથમાં જ એ પત્ર હતો. બારણામાં પેસતાં જ રાજુએ હાથમાંનો કાગળ જોયો ને ધ્રાસકો પડ્યો !

'બા, એ કાગળ, તમે – તમે ક્યાંથી લીધો ?'

'લીધો, બેટા, મારું કરમ લઈને બેઠી છું. તું મને ખોટું ખોટું સંભળાવતી હતી, તારું કાળજું કેમનું ચાલે છે ?'

'અરે અરે બા, તમે વળી શું – નાના બાળકની જેમ.' અને સાસુએ ફરી સહન કેમ કરે છે ? એવું કહ્યું ત્યારે એણે કહ્યું :

'બધુંય થઈ ગયા પછી એમાં પથરો મારવાનોય શો અર્થ, બા ? થયું એટલે થયું. મને તો ગમ્યું છે કે ઘરમાં બે છોકરાં.'

અને ઘરડી મા ગુસ્સે થઈ ગઈ.

'બળ્યા, એવા પથરા શું કરવાના ?'

'એવું ન બોલશો, બા ! એમાં વળી દુભાવ છો શું ? એ જ છોકરીઓ મારે પેટ હોય તો તમે પથરો કહેત ખરાં ?'

બા ત્યાંથી ખસી ગયાં, છોકરાને ગાળો દેતાં દેતાં. રાજુએ માધવને લખ્યું. બા જાણી ગયાં એ વાત તે છુપાવી શકી નહીં.

'અને છોકરીઓનાં નામ એવાં કઢંગાં, શાં પાડ્યાં છે તે ! તમને બર્યું એટલીય સમજ નથી ડોલી-મલ્લી તે કેવું લાગે ? કોઈ સાંભરે તોય લાગે કે અલીમલી જેવું ! વળી શું નામ પાડ્યાં હશે ? બંનેનો ફોટો મોકલજો. અને એમનાં નામ સોના-રૂપા રાખજો. મારી તો તમને વિનંતી છે કે તમે હવે આગ્રાને ભૂલી જાવ. અહીં આવતા રહો. બાના મિજાજને હું પહોંચી વળીશ.'

રાજુના આ પત્રથી માધવના પગ ત્યાં જ રોકાઈ ગયા. ઊલટો એ વધારે ગભરાઈ ગયો. બા વાત જાણી ગઈ છે. એટલે દેવતાનો જ વરસાદ વરસવાનો. બીજું કંઈ નહીં, ગામમાં બે બાળકો અને નવી પત્ની સાથે પોતે જાય તો કેવું કઢંગું લાગે ! એવા ઠપકા સાંભળવાની તૈયારી એનામાં નહોતી. એણે ત્યાંથી જ મૌન સ્વીકાર્યું.

એ પછી એકેય પત્ર ન દેખાયો. એક ચોમાસું આખું આંખમાંથી વહી ગયું. રાજુએ માધવને ઘણા વલોપાત કર્યા પણ કશોય ઉત્તર નહીં. જેમ જેમ રાજુના

પત્રો તે વાંચતો તેમ તેમ એને દગો દીધાનો ભાવ એના મનમાં જાગ્યો. ઉત્તર આપવાની પણ હવે એને શરમ આવતી.

રાજુ મનમાં ને મનમાં ઈશ્વરને કરગરતી, પ્રાર્થતી, પણ એનો પરમેશ્વર તો બહેરો બની ગયો હતો. આજે એ ચોખા વીણતી હતી. એક ચોખો મોંમાં મૂક્યો કે એ યાદ આવ્યા. અને તરત જ શું થયું કે એની આંખ ભીની થઈ ગઈ. બધા કાગળોને પાછા પેટીમાં મૂકી દીધા અને પાછી બારી સમક્ષ આવી. થોર પર પોપટ નહોતો. નાવણિયા આગળના એ થોરિયા પર ચોમાસું રહી ગયું છે. રાજુના શરીર પર કાંટા ફૂટતા હોય એવું થવા લાગ્યું.

‘વહુ બેટા !’ એ બારી આગળથી ખસી.

‘જો તો ખરી આ તાર આવ્યો છે.’ સાસુમાના આ સમાચારે એ અબુધ પ્રાણીની જેમ ભડકી. દોડતીક બહાર પરસાળમાં આવી તાર લીધો, સકંપ દૃષ્ટિએ વાંચ્યો ને જોતજોતામાં તો એ કાળીધબ્બ પડી ગઈ ! વગર વાંચ્યે ઘરડી માએ અશુભ જોઈ લીધું.

માધવ મોટર-અકસ્માતમાં માર્યો ગયો હતો.

બીજે દિવસે માએ ફરી રાજુને પૂછ્યું :

‘બેટા, આખી વાત કર ને. એને કેમ કરતાં એવું કડથોલું વાગ્યું ? લડાઈમાં ગયો હોત તોય આવું ન લાગત. દેશ માટે ઝઝૂમીને મર્યો હોત તો હૈયું હરખ હરખ થાત, પણ આ મોટર-ગાડીઓ જ મારા કરમને લૂંટી ગઈ. મારી આંખો વિધવા થઈ ગઈ. વહુ બેટા, હવે ઝાઝું વિચારીશ નહીં. પેલાં નોંધારાં જીવને અહીં તેડાવી લે. એમનું આ અડધે રસ્તે કોણ ?’

રાજુએ પણ પાકી ઉંમરને ટેકો આપતાં કહ્યું : ‘કંઈ નહીં બા, હું છું પણ હું ?’ એણે સજલનેત્રે આગ્રા તરફ એક પત્ર રવાના કર્યો. ‘તમે જલદી આવતા રહો. ઘરનું બધું જ પછી લાવીશું. પણ તમે આવતા રહો.’

ત્રણેય મા-દીકરાં આવવાનાં હતાં. ત્યારે રાજુ ડાકોર સ્ટેશને જઈને વાટ જોતી ઊભી. ગાડી આવી. ધીમે ધીમે પ્લૅટફૉર્મ ખાલી થયું. દૂર થાંભલા આગળ પ્રવાસીઓમાંથી ચળાઈ ગયેલાં એક છોકરી જેવી સ્ત્રી અને બે બાળકો ઊભાં હતાં. એ દોડી. ફોટામાં હતાં, એ જ બે બાળકો. માધવના કપાળને સાચવી રહેલી એક છોકરીને રાજુએ ઊંચકી.

‘બેટા’ કહીને બચીઓ કરવા મંડી. દોરા વગરના એના હાથ લઈને ગાલે દબાવતી દબાવતી પ્લૅટફૉર્મ બહાર નીકળી આવી. પેલીને કહેવા પણ ન રહી કે ચલો. લીમડા નીચે આવીને પાછી ઊભી રહી. બીજીને ઊંચકી. વહાલ કર્યું. અને

રેણુની શ્વેત સાડીને જોઈ રહી.


'તું કેટલી બધી રૂપાળી છે ? મને પણ વહાલ થાય એવી છે. તો પછી એમની તો વાત જ શી ? મારા ઈશ્વરે મારો એક માણસ લઈને મને ત્રણ જણ આપ્યાં. હું તો કોનો પાડ માનું ? તારો કે ઈશ્વરનો ? અને તને આવું સફેદ પહેરવાનું કોણે કહ્યું ? તું તો સાવ નાની છે. મારી ત્રીજી છોકરી જેવી.'

રાજુએ રેણુને માથે પણ હાથ ફેરવી લીધો. રેણુ એની છાતી પર માથું મૂકીને રડી પડી. અશ્રુના અવાજમાં કહી પણ દીધું :

'એ મરી ગયા હોય એવું મને નથી લાગતું.'

# 5. રાવજીના પત્રો

## 1. પિતાજી પરનો પત્ર



# 2. કવિશ્રી 'સ્નેહરશ્મિ' પર બે પત્રો

## (1)

29 એપ્રિલ '68

અમરગઢ

પ્રિય કવિશ્રી,

આજનું ઇન્ડિયન એક્સપ્રેસ મેં જોયું. એના ત્રીજે જ પાને મનગમતી છબી દીઠી. અતિશય આનંદ થયો. તમને મોડે મોડે પણ R. S. C. મળ્યો. અભિનંદન.

હવે મૂડમાં આવતો જાઉં છું. પાંચ છ ગીતો. અનેક અછંદ કાવ્યો લખી નાંખ્યાં છે. પત્રમાં એવા દેખાડા કરવાનું આવડતું નથી એટલે પછી. એક 'સગી' નામની વાર્તા પૂરી કરી અને વિશ્વમાનવને આપી. તમને એ વાંચવા મળશે. માંદા પડીને વાર્તા લખવાની ખૂબ મજા પડે છે. તમે માંદા પડો ત્યારે કવિતા ન લખશો, નહીં તો સાજા નહીં થવાય. પણ મારે એવો શ્રાપ તમને ન આપવો ઘટે. અનુભવી (દર્દી) વૃદ્ધ કહેવાય ને. એવી અનુભવવયના અધિકારે મારે તમારે માટે પ્રાર્થના કરવી જોઈએ. તમારે એવા સમય માટે લખવી પડે તે બધી જ વાર્તાઓ હું જ લખી નાખું, એ ઠીક ગણાય.

તમે મારી ખબર જોવા આવ્યા ત્યારે સાચું સેનેટોરિયમ જોઈ ન શકેલા. ડૉ. રસ્તોગીની ઑફિસમાં આપણે માત્ર કવિતાની જ – ભેગી ભેગી તમે બેઉએ વર્તમાન કટોકટીની જ વાતો કર્યા કરેલી.

આપણે અમદાવાદમાં રહીએ છીએ. નગર બહારના પ્રદેશ વિશે આપણે માત્ર વાંચ્યું છે પણ એ વાચનમાં જે ફોટોગ્રાફ્સ આપણે દીઠા છે એથી પણ ઘેરા રંગવાળા ફોટોગ્રાફ્સ ગામડામાં છે. તમે એથી અજાણ નહીં હો કદાચ. પણ તમે દીઠેલાં ગામડાંથી કંઈક વિશેષ ગળાઈ ચળાઈને એની ગરીબી, અજ્ઞાનતા, ધર્મના કેદીની સહનશીલતા અને સારા માણસને સૂગ ચડે એવી એકાધિક બદીઓ આ ચિકિત્સાલયમાં એકત્ર થઈ છે. નિરંજન ભગતે એક દિવસ હેવ-મોરમાં કહેલું કે બધું જોયા કરવું. અને શબ્દોમાં ઝીલવા જેવું ઝીલ્યા કરવું પણ મને એટલુંય કરવાની ગમ નથી પડતી. જોયા કરવાની વાત જ સ્થિતપ્રજ્ઞને શોભે એવી છે કે કાચની આંખવાળા કૅમેરાને શોભે એવી છે. જુઓને, ફ્રી-બેડ પર છ છ માસથી સારવાર લેતો નંબર 15 આવ્યો ત્યારથી આખા વૉર્ડનો સરદાર બની બેઠો છે. એની સરદારી પણ કેવી ! વૉર્ડના અનેક દર્દીઓ પાસેથી તે પાવલી–

આઠ આના રૂપિયો ઉઘરાવી ‘વરલી મટકા’ના છટકામાં સપડાવે છે. હું હજી ડાહ્યો ડાહ્યો રહ્યો છું કેમ કે મેં એમને ‘અવળે’ રસ્તે જવાની સલાહ નથી આપી. મને સલાહ આપવાનો એક કટુ અનુભવ થયો હતો ને મેં માત્ર પ્રેક્ષક બનવાનું જ પસંદ કર્યું છે. પહેલાં રોષ આવતો, હવે મજા આવે છે. નંબર 15 વૃદ્ધ છે, પાટીદાર છે. બચરવાળ છે. વરલી મટકાને પ્રતાપે સુખી છે. (હૉસ્પિટલમાં) એની પાસે ઘણા દર્દીઓ આવે છે. વૉર્ડનો ભંગી પણ બચ્યો નથી. મજાની વાત તો એ છે કે ભંગી ઘરમાં મરચું–મસાલા ખૂટી ગયાની વાત કરીને પાવલી લઈ જાય છે. લોક પણ કેવા દયાળુ છે કે દર અઠવાડિયે કે ચોથે દિવસે ‘મરચું’ ખૂટી ગયેલા પેલા ભંગીને પાવલીનું દાન કરી દે છે. એનાં વસ્ત્ર પર અસંખ્ય થીંગડાં હોય અને પાવલીનું દાન કરનાર રાજા માણસની દાઢી વધી ગઈ હોય, રોજ સવારે ગીતાપાઠ કરે, ભગવાનને નામે ઉઘરાણાં નાખે, પંખીઓને દર મહિને દોઢ મણ જુવાર-બાજરી ખરીદી ચણ નાખે, ડૉક્ટર પાસે હઠ કરીને કમ્પલાન, કૅપલર, પાસ માગે. પોતે એ ટૉનિક્સ-ઔષધ ન લે અને આઉટડોર પેશન્ટને વેચી દે.

રજા મળી હોય તેવા દર્દીને ભગવાનને નામે ભાડું  આપે, એકઠી કરેલી દવા આપે અને જશ કમાય. મારા આગલા પત્રોમાં મેં ઘરની પરિસ્થિતિઓના થોડાક ફોટોગ્રાફ્સ તમને મોકલેલા. શરૂઆતમાં હું ફસાઈ ગયો હતો. મને ખૂબ દયા ઊપજેલી. મેં કરકસર કરીને બચાવેલા 45 રૂપિયા કેટલાક દર્દીઓને આપેલા પાછા આવ્યા નથી, મને એનો રંજ નથી. રંજ છે માત્ર આ જોયાનો, અનુભવ્યાનો. પેલા નારણ વિશે મેં ગઈ કાલે નવું જાણ્યું. એ કપટી નીકળ્યો. પરિસ્થિતિએ એને કપટી કરી નાંખ્યો હતો. મેં એને છ રૂપિયા ભાડાના જતી વખતે આપેલા. મારી પાસે આવ્યો તેમ તે વૉર્ડના અન્ય દર્દીઓને પણ પગે પડેલો. બીજા વૉર્ડમાં પણ રડવા ગયેલો અને હૉસ્પિટલના બીજા જંતુરહિત વિભાગમાં પણ તેણે હાથ લંબાવ્યા હતા. ચાળીસ પચાસની કોથળી પામીને એ જતો રહ્યો. કેટલાયે પાસેથી એણે ઉછીના પણ લીધા છે. મને થાય છે – જે અહીં આવ્યા છે તે જ પોતપોતાના ગામડામાં જશે. એમની સાથે ધૂમ્રપાન, જુગાર, દારૂ, ગાંજો, વરલીમટકું અને છલ – બધી જ બદીઓ પણ એ ગામડામાં જશે. આ સામાજિક રોગનો કોઈ ઇલાજ આપણા લીડરો પાસે, આપણા ભાષણખોરો પાસે, આપણા ધર્મપ્રચારકો પાસે અને શિક્ષકો પાસે નથી. તમે તો સર્જક છો. તમારી–મારી ભાષામાં જે ઔષધ કે વશીકરણ છે એ તો ‘સાજા’ઓ માટે, શિક્ષિતો માટે જ છે. ધરાયેલાને ધરવવાનું શું મહત્વ ? તમને સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો. મોટી વાત ગણાય. પણ આવાં ચિત્રોની પાસે એ ચંદ્રક કેટલો ઝાંખો અને હાસ્યાસ્પદ લાગે! મને સાર્ત્રનું નામ યાદ કરીને માથું નમાવવાનું મન થાય છે

– એ જાણો છો ? લાખ રૂપિયાની આબરૂને એણે માથા પર ન ઓઢી. કેમકે તે જીવતા મનુષ્યના beingને વધારે મહત્વનું ગણે છે. પોતાને કમલવત્ માને છે. એને મન ગમે તે હો–હું આ સમજું છું.

તમારું સર્વ પ્રકારનું કુશળ ઇચ્છતો–તમારો–રાવજીપુત્ર

**(2)**

29–4–68

અમરગઢ

પૂજ્ય કવિ,

સવારે લખ્યું હતું મને પાછું દુઃખ થયું. અભિનંદન આપીને તરત ખેંચી લીધેલું. મને ક્ષમા કરો. 'અશ્રુઘર'ને ઇનામ મળ્યું. એ તો મને-કમને સ્વીકારીને પડ્યો છું ને પાછો તમને ડાહી ડાહી વાત કરી બેઠો. હું જ્યાં લગી નિર્દોષ ન થાઉં ત્યાં લગી મને જરા પણ ટીકા કરવાનો અધિકાર નથી. અત્યારે જમવાનો સમય થયો છે. તમારી સાથે લીધેલું ભોજન યાદ આવે છે. તે દિવસે મેં કેરી નહોતી સ્વીકારી. આજે સમય બદલાઈ ગયો છે. ચિકિત્સકોએ બધો જ આહાર–ફલાહાર પણ લેવાની છૂટ આપી છે. ભાવનગરી એક કેરી મંગાવી છે. તમે કપાવી હતી એવી જ. અમદાવાદ ખૂબ યાદ આવે છે. ઘણા સમયે ખીચડી ખાઈને રાજી રાજી થઈ જાઉં છું. જમ્યો. આજે અતિશય આનંદમાં છું. વજન વધતું હોય એવો સુખાનુભવ કરી રહ્યો છું. સાજો હોત તો ગિલ્લીદંડા રમવા જાત કે ગામડામાં રખડવા જતો રહેત. જમતો હતો એ વખતે જમવાનું ભાવે એવી નર્સ આવી હતી. ભાંગીતૂટી ગુજરાતીમાં મારી સાથે વાતે વળગી. પછી ભાષાથી કંટાળી અને છેવટે અંગ્રેજીમાં પડતું મેલ્યું. મેં એને કહ્યું પ્રેમ તો ગમે તે ભાષામાં થાય, મા–બહેનની સગાઈ ભુલાવી દે એવા મનુષ્ય અહીં ભેગા થયા છે, આવ્યા છે. રોગને વધારે આવવું હોય તોય બીતો બીતો દૂર વૃક્ષની છાંય નીચે ઊભો રહે.

પત્રો વધારે લખું છું એટલે તમને પાછી ચિંતા થતી હશે : હું લખ્યા જ કરતો હઈશ. ના એવું સાવ નથી. હમણાંના આરામની તો વાત જ જુદી છે. વૉર્ડ–કૉરીડોરમાં કે ચોકમાં રખડતો નથી. કેવળ વાતો કરું છું. અને પલંગમાં પડ્યો રહું છું. આજે રાત્રે ચાર વાગે દૂર દૂર ખેતરના કૂવા પરનું મશીન કૂજી ઊઠ્યું ને જાગી પડ્યો. રાત્રે જાગરણ થતું નથી. આજે જ જાગી ગયો. કૂવા પરના એન્જિનનો અવાજ મને ખૂબ વ્હાલો લાગ્યો. મને શુંય થઈ ગયું કે રડી

પડાયું. મારા ખેતરમાં કૂવો નથી. કાકાના ખેતરમાં કૂવો છે ને બે વર્ષ ટહુકીને એનું એન્જિન મરી ગયું. આ વિશે લાંબું લખવું અહીં મને નહીં ફાવે. મેં એક દીર્ઘનવલ આરંભી છે, વૃત્તિ – એમાં આ બધું જ આવશે. બચી ગયો છું – અત્યારે તો રામ જાણે પણ બચી ગયો તો ખેતરમાં કૂવો ખોદાવીશ. કવિઓને ઉજાણીએ નોતરીશ રોબર્ટ ફ્રોસ્ટ-કવિ પણ ખેડૂત હતા. તમે તે જાણો છો. સ્વપ્ન સાચું પાડવાનો છું. પત્ર માત્ર ફેશન પૂરતો નથી લખતો. અત્યારે જ જાણે કૂવો ખોદાઈ રહ્યો છે.

ગીતા વાંચું છું. હું ડાહ્યો થયો છું. એમાં કર્મયોગ છે તે મારો શિક્ષક બન્યો છે. પેલો વૉર્ડબૉય બે દિવસથી દેખાતો નથી. એને ગીતા નડી લાગે છે. મારું કામ અટક્યું નથી. મનોમન વૉર્ડબૉયનો આભાર માનું છું. મેં સાંભળ્યું છે ડૉક્ટર રસ્તોગીએ બધા જ વૉર્ડબૉયને ઠપકાર્યા છે. વરલી મટકાનો ચેપ સેનેટોરિયમના સેકન્ડ ક્લાસ-થર્ડ ક્લાસ કર્મચારીઓને પણ લાગ્યો છે વર્તમાનપત્રો(સૌરાષ્ટ્ર-માંનાં) તમે વાંચતા હશો. વરલી મટકું મોટું થઈને સૌરાષ્ટ્રની ભૂમિ પર વ્યાપી ગયું છે. (ભૂંગી) ગીતા બિચારી એકલી શું કરે ? મેં તમને લખેલું કે દર્દીઓ વરલી મટકાથી પીડાય છે. એક મંદિર બંધાવીને આવેલા શ્રીમંત મહારાજશ્રી અહીં સારવાર લઈ રહ્યા છે. એ જીવને ગાંજો છોડતો નથી. મહાપુરુષ છે. ડૉક્ટર પાસે વાત ગઈ ત્યારે એમણે ગૌરવપૂર્વક દલીલો કરી; સ્વ. બળવંત-રાય મહેતાએ પણ એમનો ગાંજો છોડાવવા ઉપવાસ કરેલા. બેચાર નામધારી મહાપુરુષોને પણ એ પ્રિય વ્યસનનો ત્યાગ કરાવવા ઉપવાસ કર્યા હતા. મહેતા સિવાયના એ મહાપુરુષો જીવે છે. એમાંનો એક તો ગંજેરી પુરુષનો શિષ્ય પણ બની ચૂક્યો છે. આયુર્વેદમાં ગાંજા વિશે એક ચેપ્ટર પણ છે. એ શું સૂચવે છે ? મહાપુરુષની વાણી જ ગોદરેજના તાળા જેવી હોય ત્યાં. પરિણામ તમે કલ્પી લો. મહારાજશ્રીને આજે સેનેટોરિયમમાંથી રજા મળી ગઈ. મહારાજશ્રી સ્વયં ગીતાપાઠ કરતા હતા. ગીતામાં ગાંજો પીવો જોઈએ એવું ક્યાંય લખાયું નથી. નવી આવૃત્તિ થાય તો કદાચ ભૂલ સુધરી જાય. વૃત્તિમાં મેં એક વૃદ્ધને ચલમ ફૂંકતી નિરૂપી છે. તમને તે વખતે મજા આવશે.

હવે ઊંઘવાનો સમય થયો છે. પત્ર આટોપી લઉં છું. તમને પત્ર લખતાં હર્ષ થાય છે. મુંબઈથી જયંત પારેખ આવ્યા હતા. મણિલાલનો કાવ્યસંગ્રહ સોનગ-ઢમાં છપાય છે, એટલે. મેં તમારા કાવ્ય વિશે (મણિ પર લખેલું તે) ઉલ્લેખ કર્યો. એણે મારું કાવ્ય પણ ઇચ્છયું. આપ્યું. અત્યારે એક અશુભ વિચાર આવી ગયો, મને લગતો. ઑપરેશન વખતે તમને જરૂર બોલાવીશ. નહીં બોલાવું તો વાત જુદી થશે. ને જો મરી જાઉં તો આ પત્રને

છોડું છોકરમત. તમારો સ્વભાવ હું સમજું છું ને ! આજકાલના યુવાન કવિઓ જેમ ફાવ્યું તેમ શા માટે બબડી નાખતા હશે એ જ મને સમજાતું નથી, એવું એવું તો તમે મને ઘણી વાર કહ્યું છે. મને માફ કરો.

હું ખૂબ ખૂબ જીવવા ઇચ્છું છું.

તમારો રાવજી

## 3. રે મઠના કવિમિત્રોને બે પત્રો

દિનેશ, ઇંદુ, આદિલ, સુભાષ, લાભશંકર, ચિનુ, મુકુન્દ
સારા કવિજનો ખાટીમીઠી કેરીઓ
ઝૂમેલો આંબો મૂંગી કોયલનાં પીંછાં
બનાવટી નાટ્યકારો
સાચાં મોતી માંદી પેઢીના ચિકિત્સકો
અમે રે અધવચ રણના વીરડા-રાવજી
થોડા ખારા રે થઈએ ખાટા રે થઈએ
પગલું પડે એમ વહેતા રે થઈએ
અમેરે અધવચ રણના વીરડા
તમે શેરડી પીલનારા
એરંડ તેલ મેં પીધું–કબજિયાતમાં રાહત થઈ.
હું મરી જાઉં તો અટકી પડવાની મારી
શક્તિઓના તમે અધિકારીઓ
મારો આશય જયમાલા સાંભળ્યા કરવાનો છે.
કૃતિ, તું મને મળ્યું નહીં.
ચિનુ, તું નિર્ભય થતો જ રહ્યો -
આવતાં દશ વર્ષમાં બાવળ બાવળની
ઝાડીને બદલે ચંપોમોગરો ઊગશે.
મનહર, વાર્તા વિશેષાંક (કૃતિ)માં
સંપાદકોએ તેને સ્થાન આપીને
મારા ભાઈલા મશખરી કરી છે. હીહો.
તું તો કવિ છે. પ્રયોગો કરવાની આવડત ચિ. ને જ છે.

ઇન્ડિયન એક્સપ્રેસનાં એક એને વિશે થોડુંક વાંચી
આત્મા પ્રસન્ન થશે.
કૂણી કૂણી કેરીઓ જોઈને
ખેડૂતના છોકરાને શું થતું હશે એ તમને જાણ.
ફેફસું એવું ચારણા જેવું થાય તો
ગાવા લાગેલા લેલાં બહેરાના કાન
જેવાં માત્ર પાંદડાં જેનાં હાલે મને સ્થિતિ ખોદે છે.
હું થોડોક બદલાયો હોઉં એવું મને લાગે છે.
લાભશંકર દોસ્ત, લાભશંકર દોસ્ત,
તમને શું લખું ? પ્રેમની વાત કરતાંય અંતરાય આવે છે.
તમારી છાતીની પડછે એક
એક Little man વાસ કરે છે તેવું
શરીર ચંપાની સુવાસ જેવું અમૃત છે.
સંભવ છે તમે એ ચંપો સ્વયં રોપ્યો હોય કે ઊગેલો જ હોય
હું સજ્જન બનતો જાઉં છું એવું
મને બે દિવસ પર લાગેલું ત્યારે
ખૂબ હસવું આવ્યું વૉર્ડના ચિકિત્સક પૂછે
કવિરાજ કેમ આજે મૂડમાં છે. મેં ઉત્તર ને બદલે સ્મિત કરેલું
મને કબજિયાત છે. ચિકિત્સકે Lia. Parafin લખ્યું.
ઘણા દિવસે અત્યારે એક સુંદર ગીત સાંભળું છું
રસોઇયાએ પ્રેમ કર્યો ને મને ખવડાવ્યું.
સરગવાનું શાક, રોટલો
નં. 18 મારા નામનો છે એ
છેલ્લા દસ
દિવસથી એકદમ ચોખ્ખું ઘી પીરસે છે. આભાર.
મુકુન્દ આભાર.
મુંબઈથી અમદાવાદ સુધી દુઃખ ઉપર પાટા બાંધ્યા.
મેં વાર્તા લખી છે પણ હવે છપાવવા

ઉતાવળ ન કરું. એને જોઈ જવાની જરૂર જોઉં છું.
રાવજી એકરાર કરે છે
મારા પર છાંયો થવો એના ડાળને
છંછેડવાનો રાવજી એકરાર કરે છે.
(આ તમારા સંદર્ભમાં નથી)
લખવાનું અને વર્તવાનું જુદું જુદું
થયાનો રાવજી એકરાર કરે છે.
હું મારી પત્ની સમક્ષ ક્ષમા
માગી નથી શકતો એટલો નીચ છું.
(અપૂર્ણ)

## રે મઠના મિત્રોને પત્ર

પ્રિય મિત્ર

આ બે તો હોંશમાં ને હોંશમાં મોકલું છું–એ પ્રકટ ન કરી શકાય–ને ગમેતો તમે સંપાદક છો. બીજાં ત્રણ ગીતો થયાં છે, એ ત્રણેય સુંદર છે. એમાંનું એક કૃતિને પછી અવશ્યમેવ. અને બે કમાણી કરવા માટે જયહિંદ. આનંદના સમાચાર તો એ છે કે ગઈકાલથી ચિકિત્સકે કહી દીધું બધું જ ખાવ. Suger આવશે તો અમે છીએ. પણ બધું જ ખાવ, કારણ કે ઉત્થીઆ દ્વારા પાછું આલ્બ્યૂમીન યુરિયા જવા માંડ્યું કારણ મેં માત્ર ખૂબ ઓછું ખાયા કરેલું- કારણ મને વિબંધ રહ્યો ને પરિણામે ખાઈ ન શકું. 1 માસે બારેક દિવસ પેટમાં વિબંધ. અંતે આયુર્વેદીય ઉપચારે ત્રણ જ દિવસમાં મુક્ત કર્યો. પાણીનાં ઠંડાં પોતાં રાતભર પેટ પર મૂકી રાખતો. પરિણામે ખોરાકને બાળીને ભસ્મ કરી નાંખતા તપ્ત અગ્નિઓ ટાઢા પડ્યા. સિયાવર-કહોને કહોને દુઃખ કેવાં પડ્યાં? અમે પડતલ – છીપનાં. નમસ્કારપૂર્વક પરમ પૂજ્ય વડીલોના ગરમગરમ ચરણોના આશીર્વાદ પામીને મહાન પુત્ર રાવજીનો બંધકોશ હાંકી કાઢનાર વરુણ દેવની ટચલી આંગળીને અરજ કે કૃતિ સંબંધવાળી તો માળી મળી જ નંઈ એમ કેમ ? મેં પાછી આજે અછંદ કવિતા–આ મોકલ્યું છે એ તો લીંબું પણ એથીય વટદાર છે તે માટે ‘વિચાર’ કરાય. આપ સરવ ભાઈઓને માલમ થાય કે ગઈકાલે મેં meet extra oreli dadu ખાધું. મને વઘારેલી ખીચડી ચાર વર્ષે ખાવા મળી એ હે ખાઉધરાઓ, કંઈ જેવું તેવું પુણ્ય ના કહેવાય. બાદ લખવાનું કે ગયે

મહિને જીવન સમેટી લેવાના દિવસો નજીક આવતા ભાસેલા ને વિષાદ ઉદ્વેગના પરિણામે 141 પાનાંની અદભુત સુંદર આત્મકથા લખ્યા જ કરી-લખી. અને પછી જીવવાના ઊલટભર્યા દિવસો ફૂટ્યા અને 141 પાનાંનો ભૂકો કરી નાંખ્યો. બહુ ભૂલ કરી. લખવાની અને લખ્યા પછી ફાડી નાંખવાની. પણ તમે નહીં માનો – મને સંતોષ એવો થયો કે હવે હું દુ:ખને હરાવવાનો. મારી પાસે આજે ગીત આવે છે.

રાવજી

ભાઈ રમણને બે પત્રો

**(1)**

**26–7–’67**

પ્રિય ભાઈ,

તારો પત્ર મળ્યો. હજી કંઈ સ્થિર થયો નથી. હાથ સાજો થઈ ગયો છે. કૉલેજમાં એક દિવસ ગયો પછી ઇચ્છા અટકી ગઈ. તબિયત સારી છે. ‘ઝંઝા’ના પાંચ ફર્મા છપાઈ ગયા છે. એનું ચિત્ર બની ગયું–મોકલ્યું. બે દિવસમાં બીજા ફર્મા છપાઈ આવશે. આશરે 300 પાનાં થશે. ‘અશ્રુઘર’ વિશે સંદેશમાં આવ્યું હતું. હવે સંબંધો કેળવી રહ્યો છું.

ત્રીજી નવલકથા આરંભી છે. ઠીક ઠીક લખાયું છે. એ કદાચ બૃહત્ થશે. એનું નામ છે : ‘વૃત્તિ.’

‘વિશ્વમાનવ’, ‘કૃતિ’, ‘બુદ્ધિપ્રકાશ’માં કવિતાઓ પ્રકટ થશે. ‘સંદેશ’માં એક વાર્તા : ‘ગામ છોડ્યાનું પાપ’ પ્રકટ થશે.

તારા વિદ્યાર્થીઓને બધું જ આપ....રાવજીભાઈ વિ.ને મારી યાદ.

રાવજી પટેલ

**(2)**

**2–11–67**

રાવજી

પ્રિય ભાઈ,

હરિહર પુસ્તકાલય તરફથી મારી બીજી નવલકથાની રૉયલ્ટી રૂપે 900/– Rs.નો ચેક આવી ગયો છે. રઘુવીરે બૅંકમાં જમા કરાવી દીધો છે. મારી સારવાર માટે એટલા તો પૂરતા થઈ પડશે. બા-બાપુજીને ચિંતા ન થાય એટલે આ વિગત

જણાવું છું. ભગતભાઈ મુંબઈ ગયા છે. મારી બીજી નવલકથા

કાપુરુષ

લગભગ પૂરી થવા આવી ગઈ. ખૂબ આરામ કરું છું. લખવાને અંગે ઉતાવળ નથી કરતો. એ ધ્યાનમાં રાખીને જ લખું છું. રોજ – કે દસ પેઇજ. પછી ચાર દિવસ લગી બિલકુલ લખતો નથી. સૌને મારાં સ્મરણ. રાવજીભાઈ અને શંકરભાઈને પણ. કાન્તિ-પુરુષોત્તમને પણ પ્રેમ.

રાવજી પટેલ

*

ઉસ્માન પઠાણને બે પત્રો

**(1)**

આણંદ

ચૌદશ

ભાઈશ્રી,

હું આજ-કાલ જાઉં છું. અમદાવાદથી સમાચાર જણાવીશ. ‘કુમાર’માં હું છું. ગઝલ વાંચી ગયો. માત્ર બે શેર કવિતાના છે. 2જો 3જો. એમાં જ રચ્યા રહો. ચાક બરાબર ફરવા દ્યો. સુંદર ઘાટ (ભનમાં) ન ઘડાય ત્યાં સુધી ઉતારો નહિ.

કાચું બચકાઈ જા. તમારાં બાળકોને મારો સ્નેહ. તમે સુંદર ગઝલ લખશો ત્યારે તમને રાવજી જરૂર પ્રાપ્ત થશે.

*

**(2)**

રાવજી પટેલ

કે. કે. મહેતા ક્ષય ચિકિત્સાલય,

અમરગઢ

મિત્ર ઉસ્માન,

તમારો P.C. કાલે મળ્યો. આનંદ થયો. તમારા એકાધિક પત્ર મારા પર આવતા રહ્યા છે. હું લાગણીથી વાંચું છું એ શું મારો ઉત્તર નથી ? તમે ઉદાસ ન થશો. હું પ્રમાદી છું : લખીશ. વ્યાધિએ થોડો વધારે પ્રમાદી બનાવ્યો હતો. અત્યારે પહેલાં કરતાં ખૂબ સારી તબિયત છે.

આ સેનેટોરિયમ આણંદ કરતાં વિશાળ છે. અહીં 18 વૉર્ડ છે. મારી

સારવાર સરસ ચાલે છે. આ વખતે રોગમુક્ત થઈ જ જવાનો.

તમે ગઝલ મોકલી છે, તે સુંદર છે. એની કેટલીક મર્યાદાઓ પ્રત્યે તમારું ધ્યાન દોરું છું.

પહેલા શેરમાં ‘હસીન’ શબ્દ પરગામી છે. તેવા અસંખ્ય શબ્દો તમારી કૃતિઓમાં આવે છે. ને નખશીખતામાં દોષરૂપ છે. ‘દિલની ચાદર’ રૂપાંતર આસ્વાદ્ય નથી લાગતું. રદીફ કાફીઆ માટે એવી અનાસ્વાદ્ય સંજ્ઞાઓ બને ત્યાં સુધી ન મૂકવી.

બીજી પંક્તિ દાદ માંગે છે. સુંદર. બીજો શેર પણ સુંદર.

ત્રીજો શેર ગઝલમાંથી દૂર થાય તો મને વાંધો ન આવે.

4થો શેર મુશ્કાન

5મો શેર ખૂબ મજાનો, સ્મૃતિને દશ્ય કરીને પાછા સ્પર્શક્ષેત્ર બનાવી શક્યા છો. સધ્ધર શબ્દ શેરની સધ્ધરતામાં ઉમેરો કરે છે.

6ક્ષે શેર પણ ગઝલમાંથી દૂર થાય તો મને વાંધો નથી... છેલ્લા શેરમાં ‘સબર’ શબ્દ વિદેશી હોવા છતાં કર્ણપ્રિયતા આપી રહે છે, એ ભળી જાય છે. તમારી અને ગઝલો કવિલોક આદિ મૅગેઝિનોમાં કવચિત્ વાંચવાનો લાભ મળે છે. તમે પ્રકાશમાં આવતા જાઓ છો તેથી હું રોમહર્ષ અનુભવું છું. નવલકથાઓ પછીય હું રાવજી પટેલ જ છું. મિત્ર છું કેમ કે ચાહવા માટે તો હું કવિતાઓ છોડી શકતો નથી.

વચ્ચે ‘શ્રીરંગ’માં સંપાદક હતો થોડોક, ત્યારે પણ તમને નહોતો ભૂલી શક્યો. તમે અવારનવાર ત્યાં કૃતિઓ મોકલતા તે વાંચતો, મને પસંદ પડી તે બે ત્રણ છાપી પણ હતી. પછી તો ચિનુને સોંપીને મારે છોડવું પડ્યુંજીંથરી આવી ગયા.

પાનખરનું મુક્તક આખું નથી થતું. પ્રારંભની માત્ર બે જ પંક્તિઓને મુક્તક તરીકે રાખો. એ પૂરતી છે અને પૂર્ણ છે... તમે સ્વસ્થ હશો. સાજો થઈને અમદાવાદ આવીશ ત્યારે ફરી પત્ર લખીશ. લખતા રહેશો. મજામાં હશો.

રાવજી પટેલ

ભીડ

એકાંતમાં પણ ભીડ જામી કેટલી !
આ
કોક મીઠી છોકરી જેવી હવા
મુજને ઘસાતી જાય.
કાંઠા બેઉ છલકાતાં.
વધી અંધારની હેલી.
ડગલું ભરાતું માંડ
ત્યાં,
રોમ પણ ઊંચું જરી ના થાય એવો તો
હવાનો પાશ !
આ પુલની પેલી તરફના લોકમાં
થોડું ફરી આવું.
ડગલું ભરાતું માંડ
રે
એક જણની ભીડનો આવો મને ન્હોતો જરીયે ખ્યાલ !

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન